# એશિયાનું કલંક

:: કોરીઆની કથા ::

સંપાદક

ઝવેરચંદ મેઘાણી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ત્રીજી આવૃત્તિ : નિવેદન

કોરીઆના સ્વાતંત્ર્ય–સંગ્રામનો ઇ. સ. ૧૯૨૦–૨૧ સુધીનો અહેવાલ આ પુસ્તકની પૂર્વ આવૃત્તિમાં અપાઇ ગયો હતો. આજે અન્ય પ્રજાઓના મુક્તિસંગ્રામોમાં–સામ્રાજ્યવાદ સામેના તરફડાટોમાં આપણો રસ વધ્યો છે, એને પરિણામે 'એશીઆનું કલંક' ત્રીજી આવૃત્તિમાં દાખલ થઇ શકે છે. પરંતુ છેલ્લાં સાત વર્ષની અંદર કોરી-આની જુમ્બેશ કેવી ગતિને પામી છે તે જાણવાનું કોઇ પણ નવું સાધન હાથ લાગ્યું નથી. ખુણેખાંચરે કરાવેલી તપાસ કશું નવું અજવાળું પાડી શકી નથી. ફક્ત 'મોડર્ન રીવ્યુ' માસિકના ઓગસ્ટ–અંકમાં બે વસ્તુઓ નજરે ચડે છે: (૧) A Victim of Imperialism–Korea નામનો લેખ : એ પણ જૂના પુસ્તકોનો જ આધાર લઇ ૧૯૨૦ સુધીની કોરીઆની પરાધીનતાના સંતાપો વર્ણવે છે. (૨) અધિપતિની નોંધની કટારોમાં Tagore on Problems of Imperialistic Japan' એ મથાળા તળે કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે ટોકયોમાં ઇન્ડોજપાનીઝ એસોસીએશનની સમક્ષ કરેલા તાજેતરના વ્યાખ્યાનમાંથી ઉતારા આપ્યા છે. તેમાં કવિવરે જાપા-નની કોરીઆ પ્રતિની પચાઉગીર અને હીન સામ્રાજ્ય–નીતિ પર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ફટકા લગાવ્યા છે. સાથેસાથ કોરીઆ–જાપાનના જોડાણની એક સાચી સ્થિતિ પણ ભાખી દીધી છેઃ

"એકથી વધુ વાર મારે કોરીઆવાસીઓને મળવાના પ્રસંગો બન્યા છે. તેઓ મારી પાસે પોતાની ગુંચવણો લઈને આવ્યા હતા. મેં તેઓને મારા વિચારો સમજાવીને કહ્યું હતું કે વર્તમાન યુગની પલટાએલી પરિસ્થિતિ વચ્ચે, કોઇ પણ નાનકડો દેશ કેવળ એકલી પોતાની જ જૂજ સાધન–સંપત્તિ વડે, અપૂર્ણ તાલીમ વડે, કે અધૂરી કેળવણી વડે પોતાના ભૌગોલિક સીમાડાની અંદર સુરક્ષિત નહિ રહી શકે. આવી અસહાય દશાએ તો ઉલટું દુનિયામાં નાના દેશોને પ્રચંડ રાજપ્રકરણી વાવાઝોડાંનાં ભયસ્થાનો બનાવી મૂક્યાં છે. ઉપરાંત, કોઈ પણ મહાન પ્રજા, આત્મરક્ષણને કારણે પોતાની પાડોશમાંનાં આવાં ભયસ્થાનોને પોતાના નિયમનની બહાર રહેવા દઈ શકે જ નહિ. કેમકે તો પછી એ નાનો પાડોશી દેશ દુશ્મનના લાભની જ ગડક–બારી બની જાય. વળી નબળી પ્રજાને માટે પણ એકલા પડી જવું સહીસલામત નથી. માટે કોરીઆવાસીઓની સમક્ષ તો મોટો પ્રશ્ન એક જ છે–એવું એક નૈતિક બળ કેળવો કે જેને પરિણામે બન્ને પક્ષને ગૌરવદાયક બને તેવો સંબંધ તમે જાપાન પાસે પળાવી શકો."

ઉપલી બન્ને બાબતો સ્પષ્ટ કરે છે કે કોરીઆ–જાપાન વચ્ચે પડેલા ચીરા હજુ રુઝાયા નથી; જાપાને પોતાની પશુતા અને કોરીઆએ પોતાનો રોષ હજુ ત્યજ્યાં નથી.

આથી કશું વિશેષ નવું ઉમેરણ કરવાનું પ્રાપ્ત થયું નથી, તે છતાં જેટલી છે તેટલી કથાની અંદર ઘણી ઘણી નવી ઘટનાઓ મૂળ આધારના પુસ્તકોમાંથી પુનર્દોહન કરીને નવેસર ઉતારવામાં આવી છે, તેમજ ઘણાં પ્રકરણો સવિશેષ વિશુદ્ધ ને વ્યવસ્થિત રીતે લગભગ નવેસર લખાયાં છે.

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર<br>રાણપુર<br>૧૮ : ૮ : '૨૯ } લેખક

મુદ્રક અને પ્રકાશકઃ અમૃતલાલ દલપતભાઈ શેઠ
મુદ્રણસ્થાન : સૌરાષ્ટ્ર મુદ્રણાલય, રાણપુર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બીજી આવૃત્તિ : નિવેદન

પ્રથમ આવૃત્તિ લોકોએ રસભેર વાંચ્યાનું જાણીને અમને આનંદ થયો છે. અલબત, રસભેર વંચાતું તમામ સાહિત્ય સારૂં જ હોય એવો કાંઇ નિયમ નથી. આશા રાખીએ છીએ કે આ પુસ્તક લોકોનાં હૃદયમાં સ્વાતંત્ર્યપ્રેમની નિર્મળ લાગણીની સાથે મનન કરવાની વૃત્તિ જગાવે. લખેલી હકીકતોમાં મન-કલ્પિત કથા એકેય નથી એટલી ખાત્રી આપી શકાય.

લોકોએ આ પુસ્તકને દીધેલા સત્કારથી અહેશાનમંદ બનીને નવી આવૃત્તિમાં પ્રથમના કરતાં લગભગ દોઢગણું વાચન એની એ કીમતે અમે આપેલું છે. આશા છે કે એ વાત અણદીઠી નહિ થાય.

નવી આવૃત્તિમાં કરેલા સુધારાવધારા માટે એક ચોથા પુસ્તકનો અહેશાન માનવો ઘટે.

Korea's Fight for Freedom એ નામનું પુસ્તક F. A. Mckenzie નામના એક અંગ્રેજ સજ્જને લખેલુ છે. કોરીઆની અંદર લાંબો વખત વસીને જે નજરે જોયું તેજ એણે લખ્યું છે. કોરીઆનાં અનેક ગામડાંઓની અંદર, સનસનાટ કરતી ગોળીઓની સામે ચાલીને, જાપાની સરકારની ઇતરાજી વ્હોરીને, પારાવાર સંકટો સહન કરતો એ ભટકયો હતો. એણે પોતાની કથામાં કયાંયે રંગ નથી પૂર્યા; કાને સાંભળેલું નથી લખી માર્યું. પાકી ખાત્રી માટે વિકટ સ્વાનુભવ મેળવેલો છે. જાપાની સરકારનો એ મિત્ર હતો. સાચી વાતો બહાર પાડ્યા પછી એ શત્રુ મનાયો. જાપાની વર્તમાનપત્રો એના પર તૂટી પડ્યાં. પણ એની એકેય હકીકત દલીલથી તોડવાની કોઇની તાકાત નહોતી.

પારકાને દુઃખે દુઃખ પામનારા એવા સાચા ખ્રીસ્તીઓને ધન્ય હજો.

તા. ૧૮ : ૩ : '૨૩ લેખક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રથમાવૃત્તિ : પ્રકાશકનું નિવેદન

"વીસ વીસ હજારને જેલ મોકલ્યા; કરોડની પૂર્તિ કરી; બબ્બે વર્ષથી જાડાં ખડબચડાં ખાદીનાં કપડાંથી ચલાવીએ છીએ; એ બધું છતાં સ્વરાજ્ય ક્યાં છે? આમ ક્યાં સુધી તપાવવા-સતાવવા ધાર્યા છે?" સ્વાધીનતા-સ્વતંત્રતાની ધગશ વિનાના, માત્ર પ્રવાહને વશ થઇ થોડાક પૈસા ફેંકી દેનારા કે ખાદી ધરનારા, આવેશના સમયમાં થોડું ઘણું સહન કર્યા પછી તુરત થાકી જનારા, આ બે વર્ષમાં હિંદુસ્થાને ઘણું કરી નાખ્યું છે-છતાં કાંઇ નથી મળ્યું એમ માની હતાશ થઇ જનારા, વર્ષો અને રૂપિયાના સરવાળાબાદબાકી કરી તે ઉપરથી 'સ્વરાજ્ય'ના દાખલા મેળવવા બેસનારા અમારા ગુજરાતી બંધુઓને ચરણે આજે અમે અમારી પુસ્તકમાળાનું આ દ્વિતીય પુસ્તક "ફોરીઆની કથા" ધરીએ છીએ. જેને આંખ હોય તે વાંચે, જેને બુદ્ધિ હોય તે સમજે, જેને દિલ હોય તે ઉતારે એના શિક્ષા-પાઠ. સ્વાધીનતા દેવીનું ખપ્પર કેટલું અગાધ છે; કેટકેટલા ભોગો એક દેશને પોતાની સ્વતંત્રતા સાચવવા, પોતાનું સ્વમાન ટકાવવા, પોતાની ગુલામી ફેડવા આપવા પડે છે; તેનું એક સુંદર દૃષ્ટાંત ફોરીઆ પૂરું પાડશે. વિલાસનું ઝેર અને દેખાતી સગવડોની માયા આજે જે હિંદી જનતાને વિવશ બનાવી રહેલ છે તે જનતા જુએ. માત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વમાનની ખાતર કેટલા કોરીઅનોએ પોતાના બંગલા, વાડી, વજીફા અને વૈભવનાં સાધનો છોડી, મંચુરીઆની જીવલેણ ઠંડીની બરદાસ કરી, પોતાનાં ગુલાબની કળી સમાં પુત્રપુત્રીઓને સોનારૂપાના હિંડોળામાંથી ઉંચકી, માત્ર સ્નેહભરી છાતીના એક આશ્રય નીચે કેટલી હોંશપૂર્વક મંચુરીઆ તરફ સાથે લીધાં! કોરીઆની કથા તે મદોન્મત્ત સત્તાધીશોના જુલમની અને સ્વાભિમાની પ્રજાના ઉન્નત ગૌરવની કથા છે; જાલિમોના અત્યાચારની અને નિર્દોષોની અહિંસા-વૃત્તિની કથા છે. હિંદુસ્થાનના ઢીલાપોચા, ડગલે ડગલે ઢચુપચુ થતા અમારા દેશબંધુઓને મન આ કથા એ ગીતા બનો; પ્રતિ પ્રભાતનું સંભારણું બનો; તેમના જીવનનો, તેમના આત્મભોગોનો આદર્શ બનો!

સુધારાના ઝેરથી કોરીઅનો ન મોહાયાં, હંગેરીઅનો પણ નહોતા મોહાયા, આયર્લેંડે પણ એનો ત્યાગ જ કરેલો. આયર્લેંડે પોતાની સ્વતંત્ર સરકાર નિરાળી સ્થાપેલી. કોરીઆએ પણ સ્થાપી દીધી છે. હંગેરીએ વીએના તરફ પીઠ જ ફેરવેલી. આપણા ભારતવર્ષે પોતાનો માર્ગ નક્કી કરવા અર્થે આ બધી વાતો વિચારવાની રહી.

ભારતની સ્વાધીનતા અર્થે ચાલતા સાંપ્રત અહિંસાત્મક યુદ્ધમાં સહાયરૂપ થવા દેશદેશોની સ્વતંત્રતાના ઇતિહાસો ભારતી પ્રજા સમક્ષ રજુ કરવાના અમારા મનોરથનું આ પ્રથમ પુષ્પ છે. આવતી નહિ અને ત્યાર પછીની અઢારમીએ આયર્લેંડની કથા ધરવા ઇચ્છા રાખીએ છીએ. અમને આશા છે કે અમારા આ પ્રયત્નને ગુજરાતી પ્રજા પસંદ કરશે.

કોરીઆને લગતું સાહિત્ય વાંચી જઇ તેમાંથી આ કથા તારવી કાઢવાનું માન સૌરાષ્ટ્રના તંત્રીમંડળમાંના એક મારા પ્રિય ભાઇશ્રી ઝવેરચંદ મેઘાણીને છે.

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર
રાણપુર
તા. ૧૮ : ૧ : ૧૯૨૩.

અમૃતલાલ દલપતભાઇ શેઠ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## લેખકનું નિવેદન

એશિયાનાં સંતાનો યુરોપની પાસે પોતાના ભૂતકાળનાં ભારી ગુણગાન કરતાં આવ્યાં છે. એશિયાએ જગત આખાને પેગમ્બરો દીધા, ફિલ્સુફી સમર્પી, વિશ્વપ્રેમી સંસ્કૃતિની ભેટ ધરી, એ બધો ગવ મિથ્યા તો નહોતો. પશુબળના પગ તળે ચગદાતાં પડ્યાં પડ્યાં પણ આપણે આત્માનાં અબોલ શૌર્ય અનુભવતાં.

એ ગર્વ ઉપર આજ જાપાને ઉંડો ઘા કર્યો છે. એશિયા આજે કલંકિત બન્યું છે. શું મ્હોં લઇને આપણે યુરોપવાસીઓને ઠપકો દઇએ?

જાપાનની તારીફ કરવામાં આપણે જરાયે સંયમ નથી દાખવ્યો. કવિવર ટાગોર સરખા પણ પ્રથમ તો જાપાન પર મુગ્ધ બનેલા. ઠેરઠેર, હરેક વાતમાં, જાપાનને આદર્શ ગણીને આપણે એની પાછળ પાગલ બનેલા.

આજ પડદો ચીરાયો છે. જાપાને પ્રભુની સૃષ્ટિ ઉપર નરકની જ્વાળાઓ છોડી દીધી છે. એના સરખી સ્વદેશભાવના આપણને હરામ હોવી જોઇએ. જાપાનની રાક્ષસી પ્રગતિ આપણે માટે લાલ બત્તી બનવી ઘટે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પુસ્તકની હકીકતો પૂરી પાડનારાં ત્રણ પુસ્તકો છે. (૧) Non-Cooperation in other lands, by A. Fenner Brockway (૨) Story of Korea, by Joseph H. Longford (૩) Case of Corea, by Henry Chung.

છેલ્લાં પુસ્તકનો હું સહુથી વધુ આભારી છું. ગ્રંથકાર પોતે એક કોરીઆવાસી છે, છતાં એની વાતો ઉપર અવિશ્વાસ ન જ આવી શકે. કારણ, પોતાની વાતોના સમર્થન અર્થે આખું પુસ્તક, નિષ્પક્ષપાતી પરદેશીઓના અને ખુદ જાપાની સરકારનાં લખાણોના ઉતારાથી જ એણે ભર્યું છે. એ બધા પુરાવા સજ્જડ છે. અતિશયોક્તિ અથવા કડવાશના દોષ કર્યા વિના જ વિદ્વાન લેખકે મધુર અને સરલ ભાષામાં લખેલું એ પુસ્તક વાંચી જવાની મ્હારી ભલામણ છે. વાચન વ્યર્થ નહિ જાય.

ચિત્રોને માટે પણ એ જ ગ્રંથકારનો અત્રે આભાર માની લઉં છું. કોરીઆનાં કેટલાંએક વીરવીરાંગનાઓનાં દર્શન ગુજરાતને કરાવ્યા વિના તો પુસ્તકની સફળતા શી રીતે પૂરી થાય?

તા. ૧૮ : ૧ :' ૨૩ લેખક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સાંકળિયું


| સંખ્યા | પ્રકરણ | પાનું |
|---|---|---|
| ૧ | અમર રહો માતા કોરીઆ | ૧ |
| ૨ | પ્રભાતનું શાંતિસ્થાન | ૪ |
| ૩ | ઘરના ઘા | ૯ |
| ૪ | દ્વાર ખોલ્યાં | ૧૧ |
| ૫ | જાપાનનો પગપેસારો | ૧૫ |
| ૬ | તૈયારીની તક | ૨૩ |
| ૭ | મહાપ્રજાનો કોલ | ૨૯ |
| ૮ | રક્ષિત રાજ્ય | ૩૭ |
| ૯ | ધર્મસેનાનું બહારવટું | ૪૦ |
| ૧૦ | કોરીઆ હજમ | ૫૦ |
| ૧૧ | સંહારનાં શસ્ત્રો | ૫૪ |
| ૧૨ | સ્વાધીનતાની જાહેરાત | ૬૩ |
| ૧૩ | અબળાઓ પર અત્યાચાર | ૭૩ |
| ૧૪ | પ્રજાનો પ્રત્યુત્તર | ૮૫ |
| ૧૫ | પ્રજાસત્તાકની સ્થાપના | ૯૦ |
| ૧૬ | અમેરિકાની દિલસોજી | ૯૪ |
| ૧૭ | સુધારાની માયા : નવી તૈયારી | ૧૦૨ |


* પુસ્તકમાં ૫ અને ૮ પ્રકરણ ભૂલથી ખેવડાયેલ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# એશિયાનું કલંક

[કોરીઆનું સ્વાતંત્ર્ય-યુદ્ધ]


: પૂઠા પરનું ચિત્ર :

એનો ભાવ આવો છે : જાપાની સામ્રાજ્યવાદ રૂપી દાનવ કોરિયા રૂપી નિર્દોષ સુંદરીને પોતાની અંદર શમાવી શોષી જવા તલ્પે છે. પોતાની ધર્માનુયાયી જાપાની પ્રજાનો આ અત્યાચાર નિહાળી ગુરુદેવ ગૌતમ બુદ્ધ શરમથી મ્હોં ફેરવી જાય છે. [ચિત્રકાર : કનુ દેસાઇ]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧૬ અમર રહો માતા કોરીઆ!

કોરીઆની તવારીખમાં સૌથી વધુ પવિત્ર એવો ઇ. સ. ૧૯૧૯ના માર્ચ મહિનાનો ત્રીજો દિવસ હતો. કોરીઆની રાજધાની શીઉલ શહેરની એક નિશાળમાં તે દિવસ મેળાવડો મળ્યો હતો. જાપાની બડેખાંઓએ બાળકોને રાજભક્તિનાં ભાષણો દીધાં. બાલકોએ હડતાલ ખોલી નાખી તે બદલ સર્ટીફીકેટો વ્હેંચ્યાં. બધાં બાળકો આતુર હૃદયે સભા ખતમ થવાની રાહ જોતાં હતાં. એ શેની વાટ જોતાં હતાં? મીઠાઇની?

છેવટે એક તેર વરસનો કિશોર બાલક મોખરે આવ્યો ને એણે બહુ જ વિનયભર્યું એક ભાષણ કર્યું. જાપાની અમલદારો ખુશખુશ થઇ જાય એવું રાજભક્તિથી તરબોળ એ ભાષણ હતું. પછી ભાષણનો અંત આવતો હતો ત્યારે બોલનાર બાલકે શરીર ટટ્ટાર કર્યું, એની છાતી ધસીને બહાર આવી ને એની આંખોમાં કોઇ ઉંડા નિશ્ચયની કાંતિ ઝળકી ઉઠી. એનો અવાજ બદલી ગયો.

એ નિશ્ચય શાનો હતો? મોતને ભેટવાનો. બાલક એવા શબ્દો ઉચ્ચારવા જતો હતો કે જે શબ્દોએ હજારોનાં માથાં લીધાં હતાં. બાલકને આ વાતની ખબર હતી.

ને એણે એ શબ્દો ઉચ્ચાર્યા: "હવે થોડુંક જ બોલવા દેજો. તમારી પાસે અમે એક જ વસ્તુ માગી લઇએ."

આટલું કહેતાં જ એનો હાથ એની છાતી ઉપર પડ્યો. એ સાથે તો ત્યાં બેઠેલા સેંકડો બાળકોના હાથ પોતપોતાની છાતીમાં પેઠા. જાપા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નીઓ ઝબકયા. બાલકોએ પોતાના ડગલાની અંદર, છાતી ઉપર શું સંતાડયું હશે? પિસ્તોલો, બોમ્બો કે ન્હાની ન્હાની છુરીઓ?

બોલનાર બાલકનો હાથ છાતીમાંથી બહાર આવ્યો; એ હાથમાં માતૃભુમિનો એક નાજુક વાવટો હતો. એણે એ વાવટો ફરકાવીને હાકલ કરી:

"અમારી મા અમને પાછી સોંપો! અમર રહો માતા કોરીઆ!"

ચારસો હાથ આકાશ તરફ ઉંચા થયા; ચારસો ન્હાના વાવટા હવામાં ઉડવા લાગ્યા. ચારસો કંઠની અંદરથી ધ્વનિ ગાજ્યો: "અમર રહો મા! અમર રહો મા! અમર રહો માતા કોરીઆ! * "

ટપોટપ એ કુમારોના ગજવામાંથી સરકારી નિશાળોનાં સર્ટીફીકેટો ટુકડે ટુકડા થઇને જમીન ઉપર પડ્યાં. અને મીઠાઇ વહેંચવા આવેલા મહેમાનોને દિગ્મૂઢ હાલતમાં મૂકીને ચારસો રોષયુક્ત, ગર્વયુક્ત, ભયમુક્ત ચહેરાઓ મંડપમાંથી એકતાલે કદમ મૂકતા બહાર નીકળ્યા. પ્રવાહમાં જેમ પ્રવાહ મળે તેમ બાલકબાલિકાઓનાં ટોળાં એકઠાં થયાં ને માતા કોરીઆનો જયઘોષ કરવા લાગ્યાં.

આ કાંઇ તમાશો નહોતો. કોરીઆનું પ્રત્યેક બાલક પણ જાણતું હતું કે જાપાની રાજ્ય કોરીઆનો વાવટો ઉડાવનારનું માથું ઉડાવે છે; પછી તે માથું બાલકનું હો કે બાલિકાનું.

નાગી તલવારો લઇને સરકારી સિપાઇઓ એ બાલકોની સુંદર મેદિની ઉપર તૂટી પડયા. ચારસો બાલકબાલિકાઓ પકડાયાં, ઘણાં યે ઘવાયાં. પાદરીઓની ઇસ્પીતાલોમાંથી પંદર પરિચારિકાઓ મલમપટ્ટા લઇને એ ઘવાયલાં શિશુઓની સહાયે દોડી. એ પણ પકડાઇ. કુમારિકાઓએ કસકસીને પોતાનાં અંગ ઉપર ચોળીઓ ને ચડ્ડીઓ સીવી લીધેલી તે પણ ચીરીને સિપાઇઓએ બધીને નગ્ન કરી ભરબજારે ઉભી રાખી. માતા કોરીઆનાં સંતાનોની આંખોમાંથી આ દેખાવે લોહી ટપકાવ્યાં. છેડાએલી જનતા તોફાન પર આવી. લોકો રાવ

*Mansei! Mansei! Mansei? (એટલે કે કોરીઆ દસ હજાર વર્ષ જીવો!)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લઇને પોલીસના વડા પાસે દોડયા. જાપાની અધિકારીઓએ જવાબ વાળ્યો કે "રમણીઓને નગ્ન કરવાનું જાપાની કાયદામાં મંજુર છે."

આ જાપાન કોણ ? એ આપણી એશિયાઈ બહેન છે: જેણે સૈકાઓ સુધી જુલમની સાંકળો ઉચકીને આખરે એક દિવસ એ સાંકળોને તોડી નાખી; જેણે પોતાના શૌર્યથી ને કળાકૌશલ્યથી. આખા યુરોપને તેમજ અમેરિકાને ચકિત કર્યું; જેણે જગતમાં એશિયાની ઇજ્જત જમાવી.

આવું પ્રતાપી ને સમૃદ્ધિશાળી જાપાન કોરીઆને શા માટે સંતાપે છે ? બે કરોડ નિર્દોષ ને શુરવીર મનુષ્યોએ એનો શો અપરાધ કર્યો છે ? દુનિયાના એક ખુણામાં પડયો પડયો એ પ્રાચીન દ્વીપકલ્પ ચાર હજાર વરસો થયાં સ્વતંત્રતા ભોગવતો હતો, પોતાનો કીર્તિવંત ને નિષ્કલંક ઇતિહાસ પોતાનાં બાલકોને ભણાવી રહ્યો હતો. એનાં સંતાનોને ગાવાની કવિતા હતી ને પોતાના સુંદર મનોભાવો પ્રગટ કરવા એને શિલ્પકળા હતી. પોતાને આંગણે બેઠી બેઠી એ પ્રજા પેગોડા (પ્રભુમંદિરો) બાંધીને બુદ્ધદેવની બંદગી કરતી હતી. આવી નિરપરાધી ને શાંતિપ્રિય પ્રજાએ જાપાનનું શું બગાડયું છે ?

સવાલનો જવાબ સવાલથી જ દઇએ. ઇજીપ્તે અને આયર્લાંડે ઇંગ્લાંડનું શું બગાડયું છે ? કોંગોવાસીઓએ બેલ્જીઅમનું શું બગાડયું હતું ? અને ભારતવર્ષે બ્રીટાનીઆનો શો અપરાધ કર્યો છે ?

કોરીઆનો અપરાધ એટલો કે એણે પોતાની ભૂમિ ઉપર જાપાનને પગ મેલવા દીધો; એણે જાપાનને નીતિ ને સાહિત્ય શીખવ્યાં; શિલ્પ અને ફિલસુફી ભણાવ્યાં. વધુ અપરાધ એ કે કોરીઆ ચીનની દોસ્તીમાં આનંદ કરી રહ્યું હતું. એથીયે વધુ અપરાધ એ કે એનાં કેટલાંએક અણસમજુ સંતાનોએ જાપાની લોકોને પોતાની ભૂમિમાં દાખલ થતાં અટકાવ્યા ને થોડાકને ઠાર કર્યા. સહુથી મોટો અપરાધ તો એ કે કોરીઆમાં વેપારવાણિજ્ય બહુ કસદાર હતાં. એને બહુ જ મોટાં મોટાં કીમતી બંદરો હતાં, પણ વેપાર ખીલવનારા વેપારીઓની કોરીઆમાં ખેંચ હતી. કોરીઆનો રાજવહીવટ ચાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હજાર વરસો થયાં ચાલતો, પણ એમાં જાપાનની નજરે ઘણા દોષો હતા. કોરીઆમાં રેલ્વે હતી, પણ એની સુવ્યવસ્થા કરનારા જાપાની અમલદારો નહોતા. કોરીઆમાં સોનાની ખાણો હતી.

એ બલશાળી જાપાને આ નાનકડી સ્વતંત્ર પ્રજાને શી રીતે, ને કેટલી કેટલી પાશવ શક્તિથી પોતાને સ્વાધીન કરી આખરે ઠેકાણે આણી તેનો ટુંકો ઇતિહાસ તપાસીએ. સીતેર જ વરસનો ટુંકો એ ઇતિહાસ છે.

## ૨§ પ્રભાતનું શાંતિસ્થાન

ચીનની કમર પર લટકતી કોઇ તલવાર જેવી આ દેવ-ભૂમિ ચીનની પૂર્વમાં ને દક્ષિણમાં શોભી રહી છે. એની ત્રણ બાજુએ સમુદ્ર ઘુઘવે છે, અને દક્ષિણે તથા પશ્ચિમે 'દસ હજાર' ન્હાના ન્હાના ટાપુઓ ટોળે વળીને બેઠા છે. બરફના મુગટ માથે મેલીને જળદેવતાના સેંકડો કુમારો કેમ જાણે પ્રકાશમાં રમવા નીકળ્યા હોય અને પૃથ્વી પરની એકાદ રમણીના પગ આગળ ઘેરો વળી કુતૂહલની નજરે નિહાળી રહ્યા હોય, એવો રમ્ય દેખાવ કોરીઆના કિનારા પર ખડો થાય છે. એની ઉત્તરે મંચૂરીઆ અને સાઇબીરીઆ છેઃ પૂર્વમાં જાપાની સમુદ્ર ને એ સમુદ્રને સામે તીરે જાપાન પડયો છે. એનું ક્ષેત્રફળ ૯૦ હજાર ચોરસ મૈલ છે. ઉત્તરથી દક્ષિણ સુધી એ આખા મુલક ઉપર અનેક ન્હાના મોટા ડુંગરા વેરાએલા છે. રત્ન–કણિકા સમી એની સુંદર શિખરમાલા કાળ-જૂના શિલ્પ સ્થાપત્યે શોભતા બૌદ્ધ વિહારો થકી આજ પણ ભરપૂર પડેલી છે. આજ ફક્ત કોરીઆનાં મનુષ્યો જ નહિ પણ ચીન અને જાપાનના નિવાસીઓ પણ એ પ્રદેશની ભવ્યતા ઉપર મોહી પડેલા છે. દશ હજાર ગિરિ–શિખરોથી છવાએલો એ દેશ તોફાને ચડેલા એકાદ સમુદ્ર જેવો જણાય છે. આખા મુલકમાં કયાંક કયાંક ગીચ ઝાડીઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઝુકી રહી છે, તો બીજી બાજુ ઘણા પ્રદેશ પર કેવળ વનસ્પતિવિહોણા પહાડો ઉભા ઉભા તપે છે. અનેક પહાડોમાં અને ખીણોમાં ઝરણાં દોડાદોડ કરે છે. ત્યાં મોટી નદીઓ બહુ ઓછી છે ત્રણ બાજુ દરિયો હોવાથી એ દેશનાં આબોહવા સમતોલ છે. એટલો તો એ ફળદ્રુપ છે કે અનેક જાતનાં ધાન્ય ત્યાં ઉગે છે અને પ્રજા ધરાઇને ખાઇ શકે તેથી યે વધુ પાક ઉતરે છે. સોનું રૂપુ, ત્રાંબું વગેરે અનેક મહામૂલી ધાતુઓની ખાણો નીકળી શકે તેવાં ત્યાં સ્થલો છે.

રોમ નગરની ઉત્પત્તિ પહેલાં દોઢ હજાર વરસ ઉપર, અને ઇસુખ્રીસ્તના જન્મથી અઢી હજાર વરસ પૂર્વે કોરીઆના ઇતિહાસનો આરંભ થાય છે. સ્વર્ગના સરજનહારનો એક કુમાર પોતાના દેવદુતોને લઇ પૃથ્વીપર ઉતર્યો અને આ ઉજ્જડ દ્વીપકલ્પના એક પહાડ ઉપર ચંદનના ઝાડ નીચે એણે આસન માંડયું. એક હજાર વરસ સુધી એણે રાજ્ય ચલાવ્યું. આખરે પોતાનું અસલ દેવ-સ્વરૂપ ધારણ કરીને એ અમરલોકમાં સદેહે ચાલ્યો ગયો. એના રાજ્યનાં સ્મરણાવશેષો હજુ યે મૌજુદ છે. એક ટાપુની અંદર પહાડ ઉપર એણે બંધાવેલી કહેવાતી યક્ષ-વેદી હજુ હયાત છે. ત્યાર પછી એના પુત્રે રાજ્ય કરેલું. આ તો રહી પુરાણ કથા. છતાં ઇતિહાસવેત્તાઓ પ્રાચીન લેખો ઇત્યાદિ પરથી આટલું તો પ્રામાણિક સત્ય માને છે કે ઇ. સ. પૂર્વે ૨૩૩૩ ના વર્ષમાં તાન-કૂન નામના એક માનવીએ કોરીઆની રાજસ્થાપના કરી હતી.

પછી કોરીઆની સંસ્કૃતિનો પિતા તો ઇસ્વીસન પૂર્વે ૧૧૨૨ મે વરસે ચીન દેશમાંથી કોરીઆમાં આવ્યો. ચીનના બાદશાહ ચાઉની જુલ્મ-જહાંગીરીએ જ્યારે આખા દેશને સળગાવી મુકેલો તે વેળા એ વ્યભિચારી શહેનશાહના દરબારમાં ત્રણ ઋષિઓ પ્રધાનપદે હતા. શહેનશાહને અત્યાચારને માર્ગેથી ઉગારી લેવાનો આ ત્રણ ઋષિઓએ યત્ન કરેલો. પણ બાદશાહે પોતાની એક રખાયતની શીખવણીને વશ થઇને ત્રણમાંથી બે વૃદ્ધોને ઠાર માર્યા. ત્રીજો વૃદ્ધ કીત્સી તે કાળે કારાગારમાં પડેલો. પણ જુનો રાજા પદભ્રષ્ટ થયો અને નવા રાજાએ એ બંદીવાન સચીવને છુટો કરી એની અસલની પદવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપર બેસવા એને આજ્ઞા કરી. પરંતુ એને પોતાનો જુનો સ્વામી સાંભર્યો. પોતાના ઉપર કાળો કેર ગુજાર્યા છતાં યે એ જુના રાજવંશ પ્રત્યે એનો ભક્તિભાવ હજુ અમર હતો, ચીનને પચાવી પાડનાર આ નવા રાજકુલનું પ્રધાનપદ સ્વીકારવાની એણે ના પાડી. પાંચ હજાર સૈનિકો લઇને એ વૃદ્ધ ચાલી નિકળ્યો. કોરીઆમાં આવીને એણે રાજ્ય સ્થાપ્યું. એ દેશનું નામ પાડયું "પ્રિયભૂમિ" અથવા "પ્રભાતનું શાંતિ-સ્થાન: Land of the Morning Calm."

એ વૃદ્ધ કીત્સી આવ્યો તે પહેલાં કોરીઆની કેવી હાલત હતી? ત્યાં જંગલી જાતો વસતી, જંગલીઓ અંગ ઉપર ઘાસનાં વસ્ત્રો પહેરતાં, ઉનાળામાં ઝાડ તળે રહેતાં ને શિયાળામાં ભોંયરાંની અંદર ભરાતાં. ફળફુલનો આહાર કરતાં. નવા રાજાએ આ જંગલી પ્રજાને ચીનનાં કળાકૌશલ્ય શીખવ્યાં, ખેતીની તાલીમ દીધી. ઉપરાંત નવી સભ્યતા શીખવી. રાજાપ્રજા, પિતાપુત્ર, પતિપત્ની, વૃદ્ધયુવાન, સ્વામી-સેવક, એ બબ્બે વચ્ચેના પરસ્પર સંબંધો સમજાવ્યા, અને આઠ સાદા કાયદા ઠરાવ્યા. માત્ર આઠ જ કાયદાનો અમલ એવો તો ઉત્તમ નીવડયો કે લુંટચોરીને કોઇ જાણતું નહિ, ઘરનાં બારણાં દિવસ-રાત ખુલ્લાં રહેતાં અને સ્ત્રીઓનું શિયળ કદિ પણ નહોતું લોપાયું. ૩૧ વરસ રાજ કરીને એ રાજા કીત્સુ (અથવા કીમા) અવસાન પામ્યો. એ રાજર્ષિની આરામગાહ હજુયે કોરીઆમાં મૌજુદ છે. વરસે વરસે ત્યાં યાત્રાળુઓ આવે છે. એના કુલની ગાદી એક હજાર વરસ સુધી ટકી. આખરે ચીનની તલવારે એ કુલનો ધ્વંસ કર્યો.

ત્યાર પછી એ દેશ ઉપર ત્રણ જુદાં જુદાં રાજ્યો સ્થપાયાં કે જેના ઇતિહાસ સાથે આપણને અત્રે કશી નિસ્બત નથી. તે પછી નજીકની તવારીખ નિહાળીએ : ઇતિહાસ ભાખે છે કે જૂનાં જંગલી કોરી-આવાસીઓનું લોહી મિલન એશિયાની મંચુ, મંગોલ વગેરે જાતિઓ તેમ જ હિન્દની આર્ય જાતિ સાથે થતું આવ્યું અને યુરોપની આધુનિક પ્રજાઓનો તો જન્મે ય નહોતો થયો ત્યારે કોરીઆની પ્રજાએ જાતીય આત્મભાન તેમજ રાષ્ટ્રીય સંગઠન સાધી લીધું હતું. ઇ. સ. ૬૬૯ થી માંડી ૧૯૧૦ ના ઑગસ્ટ મહિના સુધી એટલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે ૧૨૪૧ વર્ષ પર્યંત કોરીઆ એક અને અભંગ રહ્યું હતું. એટલા લાંબા ગાળા દરમ્યાન ફક્ત બે જ વાર એનાં રાજવંશો બદલાયા હતા. એના આંતર્વિગ્રહો નજીવા જ હતા. અને અંગ્રેજોનો એકલ કવિ શેકસ્પીઅર જે વેળા બિચારો 'હેમ્લેટ' નાટક લખી રહ્યો હતો તે વેળા કોરીઆના પાટનગર સીઉલમાં તો જગતે નિહાળેલા મોટામાં મોટા જ્યોતિર્ધરોની હરોળમાં બેસે તેવા સાક્ષરોની પરિષદ્ બેઠી હતી.

ત્યારે એવી એક વિરાટ સંસ્કૃતિનો નાશ કરનાર જાપાન સાથે કોરીઆનાં પનારાં શી રીતે ને કયા કારણે પડયાં તે તપાસીએ: જાપાન પોતાના ઇતિહાસમાંથી એક એવી કથા કાઢે છે કે ઇ. સ. ૨૦૦ ની અંદર જાપાનની મહારાણીને સ્વર્ગમાંથી પ્રેરણા થઇ. એ પ્રેરણામાં એને સંભળાયું કે "પશ્ચિમે સોનારૂપાથી રેલી રહેલી એક ભૂમિ છે. અપરંપાર સમૃદ્ધિથી શોભતી એ ભૂમિ કોઇ સુંદર સુસજ્જ રમણી સમી દેખાય છે." મહારાણીને એ ભૂમિમાં જવાની અભિલાષા થઇ. એની આજ્ઞાથી એક સેના તૈયાર કરવામાં આવી. અને ચોમેરથી નૌકાઓ એકઠી થઇ. મંગળ શકુનો સામાં મળ્યાં, દેવોએ એનું રક્ષણ કરવા બે ફિરસ્તાઓ મોકલ્યા, વ્હાણને હંકારવા વાયુ દીધો અને દરિયામાંથી પ્રચંડ માછલીઓ બ્હાર આવીને વ્હાણને પોતાની પીઠ ઉપર ઉપાડી સાગરનાં નીર કાપતી ચાલી.

કિનારા ઉપર એ ત્રણ રાજ્યોમાંનું એક સીલા નામનું રાજ્ય આવેલું. ત્યાં એકાએક આખા પ્રદેશ પર સમુદ્રનાં પાણી ચડવા લાગ્યાં. લોકો ભય પામ્યાં. કિનારે એક સેના દેખાઇ.

સીલાની પ્રજા કળાકારીગિરીમાં નિપુણ હતી; રાજપ્રકરણી આવડતમાં ઉસ્તાદ હતી. પણ યુદ્ધનાં બખ્તર સજવાની તાકાદ એનામાં નહોતી. ત્યાંનો રાજા લાચાર બનીને મહારાણી પાસે આવ્યો, ઘુંટણપર પડયો, ભોંય સાથે માથું અડકાવ્યું, અને કોલ દીધો કે "જ્યાં સુધી સુર્ય પશ્ચિમે નહિ ઉગે, નદીઓનાં વ્હેન પાછાં નહિ વળે, પત્થરો આકાશમાં ચડીને તારા નહિ બની જાય, ત્યાં સુધી સીલાનો (કોરીઆનો) રાજા જાપાનને ચરણે નમ્યા વિના નહિ રહે ને ખંડણી ભરતો નહિ અટકે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહારાણીએ રાજાની શરણાગતી મંજુર રાખી. રાજાના ખજાનામાંથી સોનું, રુપું, રેશમ ઇત્યાદિનાં આઠ જહાજ ભરીને રાણીજી જાપાન પધાર્યાં. જાપાનીઓ કહે છે કે બાકીનાં બન્ને રાજ્યો પણ સીલાની દશા જોઇને, તેમજ જાપાની હલ્લાનું જોર જોઇને ચુપચાપ ચેતી ગયાં તથા માગ્યા પ્રમાણે ખંડણી ભરતાં થઇ ગયાં.

કોરીઆને આજે કબ્જે કરી લેવાનો જાપાની દાવો આ પુરાણા ઇતિહાસ ઉપર મંડાયો છે, પરંતુ ચીન અથવા કોરીઆની તવારીખોમાં આવો કોઇ બનાવ ક્યાંયે માલુમ પડતો નથી.

કોરીઆનો ઇતિહાસ ફક્ત એટલું જ બતાવે છે કે ત્રણે રાજ્યોની અંદર પરસ્પર કલહ ચાલતો હોવાથી તેમાંનું એક સંસ્થાન જાપાનની સાથે મહોબ્બત બાંધવા વારંવાર મિત્રાચારીની ભેટ સોગાદ મોકલ્યા કરતું અને જાપાન એ ભેટનો અંગીકાર કરી મિત્રતાને દાવે એ સંસ્થાનને મદદ પણ કરતું. બાકીનું સત્ય તો ઉપલી બીનાથી ઉલટું છે. પુરાતન રાષ્ટ્ર કોરીઆએ તો જાપાનને પોતાની સંસ્કૃતિનાં અમૃતપાન કરાવેલાં છે. તે આ રીતે : ૪૦૫ ની સાલમાં વાની નામનો એક શિક્ષક કોરીઆએ જાપાનને સમર્પ્યો. વાનીના આગમન પહેલાં જાપાનને લખવાની લિપિ નહોતી. ચોપડા નહોતા. શિક્ષણ શરુ થયું ને ચીનાઇ સંસ્કૃતિની આખી પ્રણાલી જાપાનમાં ઉતરી. આજે જે કળાકૌશલ્યને માટે જાપાન જગવિખ્યાત છે તેનાં કકાબારાક્ષરી તો એ એક કોરીઆવાસી આચાર્યે ઘુંટાવ્યાં હતાં.

ત્યાર પછી કોરીઆથી સાધુઓ આવ્યા, બુદ્ધ ભગવાનની પ્રતિમા સાથે લાવ્યા. જોતજોતામાં બૌદ્ધ ધર્મ જાપાનનો રાજધર્મ બન્યો. સાધુઓ આખા મુલકમાં ઘુમી વળ્યા. દયાનો સંદેશ ફેલાવ્યો. જાપાનીઓ પોતાના પુરાણા દેવતાઓને ભૂલ્યા. બૌદ્ધ સાધુસાધ્વીઓનાં ટોળેટોળાં આવી પહોંચ્યાં. અને તેઓની સાથે કડીઆ, કોતરકામ કરનારા, કંસારા અને બીજા કારીગરો પણ ખેંચાઇ આવ્યા. ઠેરઠેર બૌદ્ધ ધર્મની કીર્તિ મંડાઈ અને દેવાલયો બંધાયાં. નૃત્ય, સંગીત, ખગોળ, ભૂગોળ અને જ્યોતિષવિદ્યા પણ કોરીઆએ જાપાનમાં છુટે હાથે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વેર્યાં. કોરીઆનાં મહાન વિદ્યાલયોને બારણે જાપાની જુવાનો શીખવા જતા ને ત્યાંથી પછી ચીનનાં વિદ્યાલયોમાં પારંગત થવા જતા.

આજ એ જ જાપાને કોરીઆની એ સંસ્કૃતિનો ધ્વંસ કરી નાખ્યો છે.

## ૩૬ ઘરના ઘા

અગીઆરમા અને બારમા સૈકાઓની અંદર તો કોરીઆ ઉપર કંઇ કંઇ વીતકો વીતી ગયાં. એક વખત એ પ્રજાને શિરે પણ ધર્મની સત્તા જામેલી. બૌદ્ધ સાધુઓનું મંડળ પોતાના સ્વાર્થ ખાતર આખા દેશપર રાજ્ય ચલાવતું. સાધુઓએ પોતાના વિહારોને કિલ્લા બનાવી નાખ્યા હતા. એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ધર્મગ્રંથ લઇને સાધુઓ આખી શહેનશાહત ચલાવવા લાગ્યા હતા. પ્રજા પરનો જુલ્મ બેહદ હતો.

ત્યારપછી ૧૨–૧૩ સૈકાની અંદર જગત–વિજેતા જંગીસખાને કોરીઆનો કચ્ચરઘાણ વાળ્યો. જંગીસખાનના વંશજ કુબ્લાખાને તો કોરીઆને ખંડીયું રાજ્ય બનાવી દીધું. જાપાનની સાથે કોરીઆને વેર કરાવનાર આ જાલીમ કુબ્લાખાન હતો. જે દિવસે કુબ્લાખાને બલાત્કારે કોરીઆની સહાય મેળવીને જાપાન પર સ્વારી કરેલી એ દિવસોને જાપાન ભૂલ્યું નહિ.

જાપાનના હલ્લાઓ તો ઘણી યે વાર આવી ગયા. પણ જ્યાં સુધી આ ન્હાના દ્વીપકલ્પનો સામાજિક આત્મા શુદ્ધ હતો ત્યાં સુધી એ બહારના હલ્લાઓ અંગ ઉપરથી પાણીનું બિંદુ ખડીને દડી જાય તેમ આવીને ચાલ્યા ગયા. પણ છેલ્લા ૩૦૦ વરસ થયાં એ પ્રજાનો પ્રાણ ડોળાયો હતો.

દેશમાં બેજ વર્ગ હતા: અમીર અને રૈયત. અમીરનાં તમામ ખેતરો રૈયત ખેડતી. રુશ્વત અને વગસગને બળે દેશની સરકારી નોકરી ન મળી શકે તો આ અમીરજાદાઓ શાળાઓમાં શિક્ષક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બનતા. તે સિવાય દેશના હુન્નરઉદ્યોગ કે વ્યાપારવાણિજ્યમાં પડવું એ તો એમના ગૌરવને હાનિ પહોંચાડવા જેવું હતું. આજ આપણે ત્યાં જમીનદારોના પુત્રોની જે હાલત થાય છે તે જ હાલત એ અમીરવર્ગની થઇ. ટોળાબંધ અમીરજાદાઓ આળસુ જીંદગી ગાળતા અને પોતાના વિલાસોને પહોંચી વળવા માટે ખેડુઓને ચુસતા. આખું વરસ ખેડયા પછી નીપજમાંથી માંડ પેટગુજારો થાય તેટલો જ દાણો ખેડુને મળતો. બાકીનો ભાગ અમીરોના વૈભવોને પોષતો. અમીર ખેડુની પાસેથી ફાવે તેટલી વેઠ લઇ શકતો; વસ્તીનાં ગાડાં ઘોડાં કે ગાય ભેંસ વગર પૈસો વાપરતો : મુસાફરીમાં મફત મહેમાનદારી કઢાવતો.

કાયદો કેવળ રાજદ્રોહ સિવાય બીજા એકેય ગુન્હા બદલ અમીરને સજા ન કરી શકે, ન એનું મકાન જપ્ત થાય કે ન એને ખુદને બંદીખાને નખાય. જ્યારે જ્યારે કોઇ માણસ એનો અપરાધી ઠરે ત્યારે એને અદાલતમાં જવાની જરૂર નહોતી, પરબારો પોતે જ કાયદો હાથમાં લઇ મનમાં આવે તે શિક્ષા ઠોકી બેસાડતો. કોઇ કાળે રાજદ્રોહના ગુન્હા બદલ એને પોતાને દેહાંત દંડની સજા થાય તો તેને જાહેરમાં ફાંસી નહોતી દેવાતી. પોતે પોતાના ઘરમાં બેસી ઝેરનું પ્યાલું ભરી પી જતો. આ અમીરવર્ગે વસ્તીની પાયમાલી કરી નાખેલી.

બીજો જુલ્મ હતો રાજાઓનો. રાજા સદા દેવાંશી મનાતો. રાજા જીવતો હોય તે દરમ્યાન પ્રજાજન એનું નામ પણ ન ઉચ્ચારી શકે. પ્રજાજન એના દેહને અડકી પણ ન શકે. ભૂલથી રાજા કદાચ કોઇને સ્પર્શી જાય તો એ સ્પર્શવાળી જગ્યા પર સદા લાલ પટ્ટી લગાવી રાખવી પડે. રાજાજીનું મ્હોં દેશના કોઇ પણ સિક્કા ઉપર નહોતું છપાતું; કારણ કે એને પ્રજાજનોના અપવિત્ર હાથનો સ્પર્શ થાય. એની છબી પણ એના મૃત્યુ પછી જ ચિતરાય. એની હજુરમાં કોઇ શોકના પોશાકમાં અથવા ચશ્માં પહેરીને આવી શકે નહિ. રાજાને લોઢાનો સ્પર્શ કદિ ન કરાવી શકાય. આ વહેમને પરિણામે કેટલાએ રાજાઓની બિમારીને વખતે દાક્તરી ઓજારો જ ઉપયોગમાં ન લઇ

શકાયાં અને રાજાઓએ જીવ ખોયો. રાજા મરે એટલે આખી પ્રજા ત્રણ વરસ સુધી શોક પાળે; તેમાં પહેલા પાંચ માસ સુધી વિવાહ બંધ, જાહેર ને ખાનગી મ્હેફિલો બંધ, પશુઓની કતલ બંધ, અપરાધીઓનો પ્રાણદંડ ન થાય અને અણરંગેલ શણનાં જ કપડાં સહુથી પહેરાય.

રાજાની મરજી એ જ કાયદો. પ્રજાનાં જાનમાલ રાજાના હાથમાં હતાં. રાજા શાણો હોય તો રાજસત્તા પ્રજાનું મંગળ કરી શકતી અને રાજા નબળો હોય ત્યારે પ્રજાનું નિકંદન નીકળતું. કોઇ માણસથી વધુ પડતા ધનવાન કે સત્તાવાન બની ન શકાય. રાજા સિવાય કોઇ મનુષ્ય અમૂક ઉંચાઇ કરતાં વધુ ઉંચાઇનું મકાન ન બાંધી શકે. દ્રવ્ય અને સત્તા પ્રાપ્ત કરવાનો એક જ માર્ગ હતો—રાજની નોકરીનો. રાજાના જાસુસો આખા દેશ પર પથરાયા હતા. જરા પણ માથું ઉચકનાર મનુષ્યને પલકમાં ભીંસી નાખવામાં આવતો.

'યી' રાજકુલની આવી શાસનપદ્ધતિએ કોરીઆવાસીઓના આત્મામાંથી રાજની નોકરી સિવાયની તમામ મહેચ્છાઓને મારી નાખી. સાહસિકતા અને પ્રગતિશીલતા શોષી લીધાં. વેપારી અને ખેડુત બન્ને વર્ગની નેમ કેવલ રાજની ખફગીમાંથી બચી જઇને ચુપચાપ ચલાવે જવા પૂરતી જ થઇ પડી.

કોરીઆની અંદર સ્ત્રીઓની હાલત પણ બહુ બુરી બની ગએલી.

ઘરના ઘા ખાઇ ખાઇ છેક જેર થઇ ગએલી પ્રજા બહારના હુમલાઓ સામે ક્યાં સુધી છાતી ધરી શકે ? કોરીઆ ભાંગ્યું તે માત્ર જાપાનની તલવારથી નહિ—ઘરનાં પીડનોથી પણ એનો નાશ થયો.

## ૪૬ દ્વાર ખોલ્યાં

**જાપાનની** જૂની રાજધાની ક્યોટો નગરમાં કોઇ પરદેશી જાય તો એ શું નિહાળી રહે છે ? એ શહેરની એક શેરીમાં સ્મરણસ્થંભ ઉભો છે. એનું નામ "નાકકાનનો સ્મરણ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થંભ” ! હજારો કોરીઆવાસીઓનાં નાકકાન કાપીને એ સ્થંભ નીચે દાટેલાં છે. જાપાનીઓએ પોતાના જ અત્યાચારોનું જે આ વિજયસ્મારક ખડું કરાવ્યું છે, તે હાસ્ય અને રુદન બન્નેની લાગણીઓ એકીસાથે જન્માવે છે.

ઇ. સ. ૧૫૯૨ ની સાલનો પુરાણો આ સ્મરણસ્થંભ છે. જાપાનના નામાંકિત રીજંટ હીદેયોશીએ એ વરસમાં ત્રણ લાખની એક સેના કોરીઆને કિનારે ઉતારી. પચાસ હજાર કોરીઅન સૈનિકોએ એની મહેમાની કરેલી. પરંતુ જાપાની સેના તો દાવાનળ સમી દેશભરમાં પથરાઇ ગઇ. એક પછી એક શહેરને એ સાફ કરતી ગઇ. આખરે ચીન કોરીઆની કુમકે પહોંચ્યું ને જાપાનીઓને નસાડ્યા. નાસતા નાસતા એ દુશ્મનો કોરીઆના મહામૂલા પ્રદેશો લુંટતા ગયા. લુંટી જવાયું નહિ તે બધાને આગ લગાડતા ગયા, કળાના અમુલ્ય નમુનાઓનો નાશ કરતા ગયા, અને આશરે ત્રીશ લાખ મનુષ્યોની કતલ કરતા ગયા, જેની અંદર ૨૭ લાખ તો નિર્દોષ, નિઃશસ્ત્ર બચ્ચાં, બૈરાં અને પુરૂષો હતાં. સાત વરસ સુધીની ઝપ્પાઝપ્પીનું આ પરિણામ આવ્યું. એ જફામાં પટકાએલું કોરીઆ ફરીવાર કદિ પગભર થઇ શક્યું નહોતું.

કોરીઆની આ મહેમાની ચાખી ગયેલું જાપાન બીજાં ૩૦૦ વરસ સુધી ફરી ન ડોકાયું. ચીન પોતાના એ ન્હાના મિત્ર કોરીઆને પોતાની પાંખમાં લઇને બેઠેલું. જાપાનની લોલુપ આંખો તો આઘે આઘેથી પણ કોઇ તકની રાહ જોતી ટાંપીને બેઠેલી.

ઇ. સ. ૧૮૭૬ ના વરસમાં જાપાનના કેટલાએક માણસો કોરીઆને કિનારે ઉતર્યા. કોરીઆવાસીઓ કહે કે અમારા દેશમાં નહિ ઉતરવા દઇએ. ઝપ્પાઝપ્પી જામી. જાપાનીઓનાં લોહી રેડાયાં. જાપાની સરકારનો કોપ ફાટી નીકળ્યો. એ કહે કે કાં તો લડાઇ કરો, નહિ તો અમારા વેપારને માટે થોડાં બંદરો ખુલ્લાં મૂકો. કોરીઆએ કબુલ કર્યું. તહનામાની શરતો લખાણી. અને એ શરતો કઇ હતી? એક વખતના ભોળા અને બીનવાકેફ જાપાને યુરોપી રાજ્યોનાં ચડેલાં જે મતલબી અને કુટિલ કરાર–પત્રો પર સહી કરી પોતાનાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાંડા કાપી આપ્યાં હતાં, અને પછવાડેથી ભાન આવતાં જે કરાર-પત્રને પોતે અપમાનકારક તથા વિનાશક માની રોષ પ્રકટાવેલો, તે જ જાતના કરારો પર જાપાને તે દિવસ કોરીઆની સહી કરાવી લીધી. એ કરારોની રૂઇએ કોરીઆની કરવેરા નાખવાની ને રાજ-કારોબાર ચલાવવાની સ્વતંત્રતા પર જાપાને કાપ મૂકી દીધો અને એ દેશની સરહદમાં જાપાને જાપાનીઓ માટે ખાસ (extra-territorial) હક્કો હસ્તગત કર્યા. સાથે સાથે કોરીઆએ તો માંગણી યે કરી નહોતી તો પણ જાપાનીઓએ એ તહનામાની અંદર 'કોરીઆ સર્વ દેશોથી સ્વતંત્ર એક દેશ છે' એવી એક કલમ ઉમેરી. એમ કરવામાં જાપાનનો ગુપ્ત ઇરાદો એવો હતો કે ગમે તેમ કરીને ચીનને કોરીઆનું મુરબ્બીવટ કરતું અટકાવવું.

ચીનના રાજ્યદ્વારીઓને જાપાનના આ દાવપેચ સમજાયા. પણ એમને જાપાન જેવી પામર સત્તાનો ભય નહોતો. એને તો સ્વપ્ન પણ નહોતું કે વીસ વરસમાં તો એ પામર સત્તા જ ચીનને ચગદી નાખશે. એને ભય હતો ફક્ત રશિયાનો, કે કદાચ રશિયા આવીને કોરીઆનો કોળીઓ કરી જશે. એ ધાસ્તીને લીધે જ ચીને તો ઉલટું કોરીઆને કહાવ્યું કે રશિઆથી ઉગરવું હોય તો બીજી પ્રજાઓને તમારા દેશની અંદર દાખલ થવા દેજો. પરિણામે પોતાનાં દ્વાર બંધ કરીને જ એકાકી સાધુ સરખા બેઠા રહેલા આ દેશે (Hermit Kingdom) આખરે અમેરિકાને ટકોરે, એને ભરોસે ભુલી બારણાં ખોલ્યાં. ૧૮૮૨માં કોરીઆએ અમેરિકાને વેપારના કેટલાએક કિંમતી હક્કો લખી આપ્યા. અમેરિકાએ એ સંધિપત્રમાં શબ્દશઃ લખી આપ્યું કે "અમેરિકાના પ્રેસીડેન્ટ અને કોરીઆના રાજા વચ્ચે, તેમજ બન્ને દેશની પ્રજાઓ વચ્ચે કાયમી દોસ્તી ને એખલાસ રહેશે. જો બહારનું કોઇ રાજ્ય આપણ બેમાંથી એકને સતાવે તો બીજાએ આવીને દોસ્તીની રૂઇએ પોતાની લાગવગ વાપરી સમાધાની કરાવવી.' અમેરિકાનો આપેલો કોલ કોરીઆને પોતાના જીવન-આધાર જેવો લાગ્યો. એ ભરોસે કોરીઆ નિર્ભય બનીને સૂતું. એની નિરર્થકતાની કથા આગળ આવશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૮૮૩માં ઇંગ્લાંડની સાથે ય એવી જ મિસાલની સંધિ થઇ. એજ જાતની સંધિઓ બીજાં ઘણાંખરાં યુરોપી રાજ્યોની સાથે પણ કરવામાં આવી. બધી સંધિઓની અંદર કોરીઆએ પોતાનાં કાંડાં કાપીને લખી આપ્યું કે "પરદેશી ગુન્હેગારનો ઇન્સાફ કોરીઆની અદાલતોમાં નહિ, પણ પોતપોતાની રાજસત્તાની અદાલતોમાં જ તોળાશે."

પછી તો સાહસિક પરદેશીઓનાં વૃંદેવૃંદ કોરીઆમાં આવવા લાગ્યાં. પરદેશી એલચીઓ પોતાના રસાલા સાથે આવ્યા. પાદરીઓ પણ પહોંચ્યા, વેપારીઓ અને સોદાગરોનો પણ સુમાર ન રહ્યો.

પહાડો અને ખીણોથી ઘેરાએલા એ રમ્ય પાટનગર શીઉલને નિહાળીને પરદેશીઓ મુગ્ધ બની ગયા. એ મનોહર રાજમહેલો, માટીની દિવાલવાળાં, સાંઠીઓથી છજેલાં છાપરાંવાળાં, એકેક માળનાં સ્વચ્છ સુઘડ ખોરડાં, અને નગરીની ચોપાસ આલીંગન દઇને બેઠેલો જબરદસ્ત એ કિલ્લો–આ બધાં અપરંપાર અતિથિઓની આંખોમાં ભુરકી છાંટતાં હતાં. સાંકડી શેરીઓની અંદર અમીરો, સરદારો અને રાજવંશીઓની ભપકાદાર સવારીઓ નીકળતી અને એથી યે ઉંચી પદવીના ઉમરાવો પાલખીમાં પોઢતા પોઢતા પરદેશીઓને બેસુમાર વૈભવનો ખયાલ આપતા નીકળતા. સામાન્ય નગરજનના અંગ ઉપર શ્વેત રેશમના લાંબા ઝભ્ભાઓ ચમકતા ને માથે ઉંચી ટોપીઓ દીપતી.

નદીને કિનારે સેંકડો કોરીઅન રમણીઓ પોતાનાં સફેદ વસ્ત્રો ધોતી ધોતી કલ્લોલ કરતી હતી. ઉંચા ઘરની રમણીઓ ઘરમાં જ રહે, પણ સૂર્યાસ્ત પછી એક કલાકે તમામ પુરૂષોને બજારમાંથી ઘેર ચાલ્યા જવું પડે અને એ નિર્જન બનેલી ગલીઓમાં રમણીઓ ખુલ્લા ચહેરા રાખીને નિરંકુશ ફરે હરે એવો રાજ્યનો કાયદો હતો. સ્ત્રીઓને પોષાકમાં કમરથી ઉંચે સુધી એક સફેદ ચણીઓ અને તેથી ઉંચેના અંગ ઢાંકવા એક ચોળી જ હતાં.

રાત પડે ત્યાં નગરના દરવાજા બંધ થતા. પછી પ્રભાત સુધી કોઇ અંદર આવી શકતું નહિ. હસવા જેવું તો એ હતું એ કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગઢની દિવાલ પર ચડીને અંદર આવવું એ બહુ સ્હેલ હતું. રાત્રિભર દૂર દૂરના ડુંગરા પર જ્વાળાઓ બળતી રહેતી. એ પરથી સમજાય કે બધે સ્થાને ખેરીઆત છે.

પૂર્વની દુનિયાનાં આ બધાં રમ્ય પ્રલોભનોને વશ બની વિદેશીઓ કોરીઆમાં ઉભરાઇ ઉઠયા.

## ૫૬ જાપાનનો પગપેસારો

કોરીઆમાં એક દુષ્કાળ ફાટી નીકળ્યો, વ્હેમી કોરીઆવાસીઓએ માન્યું કે વિદેશીઓ આપણી ભૂમિપર આવ્યા છે માટે દેવતા કોપાયા છે. પરિણામે તેઓએ ફરીવાર કેટલાએક જાપાનીઓને માર્યા ને જાપાની એલચી ન્હાસીને માંડમાંડ કિનારે પહોંચ્યો. ફરીવાર જાપાન ખળભળ્યું. લોહીને બદલે લોહી લઇએ, નહિ તો નાણાં લઇએ, એ જ એની માગણી હતી. ચીનમાંથી દસ હજારની સેના કોરીઆની મદદે પહોંચી. પણ લડાઇની ધમકીથી કાયર થયેલું શાંતિપ્રિય કોરીઆ જાપાની પ્રજાને ચાર લાખ યેનનો દંડ તથા વેપારના વધુ કસદાર હક્કો આપીને છુટયું.

એટલેથી જાપાનના પેટની જ્વાળા બુઝે તેમ નહોતું. કોરીઆનાં લશ્કરની અંદર એણે કાવતરાં રચ્યાં. કાવતરાં પકડાયાં. ફરીવાર કોરીઆવાસીઓએ જાપાની એલચીખાતા ઉપર હુમલો કર્યો. જાપાની લોહી છંટાયું ને જાપાનની અંદર ફરીવાર યુદ્ધનો સાદ પડયો. પણ સરકાર જાણતી હતી કે કોરીઆની સાથે યુદ્ધ કરવું એનો અર્થ એ કે ચીન સાથે યુદ્ધમાં ઉતરવું. એ કરવા માટે જાપાન તૈયાર નહોતું.

ફરીવાર જાપાનનું બખ્તર ખણખણ્યું. ૧૮૮૫માં જાપાને શસ્ત્રો સજ્યાં. જાપાન ચીનને કહે કે "જુઓ ભાઇ, આ બિચારા કોરીઆની છાતી ઉપર આપણે આપણા સૈન્યો ચાંપી રહ્યા છીએ, એ ઠીક નહિ. તમે પણ સૈન્ય ઉઠાવી લ્યો, અમે પણ અમારૂં સૈન્ય ઉઠાવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લઇએ, પણ શર્ત એવી સમજવી કે પહેલેથી એકબીજાને ખબર દીધા વિના કદિ કોઇએ કોરીઆમાં સૈન્ય મોકલવું નહિ."

ભોળા ચીનાઓ ચાલ્યા ગયા. પછી જાપાને કોરીઆવાસીઓની અંદરોઅંદર ઉશ્કેરણી કરી હુલ્લડ જગાવ્યું. હકીકત આમ બની : કે સદીઓથી કોરીઆમાં 'ગુપ્ત મંડળીઓ' જન્મતી જ આવી છે. એવી એક 'ટૉન્ગ–હેક્સ' નામની મંડળી અત્યારે વિદેશીઓ તેમજ ખ્રીસ્ત-ધર્મીઓનું અસ્તિત્વ નાબૂદ કરવા માટે દેશમાં ઉભી થઇ. એનું પરિબલ વીજળીને વેગે પથરાવા લાગ્યું. સ્વદેશને વિદેશી સંસ્કૃતિના વિષમય ચેપમાંથી બચાવવાના આશય વડે પ્રેરાઇને ખડી થયેલી એ બલવાન શક્તિ તો જાપાની સુદ્ધાં સર્વે વિદેશીઓને હાંકી કાઢવા માગતી હતી. પરંતુ ચતુર જાપાને એને પોતાના લાભમાં વાપર-વાની બાજી ગોઠવી. એણે આ મંડળીના અમુક અગ્રેસરોને હાથ કર્યા. શસ્ત્રો પહોંચાડયાં. બળવાની બધી સગવડો પૂરી પાડી એની નેમ માત્ર એટલી જ હતી કે જો ચીન આ આંતર્કલહમાં ભૂલે ચૂકેય પોતાનું સૈન્ય મોકલે તો જાપાનને પણ લશ્કર ઉતારવાનું ઓઠું જડે. એ યોજના પ્રમાણે ત્રીસ હજાર બળવાખોરો કુચકદમ કરી સીઉલ નગર પર ધસારો લાવી રહ્યા હતા.

ચીનને આ માલુમ પડયું. જાપાનની સાથે પવિત્ર સંધિમાં બંધાયેલું ચીન એમ ને એમ તો લશ્કર શી રીતે મોકલી શકે ? એણે કોરીઆના નૃપતિને પૂછાવ્યું કે "લશ્કર મોકલીએ ?" રાજાએ હા કહાવી. સંધિ મુજબ જાપાનને પણ સંદેશો આપ્યો. ચીન આવતું રહ્યું ત્યાં તો દસ હજાર જાપાની સૈનિકો શીઉલ નગરમાં દાખલ થયા. બળવો શમાવી દીધો.

પછી જાપાની એલચીએ દસ હજાર જાપાની બંદુકો તરફ આંગળી બતાવીને કોરીઆનરેશની સમક્ષ એક કાગળ મૂકયો. એ કાગળમાં નીચે પ્રમાણે શરતો હતી :

૧. ચીનનું મુરબ્બીપણું છોડી દો.

૨. વેપારવાણિજ્યના મોટા મોટા હક્કો અમને આપો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૩. અમને રેલ્વેઓ બાંધવા દો.

૪. અમને સોનાની ખાણોનો ઇજારો આપો.

૫. ત્રણ દિવસની મુદત આપીને આજ્ઞા કરો કે ચીનાઇ સેના કોરીઆ ખાલી કરી જાય.

આ કલહમાંથી ચીનજાપાનની તલવારો અફળાઇ. જાપાને શીઉલ નગરનો કબ્જો લીધો. કોરીઆ-નરેશે બધી શરતો ઉપર સહી કરી આપી. જાપાને પચાસ જાપાની સલાહકારોને કોરીઆના દરબારમાં બેસાડી દીધા. આખા દેશ ઉપર કબ્જો લેવાયો અને ચીન સાથેની લડાઇ ખતમ થતાં તો કોરીઆનો તમામ વેપાર જાપાને હસ્તગત કરી લીધો. રાજાના નામની આણ ફેરવીને જાપાનીઓએ એક રાજસભા બોલાવી. આ રાજસભાને નામે પેલા પચાસ જાપાની સલાહકારોએ આખું રાજબંધારણ એક દિવસની અંદર છેક પલટાવી નાખવાનું કામ આદર્યું. ઉપરાઉપરી કડક હુકમો છુટવા લાગ્યા. નાની કે મોટી, નજીવી કે અગત્યની, તમામ બાબતો સંબંધે નવા કાયદાઓ નીકળી પડયા. રાજાની કુલ સત્તા કાપીકુપીને પ્રધાનોની સલાહસૂચનાનું તત્ત્વ દાખલ કર્યું. ગવર્નરથી નીચી પદવીનો કોઇ નોકર રાજાજીને પરબારો ન જ મળી શકે એવું ઠરાવ્યું. એક કાયદો નવા બંધારણનો ઘડાતો હોય અને તેની સાથે સાથ બીજો કાયદો રાજમહેલની રમણીઓના જુદા જુદા ઇલકાબો નક્કી કરતો હોય!

તત્કાળ હુકમ છુટયો કે તમામ પ્રજાજનોએ પોતાના ચોટલા કપાવી નાખવા. તાબડતોબ બીજો કાસદ બીજો હુકમ લઇને છુટે છે કે રાજભાષા બદલી નાખો. અરે, રાજાની રખાયતોની પદવીઓ પણ આ રાષ્ટ્રવિધાતાઓએ નક્કી કરી નાખી. એટલું બસ નહોતું. લોકો હુક્કા પીતા તેની નાળની લંબાઇ, માથાના વાળની સાફાઇ અને પોશાક પહેરવાની પદ્ધતિ, એ તમામ કાયદેસર નક્કી થયાં. એ બધા કાયદાઓનો અમલ કરાવવા બંદુકો લઇને જાપાની સેનાઓ નીકળી પડી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક મહિના સુધી જાપાની ફોજ રાજમહેલનો કબજો રાખી બેસી રહી. એ દરમ્યાન રાજા ઉપર તો છુપાં છુપાં ઘણાં વીતકો વીતાડવામાં આવ્યાં. પરંતુ કોરીઆનું તમામ પુરાણું રાજ-બંધારણ ઉખેડી નાખવાની હજુ વાર હતી. જાપાનીઓને ભય હતો કે એવી ઉથલપાથલ બીજા પરદેશીઓ નહિ સાંખે. એટલે હજુ ય કોરીઆને એક સ્વતંત્ર રાજ્ય તરીકેનો સ્વાંગ પહેરાવી રાખ-વાનું જાપાનીઓને દુરસ્ત લાગ્યું. એવો જ દેખાવ રાખ્યો કે બધા ફેરફાર રાજાની આજ્ઞાથી ને પ્રધાનોની પરવાનગીથી જ થાય છે. વસ્તુતઃ રાજા બંદીવાન હતો ને પ્રધાનો પૂતળાં હતાં.

રાજા હાથ જોડી કરગરવા લાગ્યો કે "હવે તો આ ચોકી-પહેરો ઉઠાવી જાઓ." જાપાની એલચી ઓટોરીએ જવાબ વાળ્યો, "સુખેથી. પણ કોરીઆના ઉદ્યોગોનો કુલ ઇજારો લખી આપો." એમ જ થયું. અંદરથી જાપાની ફોજ ઉઠાડી લેવામાં આવી છતાં રાજમહેલને દરવાજે અને આજુબાજુનાં મકાનો પર તો એનાં એ જ સંગીનો ચમકતાં રહ્યાં.

નમાલો નૃપતિ આ બધો તમાશો ટગર ટગર જોતો રહ્યો. એશિ-યાના દેશોમાં તે કાળે રાજા એટલે શું? રાજાની એક આંગળી ઉંચી થાત તો કોટી કોટી પ્રજાજનો-પુરૂષો અને રમણીઓ, બાલકો અને બાલિકાઓ જાપાની બંદુકની સામે પોતાની છાતી ધરીને ઉભાં રહેત. પણ રાજા તો વિચાર કરતો જ રહ્યો; જીવન-મરણના સરવાળા બાદબાકી ગણતો રહ્યો.

પરંતુ ઇતિહાસ એક વાત બધા દેશોમાં બોલી ગયો છે. દેશની અંદર પુરૂષજાત જ્યારે નિર્બળ બની જાય, ત્યારે અબળાઓમાં છુપું જોશ ભભુકી નીકળે છે. કોરીઆના અંતઃપુરમાં પણ એ રાજ-રમણીનું-રાણીનું હૃદય ખળભળી ઉઠ્યું. લોખંડી ઇચ્છાશક્તિ, સળ-ગતા સ્વદેશપ્રેમ અને અચુક વિવેકબુદ્ધિવાળી એ સ્ત્રીનો દૃઢ આગ્રહ હતો કે કોરીઆનો વહીવટ તો બહારની કોઇ દરમ્યાન-ગીરી વગર કોરીઆવાસીઓએ જ કરી લેવો ઘટે. એ ચકોર નારી ચેતી ગયેલી કે જાપાનના આ કાવાદાવાની અંદર શી શી મતલબો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંતાઇ રહી છે. રાજ્યના ડાહ્યાડમરા પ્રધાનો જે વાતનો નિકાલ દસ મહિને ય નહોતા લાવી શકતા એનો નિર્ણય આ અબળા દસ મિનીટમાં લાવી મૂકતી. રાજાને એણે મેણાં માર્યાં. એ વીરાંગના બોલી ઉઠી કે "શું મ્હારી પ્રજાનું ભાગ્ય પેલા જંગલી જાપાનીઓ આવીને ઘડી આપશે? આપણા રાજ્યમાં જાપાનીઓનો પગ ન હોય."

પછી તો મહારાણીએ રાજા ઉપર પોતાનો અદ્ભુત પ્રભાવ બેસાડી દીધો. એને પૂછ્યા વિના એક પણ કાગળીઆ ઉપર સહી ન થાય. દેશની સાચી માલીક રાણી બની ગઇ. એની ભ્રુકૂટિમાં કોઇ એવી આગ હતી કે જેની સામે જાપાની એલચી વાઇકાઉન્ટ મીયુરા પણ કમ્પતો. એની સામે કોઇ આડો ઉચ્ચાર પણ ન કરી શકે. આખરે એણે પોતાનાં જ સગાંવ્હાલાંને અસલની પદવી પર પાછાં આણ્યાં. જાપાનીઓની તાલીમ તળે તૈયાર થતા દેશી લશ્કરને વિખેરી નાખવાની એણે આજ્ઞા દીધી. જાપાની પ્રધાનને તેમ જ રીજન્ટને એ વારંવાર ડરાવવા લાગી.

જાપાની એલચીને સમાચાર પહોંચ્યા કે કોરીઆના રણવાસમાં એક રમણીનો પ્રાણ જાગૃત છે. જાપાની અમલદારો રાણીની પાસે ગયા, એને ફોસલાવી, ધમકી આપી, રુશ્વત અને ખુશામતના રસ્તાઓ પણ અજમાવ્યા. પરંતુ મહારાણીનું એક રૂંવાડું સુદ્ધાં ફરક્યું નહિ. જાણે કોઇ અભેદ્ય ખડક ઉપર મોજાં વ્યર્થ પછડાઇને પાછાં વળ્યાં.

પછી જાપાને એના અંતરના અંધકારમાં ઘોર મનસુબો કર્યો. આપણા પાડોશી રાજ્યની રાણીનો પ્રાણ લેવો એ અલબત આપણા જેવી સુધરેલી સત્તાને ગમે તો નહિ: પરંતુ જાપાનના હાથમાં બીજો કશો ઇલાજ નથી. જાપાનને તો "મહા જાપાન" બનવાની મહત્વાકાંક્ષા રહી. એ મહેચ્છાની આડે જે કોઇ આવે તેણે ઉખડી જ જવું જોઇએ.

જાપાની સરકાર સાથેની ગુપ્ત મસ્લત અનુસાર એક આખું કાવત્રું રચાયું. જાપાનથી ખાસ ઘાતકો ઉતારવામાં આવ્યા. કઇ રાતે, કયારે, કોણે કોણે ને કેવા સંજોગોમાં રાણીનો પ્રાણ લેવો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેની કાળજીપૂર્વક ઝીણામાં ઝીણી વિગતો નક્કી થઇ : ને એ દારૂણ રાત્રિ આવી પહોંચી ત્યારે આખા યે કાવત્રાની અચૂક રચના થઇ ગઇ હતી. ઠેરઠેર ઉભેલા જાપાની સૈનિકોના રક્ષણ તળે રીજન્ટની પાલખી રાજગૃહમાં પેઠી ને રૂકાવટ કરવા મથનાર કોરીઅન પહેરગીરોની કતલ ચલાવતી સીધી રાણીવાસમાં પહોંચી. ઓરડે ઓરડે રાણીની શોધ ચાલી. અંતઃપુરની પરિચારિકાઓના ચોટલા ઝાલી ઝાલી, જમીન પર ઘસડી પૂછ્યું કે "ક્યાં છે રાણી?" પણ કોઇ ન માન્યું. તેવામાં એક બારણાની આડશે ઉભેલી એક કોમલાંગી સ્ત્રી હાથ લાગી. ઘાતકોના સરદારે એનો ચોટલો ઝાલીને પૂછ્યું "તું રાણી છે?" જવાબમાં ના પાડી, ઝટકો મારી, છોડાવી, એ સ્ત્રી ચીસો પાડતી નાઠી. ત્યાં તો જાપાનીઓ એને આંબી ગયા, તલવારથી એને કાપી નાખી. પરિચારિકાઓને પકડી આણીને એ મરનારની લાશ ઓળખાવી. એ રાણી જ નીકળી. હજુ એનામાં જીવ હતો. એના પર ગ્યાસલેટ છાંટ્યું. બગીચામાં ઉઠાવી જઇ એની ઉપર લાકડાં ખડક્યાં ને પછી આગ લગાવી. એનાં થોડાં હાડકાં સિવાય કશું નામનિશાન ન રહેવા દીધું.

પણ એટલેથી બસ નહોતું. રાણીની હત્યાનો હાહાકાર પ્રજાને ઉશ્કેરી મૂકશે એમ કાઉન્ટ મીયુરાને લાગ્યું એટલે રાજાના જ નામથી તુર્ત એણે એક ફરમાન પ્રસિદ્ધ કર્યું કે "અમારી મહારાણી એક અધમ વેશ્યા હતી. એ મરી નથી પણ નાસી છુટી છે; અને જરૂર પાછી આવવાની. અમે એ પાપણીને બરાબર પિછાણેલી હતી; પણ અમારો ઇલાજ નહોતો. એનાં પીયરીઆંથી અમે ભય પામતા હતા. એટલે ન તો અમે એને બરતરફ કરી શક્યા કે ન સજા કરી શક્યા. અમને ખાત્રી થઇ ચુકી છે કે એ રાણીપદને લાયક નથી. એટલું જ નહિ પણ એનો ગુન્હો પારાવાર છે. આજથી અમે એ રાણીપદેથી પદભ્રષ્ટ કરી અધમ સ્ત્રીવર્ગની પંક્તિમાં મૂકીએ છીએ."

પોતાને નામે પ્રગટ થએલા પોતાની બનાવટી સહીવાળા આ દસ્તાવેજની વાત રાજાની પાસે પહોંચી. પરંતુ એ વ્હાલી સ્ત્રીને આમ પોતાને નામે કલંકિત કરનારાઓને એ શું કહી શકે? એ તો બંદીવાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતો. ધ્રુજતો, ખળભળી ગએલો, અને 'હાય! મને ઝેર દેશે' એવી બ્હીકથી ફફડતો એ નૃપતિ મહેલમાં જ ચુપચાપ પડયો રહ્યો.

રાણીનું ખૂન થતાં તો થઈ ગયું, પણ જાપાન મ્હોમાં આંગળી ઘાલી મુંઝાતું ઉભું. એ સમાચાર દબાવી રાખવા જાપાની અમલદારોએ કોશીષ કરી. અમેરિકાના એક વર્તમાનપત્રનો ખબરપત્રી તે કાળે કોરીઆમાં હતો તેણે આ ઘટના વિષે અમેરિકા તાર કર્યો, પણ જાપાની સત્તાએ એ તાર અટકાવ્યો ને એ ગૃહસ્થને નાણાં પાછાં પહોંચાડવામાં આવ્યાં. આટલો કડક બંદોબસ્ત રાખ્યા છતાં ગમે તે પ્રકારે પણ એ ખબર યુરોપઅમેરિકાને કિનારે પહોંચી ગયા. એટલે સુધરેલી દુનિયાને ફોસલાવી લેવા ખાતર એ ખૂન કરાવનારા અધિકારી ઉપર જાપાને કામ ચલાવવાનો તમાશો ભજવ્યો.

ન્યાયમૂર્તિએ પોતાના ફેંસલામાં આખું યે કાવત્રું વિગતવાર કબૂલ રાખ્યું. પરંતુ એ બધી વાતને અંતે એણે લખ્યું કે "આ હકીકતો સાચી હોવા છતાં, આરોપીઓ માહેલા કોઇએ પણ પોતાનો મનધાર્યો ગુન્હો વસ્તુતઃ કર્યો હોવાની કશી સાબીતી અમને જડતી નથી. એથી કરીને તમામ આરોપીઓને નિર્દોષ ગણી છોડી મૂકવામાં આવે છે."

હત્યારાઓ મુક્ત થયા એટલું જ બસ નથી. જાપાની પ્રજાએ તેઓને સાચા સ્વદેશભકતો કહી વધાવી લીધા ને મરેલી રાણીને જાપાનની દુશ્મન કહી પેટ ભરીભરી વગોવી.

પણ જાપાન જોઇ શકયું કે ખળભળાટ ખૂબ થઇ રહ્યો છે. જાપાનને બાજી પલટતાં આવડતી હતી, જાપાને કાઉન્ટ ઇનોયે નામના અધિકારીને ખાસ એલચી તરીકે શાંતિ પ્રસારવા મોકલ્યો. એણે આવીને ફરમાન કાઢયું કે "મર્હુમ રાણીજીને એમની અસલની પદવી પૂરેપૂરી પાછી આપવામાં આવે છે." એણે મરેલી રાણીને "નિષ્કલંક અને પુજનીયા" નો ઇલ્કાબ આપ્યો. એની યાદગીરીમાં એક દેવાલય ચણાવી આપ્યું; ઉંચી પદવીના બાવીસ અમલદારોને એ મહારાણીની જીવન-કથા લખવા બેસાડી દીધા. છતાં રાજા તો હજુ પોતાના મહેલમાં કેદી બનીને પૂરાયો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ વેળા રશિયાના એલચીખાતા પર એક બહુ ઉચ્ચ હૃદયનો અધિકારી બેઠો હતો. એ બંદીવાન રાજાને મદદ કરવા મથતો હતો. એની મદદ વડે રાજાને મહેલમાંથી છુટી નીકળવાની ખુબીદાર પેરવી કરવામાં આવી. રણવાસની રમણીઓએ એક અઠવાડીઆ સુધી રોજરોજ વારંવાર ઓજલપડદાવાળી પાલખીઓની આવજા કરાવી મૂકી. જેટલા જેટલા દરવાજા હતા ત્યાં થઇને વારંવાર પાલખીઓ આવે છે ને જાય છે. આ રીતે પહેરેગીરો ભ્રાંતિમાં પડી ગયા કે રણવાસમાંથી રમણીઓ માત્ર વારંવાર મુલાકાતે જાય આવે છે. બીજી કશી શંકા તેઓને પડી નહિ. એક દિવસે પ્રભાતે એવી બે ઓજલપડદાવાળી પાલખીઓમાં બેસીને રાજા અને એનો યુવરાજ છટકી ગયા, આકુળવ્યાકુળ હૃદયે રશિયાના એલચીખાતાને શરણે પહોંચી ગયા. ત્યાં તેઓને શરણ મળ્યું. કોરીઆમાં એવો રીવાજ હતો કે રાજા રાત આખી કામ કરે અને સવારે સૂઇ રહે, એટલે પ્રધાનમંડળને તો આ પલાયનની ખબર છેક બપોર પછી પડી. તે વખતે તો રાજા નવા મિત્રોના ચોકીપ્હેરા તળે નિર્ભય હતો. એટલે એ દ્રોહીઓ હાથ ઘસતા રહ્યા.

જાપાનીઓની ધાકથી ધ્રુજતા અને અંદરની વાતોથી છેક અજાણ રહી ગએલા પ્રજાજનોને જ્યારે આ ખબર પડી ને બધો ભેદ સમજાયો, ત્યારે પ્રચંડ લોકમેદિની એકઠી મળી; કોઇના હાથમાં લાકડી, કોઇના હાથમાં પત્થર, એમ જે મળી ગયું તે હથીઆર ઉઠાવીને પાટનગરની પ્રજા ઉમટી પડી. બધાએ નિશ્ચય કર્યો કે રાજાજીના શત્રુઓને સંહારી નાખીએ. તપેલા મગજના એ હજારો સ્વામીભક્તો તલપતા ખડા હતા. જુના અમીરઉમરાવો પણ એકદમ રાજાજીને નમન કરવા પહોંચી ગયા. બે કલાકમાં તો નવું પ્રધાન-મંડળ ગોઠવાયું અને જુના પ્રધાનો બરતરફ થયા. દેશદેશના એલચીઓએ જઇને રાજાને વંદના દીધી. છેલ્લો છેલ્લો જાપાની એલચી પણ જઇ આવ્યો. એનો તો શ્વાસ જ સૂકાઇ ગયો હતો. કારણ કે એની બધી બાજી ધૂળ મળી હતી.

તેજ સાંજે સૈન્યને સંદેશો પહોંચ્યો કે "રાજાજીની રક્ષા કરો, અને રાજદ્રોહીઓને વીણી વીણીને હણી નાખી એનાં માથાં રાજાજીની સમક્ષ

લઇ આવો." લોકોને હત્યાકાંડ રચવા માટે આટલી વાત બસ હતી. કાવત્રાખોર પ્રધાનમંડળમાંથી બે પ્રધાનોને તો માર્ગ પર ઘસડી લાવી લોકોએ રેંસી નાખ્યા. ત્રીજાને એને ઘેરજ ઠાર કર્યો. એક રીતે તો આટલા ખળભળાટથી જ દેશમાં શાંતિ પ્રસરી શકી. ગામડાંની પ્રજા જાપાનીઓની સામે બળવો જગાડવા તત્પર થઇ રહી હતી, પરંતુ પોતાના રાજાજીને ફરી સ્વતંત્ર થયેલા નિહાળીને પ્રજા શાંત પડી ગઇ.

રશિયન રીંછની સામે થવાની જાપાનમાં હિમ્મત નહોતી, એટલે ફરીવાર રશીઆ, કોરીઆ અને જાપાન વચ્ચે સંધિ થઇ. એ નવા સંધિપત્રની અંદર જાપાને રશીઆને સ્પષ્ટ કોલ લખી આપ્યો કે "કોરીઆની કોપાયમાન બનેલી પ્રજા તરફથી જાપાની એલચીખાતા ઉપર હલ્લો આવવાનો ભય મટી જશે કે તૂર્ત જ અમે કોરીઆમાંથી જાપાની લશ્કર ખસેડી લેશું." આ સંધિ ૧૮૯૬ માં થઇ. ૧૮૯૮ માં જાપાન-રશીઆ વચ્ચે ફરીવાર કરારનામું થયું. તેની પહેલી જ કલમ ભાખે છે કે "રશીઆ ને જાપાનની બન્ને સરકારો કોરીઆનું તટસ્થ રાજત્વ તેમજ સદંતર સ્વાતંત્ર્ય સ્વીકારે છે અને એ દેશના આંતર્વહીવટમાં કશી ય દાખલ ન કરવાના સોગંદ લે છે."

રાજા ગાદી પર આવ્યો, લશ્કર અને પોલીસખાતું પાછાં કોરીઆને સોંપાયાં.

## ૫૬ તૈયારીની તક

**ઓગણીસમી** સદીનાં એ અંતિમ વર્ષોની અંદર આખા જગતની સત્તાઓ રશીઆના પરિબળ સામે કમ્પી રહી હતી. સાઇબીરીઆની ભૂમિ પર એના કદમ સંભળાવા લાગ્યા ને એના આગમનનો અવાજ નજીક ને નજીક આવવા લાગ્યો, તેમ તેમ હિન્દના બ્રીટીશ સામ્રાજ્યને ફાળ પડવા લાગી. પાસીફીકને કિનારે જેમ જેમ રશીઆ પોતાની રેલ્વેના પાટા પાથરવા લાગ્યું તેમ તેમ જાપાનના કાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ ચમકી ઉઠયા. ચીનની રાજ્યવ્યવસ્થામાં મહત્ત્વનું આસન મેળવવા રશિઅન રીંછ ઘુરકી રહ્યું હતું. અને જર્મનીની હાલત તો ફ્રાન્સ ને રશિયાની વચ્ચે, સુડી વચ્ચેની સોપારી જેવી હતી. આવી પ્રચંડ સત્તાનો પંજો કોરીઆના શિર ઉપર છાયા કરી રહ્યો હતો એટલે જાપાન થરથરીને આઘે જ બેસી રહ્યું.

રશિઆ-જાપાનના એ નવા કરારનામા અનુસાર ફરીવાર સ્વાધીન બનેલા કોરીઆને પોતાની તૈયારી કરી લેવાની એક અનન્ય તક મળી ગઇ. સુલ્તાનની પદવી ધારણ કરીને સિંહાસન પર બેઠેલા રાજાને જો ઉંડી અક્કલ હોત તો એનો દેશ ઉગરી જાત. બેશક, એણે પરદેશથી સલાહકારો બોલાવ્યા અને રાજમાં કેટલાક સુધારા દાખલ કર્યા. રેલ્વે વિસ્તારવાનું શરૂ કર્યું, નિશાળો અને ઇસ્પીતાલો પ્રસરતી થઇ, શહેરસુધરાઇના પ્રબંધો થયા, પોલીસખાતું નવી ઢબ પર રચાવા લાગ્યું, લશ્કરમાં પણ નવાં તત્વો દાખલ થયાં, અને શ્રીમંતોના પુત્રો અમેરિકા જઇને અભ્યાસ પણ કરવા લાગ્યા.

પરદેશમાં ભણી ગણીને તૈયાર થએલો એક સાચો દેશભક્ત ડો. ફીલીપ જેઇસોન, કે જે એક વખતના ગુન્હા બદલ અમેરિકામાં દેશવટો ભોગવટો હતો, એને પણ આદરમાનથી બોલાવી રાજાજીએ પોતાની પ્રીવી કાઉન્સીલનો સલાહકાર નીમ્યો.

પરંતુ આ નવીન ભાવનાઓથી ભરેલા યુવાન અધિકારીમંડળ ઉપર રાજાજીને દારૂણ વ્હેમ આવવા લાગ્યો. એણે જોયું કે નવા પ્રધાનો ને મંત્રીઓ તો રાજાની સત્તા કમી કરી શાસનની અંદર પ્રજાનો અંકુશ પેદા કરવા માગે છે. એણે જોયું કે ખજાના ઉપર નીમાએલો એક દાનો અંગ્રેજ મી. બ્રાઉન તો પાઇએ પાઇનો હિસાબ માંગે છે અને ઉડાઉ ખર્ચ કરવાની રાજાને મના કરે છે. દાખલા તરીકે પોતાની સદ્‌ગત મહારાણીના સ્મરણ રૂપે રાજાજીને એક આલેશાન મહેલ બાંધવાની ઇચ્છા થઇ. તેના જવાબમાં આ નિડર ખજાનચીએ કહ્યું કે "એ નહિ બને. બ્હેતર છે કે એ પુનિત સ્થાન સુધી લોકસુખને ખાતર સુંદર સડકો બંધાવો." એ મુજબ સુંદર સડક બંધાઇ અને સ્મરણ-મહેલના નકશા અભરાઇએ પડયા રહ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજાના હૃદયમાં ફિકર પેઠી. રાણીની હત્યા થઇ તે રાત્રિથી જ એ વ્હેમી, અચોકસ અને દુર્બળ બન્યો હતો. એ ચમકી ઉઠયો કે હાય ! કોઇ મારી સત્તા ઝુંટવી લેશે. જેઇસોન જેવાની ડખલ ન સહી શકનારા પ્રધાનમંડળના કેટલાએક પીછેહટવાદી અધિકારીઓએ પણ રાજાજીને એજ વિચારો ઠસાવ્યા. પરદેશી સલાહકારોએ પણ રાજતંત્રમાં અનીતિ પ્રસારી દીધી. કોરીઆના રાજતંત્રમાં સારા આદમીને સ્થાન ન રહ્યું. પ્રજાની આ દુર્દશા ઉપર ફિકર કરતો એ જવાળામય પ્રાણ ડો. જેઇસોન નોકરીમાંથી છુટો થયો અને એણે એક વર્તમાનપત્ર કાઢયું, જેનું નામ હતું 'સ્વતંત્ર.' અંગ્રેજી અને કોરીઅન બન્ને ભાષામાં એ પ્રગટ થવા લાગ્યું.

નિર્ભય પણ ઠરેલી લેખિની ચલાવીને જેઇસોને રાજશાસનના સડા ઉખેળવા શરૂ કર્યા. પ્રજાની રાવ પરબારી રાજાને પહોંચાડવા મથવા માંડયો. અધિકારીઓ એ પત્રથી કમ્પતા. સત્તાધીશોના જુલ્મો ઓછા થવા લાગ્યા. આતુર હૃદયે લોકો એ વાંચતા. એક આદમી વાંચીને પોતાના પાડોશીને વાંચવા દેતો. એમ છેક દૂર દૂરને ગામડે પણ 'સ્વતંત્ર' પહોંચવા લાગ્યું. લોકો એટલા બધા ગરીબ હતા કે અકેકેક નકલ બસો બસો આદમી વાંચવા લાગ્યા. લોકોને એ રસ લગાડયા પછી જેઇસોને ખોલી 'સ્વાતંત્ર્ય-સભા'.

સ્વાતંત્ર્ય-સભા શરૂ થઈ ત્યારે બાર જ સભ્યો નોંધાયા. પરંતુ એક દીવાની જ્યોતમાંથી જેમ અનેક દીવા પ્રગટે તેમ ત્રણ મહિનામાં તો એ બારમાંથી દસ હજાર નરનારીઓ સભાને ચોપડે નોંધાઇ ગયાં. કોરીઆ-સરકારની કાળી કિતાબને પાને પણ એ દસ હજાર નામ ચઢી ચુકયાં. એના સભાસદ થવામાં કશો શિષ્ટાચાર કરવાનો નહોતો, ફક્ત એકત્ર મળીને ચર્ચા કરવાની હતી. ઉભા થઇને બે શબ્દ બોલવાની પણ જેને આદત નહોતી એવા પ્રજાજનો કોઇ અજબ ત્વરાથી શીખી ગયા કે રાજપ્રકરણના નિગૂઢ પ્રશ્નોની પણ શાંત ચિત્તે ને શાણપણભરી છણાવટ શી રીતે કરી શકાય અમલદારોના બુરા વહીવટ પર પણ લોકો બેધડક બોલવા લાગ્યા. દોઢ વરસમાં તો અધિકારીઓ આ સભા ઉપર દાંત કચકચાવવા લાગ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિદેશી અધિકારીઓ પણ પ્રજામતની આ જાગૃતિ પર વક્ર નજરે જોવા લાગ્યા.

આ નવીન લોકશક્તિનો પહેલો પરિચય રાજ્યને આવી રીતે થયો: પોતાના સૈન્યને તાલીમ આપવાનું કામ કોરીઆ-સરકારે રશીઆના એલચીખાતાને સુપ્રત કર્યું. દેશની ફોજ એક પરદેશી સત્તાના હાથમાં સોંપાય તેનાં જોખમ સ્વાતંત્ર્ય-સભાને પલમાં સુઝી ગયાં. એ આત્મઘાતક પગલું અટકાવવાનું નક્કી થયું. બીજે દિવસે રાજમહેલના ઓટા ઉપર દસ હજાર સભાસદો ખડા થયા અને રશીઅન અમલદારોને લશ્કરમાં લાવવાનું કરારનામું ફાડી નાખવા તેઓએ રાજાને અરજી કરી. રાજાએ પ્રજાને સમજાવવા ઉપરાઉપરી માણસો દોડાવ્યાં. પણ દસ હજારમાંથી એકેય હટયો નહિ. કરારનામાના ટુકડા નજરે જોયા પછી જ ત્યાંથી ખસવાના સર્વેએ શપથ લીધા.

બીજી બાજુ રશીઆના એલચીને જ્યારે આ સમાચાર પહોંચ્યા ત્યારે એની આંખોના ખુણા પણ લાલઘુમ થયા. એણે રાજાને દમ ભરાવ્યો કે જો આ લોકોને નહિ વિખેરી નાખો તો આજ પળે હું મારા તમામ અમલદારોને ઉઠાવી લઇને ચાલ્યો જઇશ. પછીના પરિણામ માટે હું જોખમદાર નથી.

રાજાજીએ લોક-નાયકોને આ ભયાનક ધમકી કહી સંભળાવી: અને સમજાવ્યું કે જો રશીઆ સાથેનો આ કંટ્રાકટ રદ કરશું તો ભયંકર પરિણામો આવશે. લોકો ઉત્તર આપે છે કે બીજાં બધાં પરિણામો અમે સહીશું, પરંતુ આ લશ્કરી બંદોબસ્તની અંદર રશીઆનો પગપેસારો નહિ જ સહેવાય.

રાજા લાઇલાજ બન્યો. એણે રૂશીઅન એલચીને કહાવ્યું કે: "કૃપા કરીને અમલદારોને ઉઠાવી લ્યો; કરારનામું રદ કરો; બદલામાં હું નુકશાનીના નાણાં ભરી દઇશ."

આખરે એ મુજબ જ અમલ થયો અને પ્રજાની પ્રચંડ જીત થઇ.

દસહજારની ભુજાઓમાં નવું બળ આવ્યું. રાજાની આગળ એણે આટલા નવા સુધારાનો ખરડો ધર્યો:

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧. પરદેશીઓની ડખલગીરી છોડો.

૨. વિદેશીઓને ખાસ હક્કો આપવામાં વિવેક રાખો.

૩. મોટા ગુન્હેગારોનો છડેચોક ઇન્સાફ કરો.

૪. રાજ્યખરચની બદીઓ દૂર કરો.

૫, લોક–પ્રતિનિધિ મંડળ સ્થાપો.

રાજાજીને આ વાતો વસમી લાગી. એણે આજ્ઞા દીધી કે 'એ મંડળને જ વિખેરી નાખો."

દસ હજારે શું કર્યું ? તેઓએ સામે શસ્ત્રો ન ઉગામ્યાં. અહિંસાના સિદ્ધાંતને બરાબર સમજનાર એ પ્રજાએ એક કાંકરી પણ ન ફેંકી, પરંતુ પોતાની મેળે જ પોલીસથાણાંઓની અંદર જઇને હાથ ધર્યો ને કહ્યું કે "પહેરાવો બેડી."

દસ હજારને પૂરવાનાં જેલખાનાં કયાં હતાં? શરમાતે મ્હોંયે પોલીસે ફક્ત સત્તર સરદારોને પકડયા. તેઓનાં માથાં જ ઉડાવી દેવામાં આવત, પણ તેઓને પક્ષે પ્રચંડ પ્રજામત ઉભો થઇ ગયો હતો તેને પરિણામે પાંચમા દિવસની પ્રભાતે તો બંદીખાનાં ખોલાયાં ને સુધારા મંજુર થયા.

જેવા લોકો ઘેર પહોંચ્યા તેવી તો સુધારાની વાત જ ઉડી ગઇ. ઠગાએલી પ્રજા વધુ રોષે ભરાણી; ઠેર ઠેર ટોળાં મળ્યાં; સિપાહીને હુકમ મળ્યો કે ટોળાં પર ગોળીઓ ચલાવો.

એકેએક સિપાહીએ કમર પરથી પટ્ટા ખોલીને નીચે ફેંકયા; ટોપી પરના બીલ્લા તોડી નાખ્યા; બંદુકો ભોંયપર ધરીને તેઓ બોલ્યા કે "માફ કરો ! અમે પ્રજાથી નોખા નથી."

સરકાર સમજી ગઇ કે સિપાહીઓની અંદર હજુ થોડી ઘણી પ્રજાભાવના રહી ગઇ છે. એટલે પછી એણે નિમંત્ર્યા પરદેશી સોલ્જરોને.

સોલ્જરોએ તે દિવસે તો લોકોનું દળ સંગીનની અણીએ વિખેર્યું. પણ બીજી પ્રભાતે આવીને જુવે તો હજારોની સંખ્યામાં પ્રજા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજમહેલની સન્મુખ ખડી થઇ હતી. ચૌદ દિવસ ને ચૌદ રાત્રિઓ એ હજારોએ ત્યાં ને ત્યાં ગુજારી. કોરીઆની પ્રજા દુભાતી ત્યારે આવું તાગું કરી રાજસત્તા પર પોતાનું નૈતિક દબાણ લાવતી.

રાજાને નમવું પડયું. માગેલા સુધારા મંજુર થયા. લોકોએ જય-ઘોષ કર્યો. પણ બહુ ઉતાવળ થઇ ગઇ. લોકોની અંદરોઅંદર જ ફાટફુટ થઇ; સુધારાનો કાગળીઓ ફરીવાર હવામાં ઉડયો; લોક-નાયક સીંગમાન બંદીખાને પડયો. રાજસત્તાના શત્રુ તરીકે એને ઉંડામાં ઉંડા ભોંયરામાં પૂરવામાં આવ્યો. સાત સાત મહિના સુધી ભોંયતળીઆ ઉપર, બીજા અનેક બંદીવાનોની સાથે, એક જ સળીઆમાં હાથપગ બાંધી, માથા પર જબરદસ્ત બોજો મૂકી એને સતાવવામાં આવ્યો. કોઇ કોઇ વાર પુરાણી પ્રથા મુજબ સિતમ ગુજારવા માટે એને બહાર કાઢવામાં આવતો. એ સિતમ કરતાં મોત મીઠું હતું. એક રાત્રિએ એને ખબર કરવામાં આવી કે "તને દેહદંડની સજા મળી છે." બંદીવાન આનંદથી નાચવા લાગ્યો. પણ પહેરેગીરોએ એક નાનકડી ભૂલ કરી નાખી. સીંગમાનને બદલે એની બાજુ પર જ બંધાએલા એક બીજા કેદીને એ લોકો ભૂલથી ઉઠાવી ગયા ને એનો જાન લીધો.

પછી સીંગમાનની સજા કમી થઇને જન્મ-કેદની ઠરી. એ અંધ-કારમાં પડ્યાં પડ્યાં એનો આત્મા પ્રભુ તરફ વળ્યો. નાનપણમાં નિશાળની અંદર એને કાને પડેલા ઇશ્વરી પેગામો એને ફરી યાદ આવ્યા; પ્રભુ એના પ્રાણની અંદર બોલી ઉઠયો. પહેરેગીરો એના મિત્રો બન્યા. એક જણ છુપાવીને એની પાસે "નવસંહિતા" ( New Testament ) લઇ આવ્યો. એની નાનકડી બારીમાંથી ઝાંખો ઝાંખો પ્રકાશ આવતો હતો; એક દરોગો એ ઝકડાએલા કેદીની સામે એ બારીમાં પુસ્તક ધરી રાખતો; બીજો દરોગો જેલર આવે તેના ખબર આપવા માટે બહાર ઉભો રહેતો. ને એ હાલતમાં કેદી પુસ્તક વાંચતો; સહુ પાપાત્માઓને, સદોષ અને નિર્દોષને એ પ્રભુના બોલ સંભળાવતો. ધીરે ધીરે જેલર પણ એની સંગતમાં પીગળી ગયો. સાથોસાથ કારાગૃહની અંદર જ એણે છુપું છુપું સ્વાતંત્ર્યના રહસ્ય સમજાવતું પુસ્તક લખી કાઢયું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાતસાત મહિનાના સિતમો વીત્યે એને બીજા વિશાળ બંદીગૃહમાં પૂરવામાં આવ્યો. એ કારાગૃહમાં ઘણાયે મિત્રો એને આવી મળ્યા. અને ભવિષ્યના પ્રજાસત્તાકના પાયા ત્યાં જ મંડાઈ ચૂક્યા. ૧૯૦૪ માં સીંગમાન છુટયો. અમેરિકા ગયો. અભ્યાસે ચડયો. હાવર્ડ વિદ્યાપીઠમાં એમ. એ.ની અને તે પછી પી. એચ. ડી.ની પદવી લીધી. હોનોલુલુ નગરમાં જઈને એક કોરીઅન શાળાનો આચાર્ય બની સ્વદેશનાં બાલકોની સેવા કરવા લાગ્યો.

## ૬§ મહાપ્રજાઓના કોલ

**પ્રજાની** દેશભક્તિ દાબી દેનાર કોરીઆ-નરેશને કુદરતી સજા પામવાનો એક પ્રસંગ પણ આવી પહોંચ્યો : અને તે એ હતો રશીઆ-જાપાનનો ઇ. સ. ૧૯૦૪નો સંગ્રામ. જાપાનની દીર્ઘદર્શી સરકારે એ યુદ્ધની જે જાહેરાત કરી તેની અંદર કુનેહથી લખ્યું હતું કે "કોરીઆની તટસ્થ સ્થિતિ માટે અમારૂં સામ્રાજ્ય ખાસ ચિંતા સેવે છે અને અમારા રાજ્યની સલામતીને ખાતર કોરીઆની નિરાળી હસ્તી જરૂરની છે." એ પહેલું પેતરૂં. થોડા દિવસ પછી જાપાને કોરીઆને રશીઆ સામેના તહનામાની અંદર દાખલ થવા લલચાવ્યું. એ તહનામાની ત્રીજી કલમમાં જાપાનનો કોલ લખાયો કે "જાપાનની શાહી સરકાર કોરીઅન સામ્રાજ્યની સ્વતંત્રતા તેમજ મુલ્કી તટસ્થતા રક્ષવાની ખોળાધરી આપે છે." અને આ ખોળાધરીના બદલામાં તેમજ તહનામાને આધારે કોરીઆએ જાપાની લશ્કરને રશીઆની સામે યુદ્ધ-રચના કરવા માટે પોતાનો મુલ્ક વાપરવા દેવાનું કબુલ રાખ્યું. એ રૂએ જાપાની સૈન્યે કોરીઆનો મુલ્ક રોકી લીધો. એનાં બંદરો, એનાં તારટપાલ, રેલ્વેઓ, વેઠીઆમજૂરો વગેરે મ્હોંમાગ્યાં સાધનોના બળે જાપાનનો રશીઆ સામે વિજય થયો. એ યુદ્ધવિરામના સુલેહનામાની અંદર જાપાને રશીઆની પાસે લખાવી લીધું કે "જો કે કોરીઆની સ્વાધીનતા અમે સ્વીકારીએ છીએ, તો પણ અમારે સ્પષ્ટ કરવું જોઇએ કે કોરીઆમાં જાપાનનું હિત સર્વોપરિ મહત્ત્વનું છે. અને કોરીઆ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખાતેની જાપાની વેપારઉદ્યોગની ખિલવણીમાં અમે આડે આવશું નહિ. અમે અમારા લશ્કરી શિક્ષકોને તથા સલાહકારોને સીઉલમાંથી તત્કાળ ઉડાવી લઇએ છીએ."

આ રીતે વિજયમત્ત જાપાન પોતાના પાડોસીની પાસે પોતાનું 'કોરીઆમાં સર્વોપરિ હિત' કબુલાવી લઇ, કોરીઅન પ્રજા ને રાજા વચ્ચેના વિખવાદનો લાગ સાધી, પોતાના દલબલ સાથે કોરીઆમાં ઉતર્યું.

પછી ધીરે ધીરે કબ્જો લેવાનું શરૂ કર્યું. કોરીઆના પરદેશ ખાતાના મંત્રીઓ તરીકે જાપાનીઓ નીમાયા. ટપાલખાતું ને તારખાતું જાપાને કબ્જે કર્યું. જાપાની લશ્કરીઓ નીમાયા. જાપાની અધિકારીની રજા સિવાય રાજદ્વારી સભા ન ભરાય. આની સામે અવાજ ઉઠાવનાર કોરીઆવાસીને માટે કારાગૃહ અથવા કાળું પાણી ઠર્યું. જાપાની મજુરોથી દેશ ઉભરાઇ ગયો. એ મજુરોને કોરીઆનો કાયદો લાગે નહિ, એટલે મજુરો ચોરી કરી શકે, કોરીઆવાસી પર ચાબુકા ચલાવી શકે ને શોખ થઇ આવે તો ખૂન પણ કરી શકે.

કોરીઅન શહેરોનાં નામ પણ બદલીને જાપાની નામ રાખવામાં આવ્યાં. લશ્કરી કાયદો ચાલ્યો. રેલ્વેની બન્ને બાજુની બહોળી જમીન પ્રજાની પાસેથી ખરી કીમતના વીશમા ભાગની કીમતે ખંડી લેવામાં આવી. કારણ બતાવ્યું કે લશ્કરી જરૂરીઆત છે.

લશ્કરી જરૂરીઆતને બ્હાને ઝુંટી લીધેલી આ જમીન ઉપર જાપાની દુકાનો ચણાઇ, જાપાની કારખાનાં ને જાપાની ઘરાં ખડાં થયાં.

પછી ૧૯૦૫ ના નવેમ્બરના એક પ્રભાતે જગવિખ્યાત જાપાની અધિકારી માર્કવીસ ઇટો કોરીઆને કિનારે ઉતર્યો અને તેણે રાજાના હાથમાં એક કાગળીઓ મૂકયો. મૂકીને કહ્યું કે "સહી કરો." કાગળીઆમાં નીચે પ્રમાણે નવા કરારો હતાઃ—

(૧) કોરીઆના પરદેશી સંબંધો જાપાની પરદેશખાતાને હસ્તક રહેશે. (૨) કોરીઆના એલચી તરીકે જાપાનીઓ પરદેશમાં નીમાશે;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૩) કોરીઆમાં જાપાની રેસીડેન્ટો અંદરે અંદરે બેસી જશે. એની છેલ્લી કલમ એ હતી કે (૪) "કોરીઆના રાજ્યકુટુંબનું માન તેમજ સલામતી જાળવવા જાપાન ખોળાધરી આપે છે."

રાજા તો તાજ્જુબ જ બની ગયો. એણે જણાવ્યું કે "રૂસ–જાપાનની લડાઇ વેળા અમારી સ્વતંત્રતા રક્ષવાનાં તમે વચનો આપ્યાં છે ને ?"

ઇટોએ ઉત્તર વાળ્યો કે: "હું તો ચિઠ્ઠીનો ચાકર છું. કબુલ કરી લેશો તો બન્ને પ્રજાને લાભ થશે અને પૂર્વની શાંતિ સચવાઇ રહેશે. કૃપા કરી જલદી જવાબ આપો."

રાજા—પ્રધાનો અને પ્રજાજનોની સંમતિ વિના મ્હારાથી કંઇ ન કહેવાય. મારા દેશમાં પરાપૂર્વથી ચાલતો આવેલો નિયમ છે કે આવા મહાપ્રશ્નો પર વર્તમાન તેમજ માજી પ્રધાનોની અને વિદ્વાનો તેમજ આમલોકોની સલાહ લેવી જોઇએ.

ઇટો—બે રાજ્યોની દોસ્તી તૂટવાનું જોખમ હોય ત્યાં એવાં બ્હાનાં ન ચાલે. લોકોના વિરોધને તો પલકમાં ચાંપી દેવાય.

રાજા—મ્હારા દેશનો વિનાશ નહિ કરાવું. ઝેર ખાઇને મરીશ, પણ સહી નહિ કરૂં.

પાંચ કલાકની માથાફોડ પાણીમાં ગઇ. ઇટોની આંખના ખુણા લાલચોળ થયા; એ આંખોમાં જાપાની બંદુકો ને તોપો દેખાણી. રાજા ડગ્યો નહિ.

ઇટો પહોંચ્યો પ્રધાનોની પાસે. પશ્ચિમની નિશાળે બરાબર ભણેલો એ અધિકારી સમજાવે છે કે "જુઓ ભાઇઓ, પીળા રંગની બે પ્રજાઓ જો દોસ્તીમાં જોડાય તો આપણે એશિયાને ગોરી પ્રજાના મ્હોંમાંથી બચાવી શકશું. અમારે કાંઇ બીજો સ્વાર્થ નથી."

પ્રધાનોએ ડોકાં ધુણાવ્યાં. ઇટો કહે કે "નહિ કબુલો તો જાન લઇશ. માની જાશો તો ખીસાં ભરી દઇશ." પ્રધાનો અડગ રહ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇટોએ જાપાની લશ્કરને સાદ કર્યો. શેરીઓમાં તોપો મંડાઇ. સરકારી અદાલતોની ને રાજમહેલની ચોપાસ જાપાની સંગીનો ઝળુકી ઉઠયાં. રાજાને યાદ આવી ૧૮૯૫ની પેલી ભયાનક રાત્રિ, જે રાત્રિના અંધકારમાં જાપાને કોરીઆની બહાદુર રાણીનું લોહી રેડેલું. રાજા તેમજ પ્રધાનોનાં કાળજા ફફડી ઉઠયાં.

જાપાની તોપો બંદુકોથી ઘેરાએલા એ મહેલની અંદર રાત્રિએ પ્રધાનમંડળ મળ્યું. જાપાની તલવારોના ખણખણાટ પ્રધાનોની બેઠકમાં સંભળાતા હતા. ત્યાં તો જાપાની સેનાપતિની સાથે ઇટો આવી પહોંચ્યો. એણે રાજાજીની સાથે એકાંત મુલાકાતની માગણી કરી. જવાબ મળ્યો કે "નહિ બને. મારા પ્રધાનોને મળો."

પ્રધાનમંડળની સાથે ઇટોને ફરી રકાઝક ચાલી. કોપ કરીને જાપાની હાકેમ બોલ્યો કે "કબૂલ કરીને ખીસાં ભરી લ્યો, નહિ તો ના પાડીને ડોકાં નમાવો."

જાપાની સેનાધિપતિએ તલવાર ખેંચી. કોરીઆનો બહાદુર મુખ્ય-પ્રધાન બોલ્યો કે "સુખેથી, હિમ્મત હોય તો માથાં ઉડાવી દ્યો."

"જોવું છે?" એમ બોલીને સેનાધિપતિ, વડા પ્રધાનનો હાથ ઝાલી, બીજા ખંડમાં ઘસડી ગયો. એનો જાન લેવાની તૈયારી કરી. માર્કવીસ ઇટો પણ તેઓની પાછળ ગયો અને ફોસલાવવા લાગ્યો:

"રાજા પોતે તને સહી કરવાની આજ્ઞા કરે છે તો યે નહિ માન?"

"ના, ના," પ્રધાને ઉત્તર દીધો; "ખુદ ખુદા ફરમાવે તો પણ સહી નહિ કરૂં."

એ રકાઝક ચાલતી હતી તે સમયે પ્રધાન-ગૃહમાં બેઠેલા પ્રધાનો વિચારે છે કે "કયાં ગયો એ આપણો સરદાર, જેણે આપણને મૃત્યુ પર્યંત પણ અડગ રહેવા ઉશ્કેરેલા?" પળ પછી પળ વીતવા લાગી, પણ એ ગએલો તે પાછો વળ્યો નહિ. ત્યાં તો કાને શબ્દો પડયા કે "એને તો હણી નાખ્યો." જાપાનીઓ ત્રાડ મારવા લાગ્યા. બધી સભ્યતા છોડીને મોતનો ડર બતાવવા લાગ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રધાનો ખળભળ્યા. મનમાં થયું કે આપણાં માથા ઉડવાનો વારો પણ હમણાં આવી પહોંચશે; કોઇ આપણી વ્હારે આવવાનું નથી. મરવાથી શું વળવાનું ? એમ સમજીને આખી રાતની રકાઝકને અંતે પ્રધાનોએ કરારનામા પર સહી કરી. પરદેશખાતાના પ્રધાને બહુ ટક્કર ઝીલી. આખરે એ પણ ડગમગ્યો. અડગ રહ્યા ફક્ત બે જણા: એક રાજા અને બીજો મુખ્યપ્રધાન.

લોકોએ નવી સંધિપર સહી થયાનું સાંભળ્યું. લોકો કોપથી ને ભયથી થરથરી ઉઠ્યા. સહી કરનાર સચીવોને શિરે ધિઃકાર વરસ્યો. બજારમાં નીકળશું તો ટુકડા થઇ જશું એવી તેઓને ફાળ પેઠી. પરદેશખાતાનો સચીવ રાજમહેલમાં દાખલ થવા જતો હતો ત્યાં દરવાજા ઉપર જ ઉભેલો દેશી સોલ્જર બંદુક ઉપાડી એ દેશદ્રોહીને ઠાર કરવા ધસ્યો. નાસીને એ પ્રધાન જાપાની એલચીખાતામાં ભરાયો. પશ્ચાત્તાપ એના અંતઃકરણને વીંધી રહ્યો હતો. જાપાની સેનાપતિની સમક્ષ જઇને એણે ચીસ પાડી "તેં-તેં જ મને મારા દેશનો દુશ્મન બનાવ્યો. લે હવે આ મારૂં લોહી." એમ કહીને ખંજર ખેંચી એ પોતાની ગરદન કાપવા લાગ્યો; પણ જાપાની સેનાધિપતિએ ખંજર ઝુંટવી લીધું. એને ઇસ્પિતાલમાં મોકલ્યો. આરામ થયે, જાપાની-ઓએ પેલા મુખ્યપ્રધાનને દેશવટે કાઢીને આ મિત્રને મુખ્ય-પ્રધાનપદે બેસાડયો; પણ દેશદ્રોહનો પશ્ચાત્તાપ એના અંતરને બાળી રહ્યો હતો. એણે પ્રધાનવટું છોડી દીધું.

કોરીઆની અંદર આંગણે આંગણે આક્રંદ ચાલ્યું. ઇજ્જતદાર પ્રજાજનો, મોટા અમલદારો અને એક વખતનો યુદ્ધખાતાનો વૃદ્ધ સચીવ, કુલ એક સો જણા રાજા પાસે આજીજી કરવા લાગ્યા કે "કરારનામું રદ કરો ને સહી કરનારા પ્રધાનોની કતલ ફરમાવો." આંસુભરી આંખે રાજા કહે કે "મેં સહી નથી કરી. પણ એ રદ કરવાની હવે મારી તાકાત નથી. તમે શોરબકોર કરો ના. નહિ તો જાપાનીઓ આપણને સહુને રેંસી નાખશે."

પણ અરજદારો ન ડગ્યા. રાજમહેલમાં બેસી રહ્યા ને હઠ લીધી કે "ઉત્તર આપો." કેટલાએક સરદારોને જાપાની સૈન્યે કેદ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્યાં. ત્યાં તો એ ખાલી પડેલી જગ્યાએ નવા મરણીઆ આવી પહોંચ્યા. આખરે રાજા કાંઇ ઉત્તર ન આપી શકયો. અરજદારો ઘેર ગયા; કેટલાકે રાજીનામાં ફેંકયાં. બાકીનાએ આપઘાત કરીને પ્રાણ કાઢી આપ્યો.

**રાજમહેલને બારણે બેસી લાંઘણો ખેંચવી ને આખરે ઘેર જઇ જાન કાઢી આપવો એ કોરીઆવાસીઓના સત્યાગ્રહની પરાપૂર્વથી ચાલી આવતી રીતિ હતી.**

'હ્વેન્ગ-સુંગ-શીમ્બુન' નામના એક દેશી વર્તમાનપત્રમાં આ આખી ઘટના પર આટલી નોંધ પ્રકટ થઇ:

"માર્કવીસ ઇટો કોરીઆમાં આવે છે એ વાતની જાણ થતાં આપણા ભ્રમિત પ્રજાજનોએ એકે અવાજે એવું ઉચ્ચાર્યું હતું કે આ પુરુષ પૂર્વના ત્રણે દેશો –ચીન, જાપાન અને કોરીઆ–ની દોસ્તી નભાવવાની સાચી જવાબદારી અદા કરી જાણશે; અને એના આગમનનો મુખ્ય હેતુ પણ કોરીઆની સ્વાધીનતા રક્ષવાના સારા ઇલાજો યોજવાનો જ હશે. આ ભ્રમણાને વશ થઇ પ્રજાએ પાટનગરના સમુદ્ર-તટ પર અતિથિને સંયુક્ત સ્વાગત આપ્યું.

"પરંતુ ઓહ! જગતમાં આવતી કાલના બનાવોની આગાહી કરવી એ કેટલું કઠિન છે! જ્યારે રાજાજીની સમક્ષ આ જાપાનીએ પાંચ કરારો પેશ કર્યાં ત્યારે જ જણાયું કે આપણે બધા આ અતિથિની મતલબ વિષે ભ્રમણામાં હતા. ખેર, પણ જ્યારે એ કરારો પર મોહર મૂકવાની રાજાજીએ ના પાડી, ત્યારે તો પછી ઇટોએ વધુ કોશીષ છોડીને પાછા ચાલ્યા જવું જ ઉચિત હતું.

"પરંતુ આપણા રાજ્યના પ્રધાનો તો કૂત્તાથી ને ભુંડડાંથી પણ વધુ અધમ છે. તેઓને માનઅકરામ અને સ્વાર્થસિદ્ધિ જોઇતાં હતાં. તેઓ પોલી દમદાટીથી થરથરી ગયા ને તેઓએ ચાર હજાર વર્ષોથી ટકી રહેલી દેશીય સ્વાધીનતાને, પાંચ સદીના પુરાણા રાજવંશના ગૌરવને, તેમજ બે કરોડ પ્રજાજનોના સ્વાતંત્ર્યને જાપાનના હાથમાં સરકાવી દઇ રાજીખુશીથી દેશદ્રોહ કર્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" હવે વધુ વાર જીવવું શું આપણામાંના કોઇને પણ કામનું લાગે છે? આપણા પ્રજાજનો અન્યના ગુલામો બની ગયા અને ચાર હજાર વર્ષોથી ટકેલો આપણો રાષ્ટ્ર–પ્રાણ એક જ રાતમાં મરી ગયો. અફસોસ! બંધુજનો! અફસોસ!"

જાપાનીઓએ આ પત્રના તંત્રીને તત્કાળ કેદ પકડી કારાગૃહમાં નાખ્યો અને છાપું જપ્ત કર્યું.

રાજા તો રઘવાયો બન્યો. એણે અમેરિકાના એલચીને આજીજી કરી કે "મારી વારે આવો; આપણી ૧૮૮૨ની સંધિ સંભારો."

અમેરીકન એલચી ડો. ઍલને આ બીના પોતાને દેશ લખી મોકલી; સંધિ પ્રમાણે અમેરિકાની ફરજ યાદ દેવડાવી. દેશથી હુકમ છુટયો કે "તમારૂં ત્યાં કામ નથી. નવા એલચીને સીલ સોંપીને તમે પાછા ચાલ્યા આવો!"

ઍલનને બોલાવી લઇને અમેરિકન સરકારે બીજો એલચી મોકલ્યો.

અકટોબર મહિનામાં રાજાએ અમેરિકા પાસે પરભારી આજીજી પહોંચાડવાની પેરવી કરી. કોરીઆવાસીને તો જાપાનીઓ કિનારોજ છોડવા ન આપે એટલે એક અમેરિકનને જ એલચી બનાવી સાથે કાગળ આપી અમેરિકા મોકલ્યો. જાપાનીઓને કાને એ બાતમી પહોંચી એટલે એ કાગળ અમેરિકા પહોંચે તે પહેલાં જ નવી સંધિ ઉપર રાજાનું સીલ કરાવવા એમણે તાકીદ કરવા માંડી.

પેલો એલચી વૉશીંગ્ટનમાં આવી પહોંચ્યો. રાજાજીનો કાગળ એણે સેનેટ પાસે આશાભેર રજુ કર્યો. ઉત્તર મળ્યો કે "પ્રમુખ સાહેબ એ કાગળ નહિ રાખી શકે!" એ બીજી કચેરીમાં ગયો, ઉત્તર મળ્યો કે "અમે બહુ કામમાં છીએ, નહિ મળી શકીએ; કાલે આવો."

બીજે દિવસે પણ એજ ઉત્તર મળ્યો: "કાલે આવો."

ત્રીજે દિવસે એને મળ્યા વિના, કોરીઅન એલચીખાતાને પણ પૂછાવ્યા વિના, કોરીઆનરેશને પણ ખબર કર્યા વિના, અમેરિકાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સરકારે જાપાન સરકારની પરબારી આવેલી હકીકત મંજુર રાખી કે "નવી વ્યવસ્થા કોરીઆનાં રાજા–પ્રજા તમામને બરાબર અનુકૂળ છે." અને અમેરિકન પ્રેસીડેન્ટે પોતાના એલચીને કોરીઆ તાર કર્યો કે "એલચીખાતું સંકેલીને ચાલ્યા આવો. હવે આપણે કોરીઆ સાથે નિસ્બત નથી."

કચેરીને દ્વારે દ્વારે ભટકતા પેલા કોરીઆના એલચીને આ બધી બાજી રમાઇ ગયા બાદ પ્રેસીડેન્ટ તરફથી ઉત્તર મળ્યો કે: "તમોને આ કાગળ ભળાવ્યા પછી તરત જ તમારા રાજાજીએ તો જાપાનીઓ સાથે નવી સંધિ કરી નાખી છે. મને કાગળ પહોંચે ત્યાં સુધી પણ વાટ નથી જોઇ. એટલે હવે તો એ કાગળ પરથી કશાં પગલાં લેવાનું મારાથી બની શકશે નહિ."

બીજે જ પ્રભાતે કોરીઆથી રાજાજીનો તાર આવે છે કે "નવી સંધિ પર તો મને સંગીનની અણી બતાવીને બલાત્કારે મારી સહી કરાવી છે. મેં કદિ હા પાડી નથી, હા પાડીશ પણ નહિ. અમેરિકન સરકારને આ તાર પહોંચાડો."

બેવકૂફ બિચારો રાજા! કાગળના ટુકડા પર એણે આટલો બધો ઇતબાર રાખ્યો. એને ખબર નહોતી કે પ્રેસીડેન્ટ રુઝવેલ્ટ બધું સમજતો હતો; રાજાના એલચીને મળવાનું એ ઇરાદાપૂર્વક મુલ્તવ્યે જતો હતો. એને ખબર હતી કે કાગળમાં શું લખી મોકલ્યું છે; પણ એ તો રાહ જોતો હતો પેલી નવી સંધિ પર છેવટનાં સીલ થઇ જાય તેની. જાપાનની બાજી તેનાથી નહોતી સમજી શકાઇ એમ કહેવું એ તો તેની બુદ્ધિને અપમાન દેવા જેવું થાય. રુઝવેલ્ટની મતલબ તો જાપાનને સંતોષવાની જ હતી. એને તો ખાત્રી થઇ ચુકી હતી કે કોરીઆ સ્વરાજ માટે નાલાયક છે. અને પેલા ૧૮૮૨ ના સંધિપત્રના સંબંધમાં તો આ અમેરિકન હાકેમે પાછળથી એક દિવસ ઉચ્ચારેલું કે "સંધિ મુજબ તો કોરીઆની સ્વતંત્રતા રક્ષવી જોઇએ. પરંતુ એ સંધિ પળાવવાની તાકાત પ્રથમ તો કોરીઆનાં કાંડાંમાં જ હોવી જોઇએ. કોઈ પરાયી પ્રજા, જેને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાંઇ લાગે વળગે નહિ, તે આવીને કોરીઆને મદદ કરે, એવી આશા જ અર્થશૂન્ય કહેવાય."

એજ રીતે સમર્થ ઇંગ્લાંડે પણ કશો વાંધો જાપાનની આ ઉઘાડી અનીતિ સામે ન ઉઠાવ્યો, કેમકે એને પણ ઘણી ગણતરીઓ કરવાની હતી; જર્મની સામે ટક્કર ઝીલવા માટે એને ઉત્તર સમુદ્રમાં કાફલો રાખવો હતો; પૂર્વની ભૂમિમાં પોતાનાં વેપારવાણિજ્ય તેમજ મુલ્કો સુરક્ષિત રાખવાં હતાં; ને હિન્દુસ્થાન સામે ટાંપી બેઠેલા રશીઅન રીંછને આગળ વધતું અટકાવવું હતું. એ બધામાં જાપાન સાથેની મીઠી મિત્રતા જરૂરની હતી. કેમકે ઇંગ્લાંડની આંગળી ઉંચી થવાની સાથે તો એના પૂર્વના કાફલાને જાપાન દરિયાને તળીએ પહોંચાડી દે, વેપારનાં વ્હાણો પાછાં વાળે અને રશીઅન રીંછને ભારતવર્ષની લીલી ભૂમિ ઉપર છુટું મેલી દે. ઇંગ્લાંડે તો જાપાનને ઉલટું પ્રથમથી જ રાજીખુશીથી લખી આપ્યું હતું કે "કોરીઆની અંદર તમે રાજ્યદ્વારી, લશ્કરી અને આર્થિક હિત પ્રથમ દરજ્જે ધરાવો છો, એ અમારે મંજુર છે."

## ૭૬ રક્ષિત રાજ્ય ( Protectorate )

આ રીતે ૧૯૦૫ ની અંદર કોરીઆ સ્વતંત્ર રાજ્ય મટીને જાપાનનું રક્ષિત રાજ્ય બની ગયું, અને પહેલા રેસીડેન્ટજનરલ તરીકે માર્કવીસ ઇટો પોતે જ નીમાયો. ઇટો પોતાની સાથે જાપાન અમલદારો લઇને જ આવ્યો. એણે પોતાનું વર્ચસ્વ સ્થાપવું શરૂ કર્યું.

ધારાસભામાં સર્વોપરિ સત્તાધારી જાપાની રેસીડેન્ટ જનરલ ઠર્યો. એને હાથે જ બધા અધિકારીઓની નીમણૂક થવાનું ઠર્યું અને કોઇ પણ પરદેશીને સરકારમાં જગ્યા આપવાની મનાઇ થઇ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધીરે ધીરે મોટા હોદ્દા પરથી કોરીઆવાસીઓને ખસેડવામાં આવ્યા; તેને બદલે જાપાનીઓનો ભરતી થઇ. પણ પશ્ચિમના કોઇ મુસાફરને પોતાનું ન્યાયીપણું બતાવવા ખાતર કેટલાંક કોરીઆનાં પૂતળાંને મોટી જગ્યા ઉપર બેસારી રાખ્યાં. પરંતુ સાથે તેઓની ઉપર અકેકેક જાપાની સલાહકાર નીમી દીધેલો. સલાહકારની સલાહ ઉથાપનારો કોરીઅન અધિકારી બીજે દિવસે જ ઘેર બેસે.

કોરીઆવાસીઓ માટે જૂદા જ કાયદા બન્યાઃ આરોપીની ઉપર આરોપ સાબીત કરવો જોઇએ તેને બદલે આરોપીએ પોતાનું નિર્દોષપણું પુરવાર કરવું પડે, એવા ધારા થયા. જાપાની ભાષા રાજભાષા બની; વારંટ વિના કેદ કરવાની પોલીસને સત્તા મળી; આરોપી બચાવના સાક્ષી આપે તે સ્વીકારવા ન સ્વીકારવાની મુખત્યારી ન્યાયાધિકારીની રહી. ન્યાયાધિકારી પણ જાપાનીઓ જ નીમાયા.

ત્યાર પછી એણે લશ્કરને એક છેડેથી બીજે છેડે તાબડતોબ લઇ જવા માટે મોટે ખર્ચે રેલ્વેઓ ને સડકો બંધાવી; નવા કરવેરા નાખ્યા; નવી લોનો ખડી કરી અને તેમાંથી બંદરો સમાર્યાં—કોરીઆની આબાદી ખાતર નહિ, પણ જાપાની સૈન્યની ત્વરિત આવજાની સગવડ માટે.

પછી લોકોનાં મકાનોના જૂના અટપટા લેખોને બદલે નવા લેખો કરી આપવાનું કામ લીધું. પરિણામ એ આવ્યું કે સેંકડો વરસો થયાં ભોગવટો કરનારાં જે જે પ્રજાજનો પુરાણા લેખો ન બતાવી શક્યાં, તે ઘરબાર વિનાનાં થઇ રઝળી પડ્યાં. આવી રીતે રઝળી પડેલાં લોકો વતન છોડીને દેશાવર જવા તૈયાર થયાં તો તેઓના દેશાટન ઉપર સખ્ત અંકુશો મૂકાયા. જાપાની સત્તાએ તે સખ્તાઇનું એવું કારણ બતાવ્યું કે "દેશીઓને દેશાટનની હાડમારીમાંથી બચાવવા માટે જ અમે રોકીએ છીએ."

પોલીસખાતામાંથી પણ કોરીઅનોનો બેડો વિખેરી નાખી નવા કોન્સ્ટેબલો છેક જાપાનથી લાવવામાં આવ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી હુકમ નીકળ્યા કે પ્રજાજનોએ ધોળો પોશાક ન પહેરવો; પોશાક કાળો જ જોઇએ. શ્વેતવસ્ત્રધારી કોરીઆવાસીઓને આ વસમું લાગ્યું. પોશાક ન બદલનાર પ્રજાજન ઉપર જાતજાતની સતાવણીઓ થવા લાગી.

વાળ કાપવાની પદ્ધતિ પર પણ આકરૂં દબાણ ચાલુ રહ્યું. રણવાસની સ્ત્રીઓને અને રાજ્યના નોકરોને વિદેશી ઢબનો લેબાસ ધરવાની ફરજ પડી. શરમની મારી આ બાઇઓ ઘરબહારનું જીવન સંકેલીને અંતઃપુરમાં જ સંતાઇ રહેવા લાગી.

કોરીઆના બૌદ્ધ ધર્મના સ્તૂપોના પણ ટુકડા કરીકરીને કુતૂહલની એક વસ્તુ તરીકે જાપાનનરેશ મીકાડોની પાસે ભેટ ધરવા માટે જાપાનીઓ ઉઠાવી જવા લાગ્યા.

બીજી બાજુથી જાપાની સત્તાવાળાઓએ કોરીઆ-પક્ષી પત્રકારોને દબાવી દીધા, વિદેશી પ્રવાસીઓને રસબસતી સરભરા થકી ને બીજી ઇંદ્રજાળ વડે સત્ય વસ્તુસ્થિતિથી વેગળા રાખ્યા અને તેઓને હસ્તે પોતાના શાસનની પ્રશંસા ગાતાં પુસ્તકો લખાવ્યાં.

રાજા પોતાના રાજમહેલમાં કેદી બન્યો હતો. એના સાચા મિત્રો એની પાસે જવા પામતા જ નહિ. જે જતા તે જાપાનીઓના પક્ષકારો હતા. રાજાએ એને કરેલી એકેએક વાત રેસીડન્ટ-જનરલને પહોંચી જતી. રેસીડન્ટ-જનરલ ઇટો એક જ વાટ જોઇને બેઠેલો કે રાજા ક્યારે કરારનામાનો ભંગ કરે! એણે રાજાની અંગત જીવનચર્યા પર વિશેષ અંકુશો મૂકવા માટે મહેલમાં જાપાની પહેરેગીરો ચડાવ્યા. અને જાપાની અમલદારના પાસ વિના મહેલમાં પ્રવેશવાની મનાઇ કરી. છતાંયે ૧૯૦૫ ના કરારનામાં પર રાજાએ સહી કરી જ નહિ. રાજાના હૃદયમાં ઉદ્‌ગાર ઉઠયો કે "જરૂર કોઇક પ્રજા મારી વારે ધાશે. શું કોઇ નહિ આવે?" એની આશા ૧૯૦૭ ની 'હેગ પરિષદ્' પર ટીંગાતી હતી. મનમાં થતું હતું કે "એકવાર ત્યાં મળનારાં રાજ્યોને હું ખાત્રી કરી બતાવું કે આ "મુરબ્બીવટ" ની સંધિમાં મેં કબુલાત નથી આપી, તો ચોકસ એ બધાં રાજ્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાનાં એલચીખાતાં પાછાં મોકલીને જાપાનની સત્તા પર અંકુશ મૂકાવશે. એ અનુસાર ગુપચુપ ત્રણ કોરીઆવાસીઓનું એક મંડળ હેગ નગરમાં પહોંચ્યું. પરંતુ એની વાત સાંભળવાની, બલ્કે એનું મ્હોં સુદ્ધાં જોવાની પરિષદે ના પાડી.

તુર્ત જાપાને જાહેર કર્યું કે કરારનો ભંગ થઇ ચુકયો. રાજાએ બેવફાઇ કરી. એને ગાદી છોડવી પડી. નવા રાજાને હાથે ઇટોએ હુકમ કઢાવ્યો કે "આપણું કોરીઅન સૈન્ય રદ કરી નાખો ને જાપાની લશ્કર બેસાડી દો. કારણ કે આપણા ભાડુતી સૈનિકોમાં દેશનું રક્ષણ કરવાની તાકાત નથી."

કોરીઅન લશ્કરી અમલદારોને બોલાવવામાં આવ્યા. પગાર અને ભથ્થું આપીને વિદાય સંભળાવી. એક ઉત્તમ અમલદારે પોતાને ઘેર જઇને આપઘાત કર્યો. પરિણામે લશ્કરમાં બળવો ફાટયો, સૈનિકો દારૂગોળો લૂંટી જાપાની લશ્કરીઓ ઉપર તૂટી પડયા. આખરે જાપાની સૈન્યે એ તમામને તોપને મ્હોંયે ઉડાવી દીધા. એ મૃત્યુની અંદરથી એક નવો પ્રાણ જનમ્યો.

## ૯ ધર્મ-સેનાનું બહારવટું

એક યુરોપીઅન પ્રવાસીને મુખે જ સાંભળવા જેવી કરૂણાભીની ને વીરરસભરી આ કથની છે.

"૧૯૦૬ ની એ શરદ ઋતુ હતી. શહેનશાહ પદભ્રષ્ટ થયો હતો. ને લશ્કર વિખેરી નાખવામાં આવેલું હતું. અશક્ત પ્રજા ધ્રુજતી રહી હતી. જાપાની તોપોબંદુકો માર્ગ પર ખડી થઇ ચુકેલી. લોકોએ કપડાં કેવાં પહેરવાં, અને રાજાએ કેશ કેવી રીતે કપાવવા કે ઓળવા એ બધું બંદુક બતાવીને કહેવામાં આવતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ સમયમાં, દૂરદૂરનાં ગામડામાંથી લોકો રાત્રિએ છાનાંમાનાં ગઢ ઓળંગીને નગરમાં પેસતાં અને લપાઇને વાતો કરતાં કે "એક ધર્મ-સેના ખડી થઇ છે. એ જાપાની લશ્કરો ઉપર બંદુકો છોડે છે, તેઓને તારાજ કરે છે, પાછી પહાડોમાં છુપાઇ જાય છે. જાપાનીઓ એનું વેર વાળવા માટે ગામડાનાં ગામડાં સળગાવી મારે છે ને નિર્દોષ લોકોની કતલ ચલાવે છે.

"આ બહારવટીઆઓ કોણ છે? બરતરફ થયેલા સૈનિકો અને પહાડના શિકારીઓ છે. જાપાની સૈન્ય એનો નાશ કરવા આખા મુલકમાં પથરાઇ ગયું છે, જાપાની શસ્ત્રોનો સુમાર નથી; છતાં તેઓને ત્રાસ પડાવનાર આ ધર્મ-સેના કેવી હશે! એની પાસે નથી પૂરાં હથીઆર, કે નથી એને કશી કવાયત. એને ખાવા કોણ દેતું હશે!

જઇને એકવાર જોવાનું મને મન થયું.

"એ બરતરફ થએલા સૈનિકોની સાથે પહાડી વાઘમાર શિકારીઓનું જૂથ જોડાયું છે. દુનિયાભરના એ સહુથી શુરવીર શિકારીઓ ગણાય છે. લાંબી નળીવાળી અને જામગ્રીવાળી જૂની ઢબની અક્કેક બંદુક તેઓનું એકનું એક હથીઆર હોય છે. પહાડી જંગલોમાં વાઘને શોધી, તેની લગોલગ જઇ એક જ ભડાકે ઠાર કરવાની તેઓએ તાલીમ લીધી હોય છે. નિશાન ચુકવાનું તેઓ જાણતા નથી. એ લોકો આજે ગંજાવર જાપાની ફોજ સામે ઝુઝી રહ્યા છે."

આ બધું મારાથી ન મનાયું. રોજેરોજ જાપાની સેનાની ટુકડીઓ એ પ્રદેશો તરફ જવા ઉપડતી જ હતી, એટલે કોઇ ગંભીર સંગ્રામ ચાલતો હોવાની શંકા તો રહેજે પડતી હતી. તેવામાં કોરીઆ પર સ્થપાએલા જાપાની લશ્કરના ખુદ સેનાધિપતિની જ સહીથી એક જાહેરનામું પ્રસિદ્ધ થતાં આ ગામડીઆઓની વાતોનું ગાંભીર્ય મને સમજાયું. બીજી બાજુ દૂરના પ્રદેશોમાંથી એ બહારવટીઆના નામે પણ જાહેરાતો પ્રસિદ્ધ થઇને પાટનગરમાં આવી પહોંચી. તેમાં લખ્યું હતું.—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"આપણી સંખ્યા બે કરોડની છે, એમાંથી વૃદ્ધો, આજારો, બાલકો અને ઓરતો બાદ જતાં એક કરોડ સશક્ત મનુષ્યો રહે છે. ત્યારે જાપાની સૈનિકો તો કોરીઆમાં આઠ હજારથી વધુ છે જ નહિ. તેમ જાપાની વેપારીઓ પણ ફક્ત બેત્રણ હજાર જ હશે. તેઓનાં શસ્ત્રો બેશક કાતિલ છે, પણ તેથી શું? એક માણસ એક હજારને કેમ કરીને મારી શકે? પણ ભાઇઓ, અમે તમને વિનવીએ છીએ કે મુર્ખાઇ કરીને નિર્દોષોને ન મારજો. અમે જ આપણે તૂટી પડવાનો દિવસ ને કલાક મુકરર કરીશું. વેપારીવેશે તેમજ સાધુવેશે શીઉલમાં અમે આવી પહોંચશું. રેલ્વેના પાટા ઉખેડી, બધાં બંદરોને આગ લગાડી, જાપાની સૈન્યની બરાકો સળગાવી ઇટોને તથા તેના બધા જાપાની સાથીઓને ઠાર કરશું. આપણા સમ્રાટ સામેનો એક પણ શત્રુ જીવતો નહિ જાય. પછી જાપાન પોતાનું લશ્કર કાઢશે. આપણી પાસે હથીઆર નથી, પણ સ્વદેશભક્તિ તો છે ને! આપણે પરદેશી એલચીઓને આપણા ધર્મપક્ષે પોતાનાં લશ્કર આણવા વિનવશું. તેઓ આપણને દુષ્ટોની સામે સહાય કરશે. નહિ કરે તો આપણે સુખેથી મરશું. થોડા વધુ દિવસો પામરતામાં જીવવું તે કરતાં મરવું જ બ્હેતર છે; કેમકે આખરે ઇટોની મંડળીની ગોઠવણ મુજબ આપણા રાજા તથા આપણા બંધુજનોના પ્રાણ લેવાશે એ તો નક્કી જ છે. દેશને દગો દઇને જીવવા કરતાં દેશસેવક તરીકે મરવું જ બહેતર છે. આપણો દેશબંધુ યી-ચુન સ્વદેશનાં દુઃખ રડવા વિદેશોમાં ગયો, પણ એના પ્રયાસો ન ફાવવાથી એ પોતાની તલવાર વતી પેટ ચીરી, પરદેશી પ્રજાઓની વચ્ચે પોતાનું રૂધિર રેલાવી દુનિયાને પોતાની દેશભક્તિ દેખાડતો ખતમ થયો. આપણે બે કરોડ જો નહિ સંપીએ તો યી-ચુનની યાદને નાપાક કરી કહેવાશે. જીવવું મરવું નજીવી વાત છે. દેશને પક્ષે કે દેશની વિરૂદ્ધમાં ઉઠવાનો નિર્ણય, એ જ એક સર્વોપરિ મહત્ત્વની વાત છે."

એવી જ મતલબનો એક જાસો પ્રીન્સ ઇટોની ખુદની ઉપર આવી પહોંચ્યો. આ પરથી એ ધર્મ-સૈન્યને પહાડોમાં જઇ મળવાનો મારો નિશ્ચય મક્કમ બન્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરંતુ એ સહેલ નહોતું. પ્રથમ તો જાપાની સત્તાવાળાઓએ જ મને પરવાનો આપવા ના પાડી. તેઓ કહે કે અંદરના પ્રદેશોમાં ખુનામરકી હોવાથી તમારી સલામતીની બાંહ્યધરી અમે નહિ આપીએ. હું રેસીન્ડેટ-જનરલને મળ્યો. એણે પણ કહ્યું કે " પરવાના વિના જશો તો કેદ પકડાશો ને સજા પામશો."

મેં વિચાર્યું, પરવા નહિ! પકડાયા પછી હું એ વાતને લડી કાઢીશ. મેં તૈયારી કરી. ત્રણ ઘોડાં ભાડે કર્યાં. સાથે ચાર માણસો જોઇએ તેનું શું? બહારવટીઆની ગોળીની બ્હીકે કોઇ કબૂલ ન થાય. આખરે માંડમાંડ માણસો મળ્યાં.

સ્નેહીઓએ ને સંબંધીઓએ મને ચેતાવ્યો કે "કદાચ તમે પાછા નહિ જ ફરો." તરેહતરેહના ભય બતાવ્યા. કહેવામાં આવ્યું કે મારા વિદેશી પોશાક પરથી મને જાપાની ગણી એ વાઘ-માર બરકંદાજો મને દૂરથી વીંધી નાખશે. પણ મેં આ શીખામણોને ન ગણકારી. જાપાનીઓની નજર ચુકાવીને ચુપચાપ હું નીકળી પડયો.

ગામડાંવાળા પ્રદેશમાં થઇને હું ચાલ્યો જતો હતો ત્યારે મારી આસપાસ લીલાંલીલાં ભરપૂર ખેતરો મેં જોયાં, તસુએ તસુ જમીનમાં છેક ડુંગરાની ધાર સુધી મેં વાવેતર જોયું, બાર બાર ફુટ ઉંચા મોલ મેં જોયા. ખેતરોની વચ્ચે ઉંચા મેડા કરીને તેના ઉપર બેઠાબેઠા નાના છોકરાઓને લુગડાંના લાંબા લીરા પવનમાં ફરકાવી પંખી ઉરાડતાં જોયાં. ખેતરોમાં જુવાન સ્ત્રીઓનાં વૃંદેવૃંદ મળીને નીંદતાં ને લણતાં હતાં, અને વૃદ્ધ પિતા પડતર જમીનમાં સાંતી હાંકતો હતો. નાનાં બચ્ચાં પણ પંખી ઉરાડવામાં મશ્ગુલ હતાં. ગામડાંની અંદર ઘેરઘેર જઇને જોઉં ત્યાં તો ઘરધણીઆણી છોકરાં હીંચકાવતી હીંચકાવતી રાંધણું કરતી હોય અને વૃદ્ધો પણ બેઠા બેઠા સાદડીઓ કે રાંઢવાં બનાવતા હોય. માટીની દિવાલે લીલા વેલા છવાએલા અને એ વેલા ઉપર ચીભડાં, રીંગણાં કે ઘીસોડાં લટકતાં હતાં. મખમલ પાથર્યું હોય તેવાં લાલલાલ મરચાં ઉતારીને ખોરડાનાં છાપરાં પર સૂકવવા પાથરેલાં. મારા મનમાં થયું કે શું આ દેશ આટલો બધો રમણીય! ને આ લોકો આટલાં બધાં ઉદ્યોગી!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હું આગળ ચાલ્યો. હરીઆળી વાડીઓ પાછળ રહી ગઇ. રૂપાળાં ગામડાં અદશ્ય બન્યાં. એને બદલે પહાડોની ખીણોમાં ચોમેર મેં જાપાનનો હત્યાકાંડ જોયો. બળીને ખાખ થયેલાં ગામડાંઓ, ધુંધવતાં ખંડેરો અને એ ખાખના ગંજમાંથી પોતાની ભસ્મ થએલી ઘરવકરીને વ્યર્થ શોધતાં ગૃહહીન ગામડીઆં જોયાં.

પાછાં આવી આવીને તેઓ પોતાનાં ઘરો નવેસર ખડાં કરવામાં લાગી ગયાં હતાં.

આ ઘરબાર વિનાનાં પાયમાલ લોકો તરફ નજર કરતાં મારી આંખો પીગળી ગઇ. એ પ્રભાવશાળી અને પુજનીય દેખાતા કોરીઅન બુઝર્ગોને, છાતીએ બચ્ચા ધવરાવતી તરુણીઓને અને લષ્ટ યુવાનપુરૂષોને દેખી મારા પર એક ચોકખા ફુલ જેવા અને શાંતિપ્રિય ગ્રામ્ય સમાજની છાપ ઉઠી. અને શરમાળ, સંતાતી તેમજ શબ્દ માત્ર ઉચ્ચારતાં પણ ડરતી કોરીઅન ઓરતોને બદલે આંહી તો મેં તેઓને પુરૂષના જેટલી જ છુટથી બોલતી સાંભળી. કદાચ એ મહાન વિપત્તિએ સ્ત્રીપુરુષો વચ્ચેની ચુપકીદીની દિવાલો તોડી નાખી હશે!

એ નિરાધાર લોકો બસ આટલું જ બોલી શકે છે કે "ભાઇ, તમે ભલે આવ્યા. તમે આ હત્યાકાંડની કથા જગતમાં જઇને કહેજો." મેં પૂછ્યું "શા માટે જાપાનીઓ આમ આગ લગાડે છે?" લોકો જવાબ આપતાં: "યુગ–પ્યુંગ (બહારવટીઆ) આવીને જાપાની લશ્કરોને મારી જાય અને પછી સોલ્જરો આવીને અમને કહે છે કે 'બહારવટીઆને તમે જ રોટલા ને આશરો આપો છો, તમે એ લોકોને કેમ મારી નાખતાં નથી? તમારે શું આંખો નથી? તમે એ લોકોને નહિ મારો ત્યાં સુધી એનું વેર અમે તમારા પર વાળશું."

મેં કતલની ઘણી ઘણી વાતો સાંભળી.

દૂર દૂરની ટેકરીઓ બતાવીને તેઓએ કહ્યું "યુ–પ્યુંગ (ધર્મસેનાના સ્વયંસેવકો) ત્યાં કને આવેલા અને તારના થાંભલા તોડી ગએલા. અમારે ને એને કશી નિસ્બત નહોતી. જાપાની સોલ્જરો આવ્યા, બન્ને વચ્ચે ધીંગાણું થયું ને સ્વયંસેવકો નાસી ગયા. પછી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાપાની સોલ્જરો અમારા ગામ ઉપર ને બીજાં સાત ગામો પર ચડી આવ્યા. જુઓ ચારે બાજુ, એ બધાં ગામડાંનાં ખંડિયર થઇને પડ્યાં છે. એ બધાંનો જાપાનીઓએ નાશ કર્યો. અમને ન કહેવાનાં વચનો કહ્યાં. કહે કે કેમ તમે બહારવટીઆઓને ન રોક્યા? તમે પણ બધા એમાં ભળેલા છો. તમે જ એને રોટલા અને આશરો આપો છો. અમે તમને સજા કરશું."

"પછી તેઓ ઘરોઘર ફરી વળ્યા. ગમ્યું તે ઉઠાવતા ગયા. બાકીનાને આગ લગાડતા ગયા. એક ડોસાનું ખોરડું સળગાવવા લાગ્યા. ડોસો સોલ્જરોના ચરણો ઝાલીને કરગર્યો કે 'મને માફ કરો, મને માફ કરો! આ ખોરડાંમાં હું મારી માને ખોળે ધાવતો હતો ત્યારથી રહું છું. ને હવે મને આમાં જ સુખેથી મરવા દો. હું હવે બુઢ્ઢો થયો છું. ઝાઝું નહિ જીવું. કૃપા કરીને બાળવું રહેવા દો.'

"સોલ્જરે એને ધક્કો માર્યો તો પણ એણે પગ ન છોડ્યા. આંસુ-ભરી આંખે કાલાવાલા કરતો જ રહ્યો. એટલે સોલ્જરે પોતાની બંદુક ઉપાડી એ બુઢ્ઢાને ફુંકી નાખ્યો. અમે એને દફનાવી આવ્યા.

"એક ઘરમાં એક બાઇને છોરૂ આવવાનો સમય હતો. એ સૂતી હતી. એને પણ મારી નાખી. એક જુવાન ખેતરમાં ઘાસ વાઢતો હતો. એને ખબર નહિ કે સોલ્જરો આવે છે. અચાનક એણે સુરજના તાપમાં તપાવવા માટે દાતરડું ઉંચું કર્યું. 'એ રહ્યો સ્વયંસેવક બહારવ-ટીઓ!' એમ કહેતા સોલ્જરો દોડ્યા. એને બંદુકથી ઠાર કર્યો."

નિર્જન ગામડાંમાં જઇને હું પૂછતો કે "તમારાં બાયડી છોકરાં ક્યાં?" મને જવાબ મળતો કે "પેલા પહાડોમાં. આંહી એ બધાની આબરૂ લૂંટાય તે કરતાં બ્હેતર કે પહાડોમાં દિવસો વીતાવીને ભૂખે તરસે મરી જાય."

× × ×

ભસ્મીભૂત બનેલાં ગામડાંની ચોપાસ ભરપુર મોલ ઉભેલા. પણ એને લણવા કોણ આવે? પહાડમાં સંતાએલા લોકો ભયથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નીચે ઉતરતા નહિ. આશરે વીશ હજાર લોકો પહાડોમાં ચાલ્યા ગયા હશે.

× × ×

એક ગામડા પર જાપાની વાવટો ઉડતો હતો. હું ત્યાં ગયો. ત્યાં લશ્કર પડયું હતું. સેનાપતિના ઓરડામાં જઇને જોઉં ત્યાં તો દિવાલો પર આખા પ્રદેશના નકશા, અને લશ્કરનાં મથકો, બહારવટીઆ-વાળાં સ્થળો, માર્ગો, પહાડો વગેરેની નોંધ લટકતાં હતાં! "ધર્મસેના" કયા પ્રદેશમાં હશે તે મને તેમાંથી સૂઝી ગયું. હું ચાલી નીકળ્યો.

× × ×

ગામથી થોડેક દૂર અમે ગયા હશું ત્યાં મારી નજર એક ખેતરને વીંટાએલાં ઝાડો પર પડી. ઝાડીમાં થોડો થોડો દેખાતો એક આદમી મોલ સોંસરો ઠેબાં લેતો દોડયો જાય છે. એના હાથમાં કંઇક હથીઆર છે. પણ અંધારું થઇ જવાથી વધુ કશું દેખાયું નહિ. થોડીક વારે સનનન કરતી એક ગોળી મારા કાન પાસે થઇને ચાલી ગઇ. મેં ઝબકીને ચોમેર જોયું; પણ કોઇ આદમી ન મળે.

'યાન–ચુન' ગામમાં હું પહોંચ્યો. ભયભીત લોકો મને જાપાની સમજીને ઘરમાં લપાઇ ગયા. ધીરે ધીરે એ બહાર નીકળ્યા. મારા દોસ્તો બન્યા. સ્ત્રીઓ તો ગામ ખાલી કરીને પહાડોમાં ચાલી ગયેલી. ફક્ત મર્દો અને છોકરા જ હતા.

× × ×

ચોગાનમાં મારે માટે રસોઇ કરતાં કરતાં એકાએક મારા નોકરે બૂમ પાડીઃ "જુઓ સાહેબ, ધર્મ–સેના આવી પહોંચી." બીજી જ પળે છ સાત યુવાનો બગીચામાં આવીને મારી સામે હારબંધ ઉભા રહ્યા. બધા ૧૮થી ૨૬ વરસના તરુણો હતા. કોઇના શરીર પર કોરીઅન લશ્કરની ફાટીતૂટી ખાખી પાટલૂનો હતી. કોઇનો પોશાક વળી બીજી તરહનો હતો. એકેયના પગમાં જોડા નહોતા. કમર પર હાથના બનાવેલા કારતૂસોના પટ્ટા હતા. એ પટ્ટામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અરધા જ કારતૂસો ભરેલા હતા. કોઇના હાથમાં કટાએલી નાળવાળી જુનામાં જુની ઢબની જામગ્રીવાળી બંદુક હતી, તો કોઇના હાથમાં લશ્કરની જુની રાયફલ અને કોઇની પાસે તો ફક્ત બાર વરસના છોકરાને રમવા લાયક નકામી નાની બંદુકડી હતી. છ જણા વચ્ચે પાંચ જાતની તો બંદુકો હતી.

મારા દિલમાં થયું: શું આ કંગાલ, શસ્ત્રહીન, અધમુવા છોકરાઓ વીસ વીસ હજાર જાપાની સૈનિકોને હંફાવે છે! આને કવાયત કરાવનાર કોણ? રોટલા દેનાર કોણ?

એ તમામના ચ્હેરા પર મેં કરુણાજનક કંગાલીઅત નિહાળી. પરિશ્રમ અને દુઃખનાં દર્શન કર્યાં. એ બધા ઝુઝતા હતા—આખર તો ઠાર થવા માટે જ! પરંતુ મને એની દયા ખાવાનો તો હક્ક જ નહોતો. કાંઇ નહિ તો તેઓ પોતાના દેશવાસીઓને સ્વદેશપ્રેમનું ઉજ્જવલ દૃષ્ટાંત આપી રહ્યા હતા. એ પ્રત્યેક દયામણા મ્હોં ઉપર બબ્બે તેજસ્વી આંખો ચળકતી હતી. જાણે એની દયા ખાવા બદલ મને એ ઠપકો દેતી હતી. એ આંખો જાણે મને કહેતી હતી કે "અમે તો સ્વદેશ ખાતર મરીએ છીએ." મેં પૂછ્યું: "દુશ્મનો આવી ચડે તેની તપાસ રાખવા માટે તમે સીમમાં થાણાં નથી રાખતા?"

મને જવાબ મળ્યો: "એકેએક કોરીઆવાસી અમારો જાસુસ છે. થાણાંની અમારે જરૂર નથી."

મેં એના એક અમલદારને પૂછ્યું "તમારૂં બંધારણ કેવું છે?" જવાબમાં એણે નિરાશા બતાવી: "કશું જ બંધારણ નથી. શ્રીમંતો જેના હાથમાં દ્રવ્ય મૂકે તે બિચારો પોતાની ટુકડી ઉભી કરીને લડે છે. સંગઠન જેવું કંઇ જ નથી. પણ ફિકર નહિ સાહેબ! જાપાનના ગુલામ બનીને જીવવા કરતાં સ્વતંત્ર માનવી તરીકે મરવું જ બ્હેતર છે."

મને તેઓ પૂછે છે: "અમને બંદુકો મેળવી દેશો? તમે માગો તેટલા પૈસા આપીએ. પાંચ હજાર ડૉલર, દસ હજાર ડૉલર, કહો તેટલા ડૉલર દઇએ. પણ અમને કોઇ રીતે બંદુકો આપો." હું માત્ર હસતો. કહેતો કે "ભાઇ, મારાથી એવું ન જ થાય."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મને પૂછે છેઃ "જાપાનીઓ ક્યાં ક્યાં પડાવ નાખીને બેઠા છે?"

હું ઉડાઉ જવાબ વાળતો. માત્ર માહેતી અર્થે પ્રવાસે નીકળેલા સજ્જનથી પરસ્પરની બાતમી શી રીતે અપાય?

મેં એ મરણીઆ નૌજવાનોનાં દર્શન કર્યાં. હું પાછો ફર્યો. મારી અગાઉ એ બહારવટીઆએ માર્ગ પર માણસો દોડાવી ખબર કહેવરાવ્યા કે "ખબરદાર, આ અંગ્રેજ ગૃહસ્થ છે; એને ન મારશો."

અમે થોડે દૂર ગયા હશું ત્યાં એકાએક મારા એક ચાકરને મેં પોતાના હાથ ઉંચા કરીને કારમી ચીસ પાડતો સાંભળ્યો કે "યોન્ગ-ગક-ટેઇન (અંગ્રેજ)!" અમે સહુ થંભી ગયા ને બીજાઓએ પણ એ જ ચીસ નાખી. મેં પૂછ્યું કે "આ બધું શું છે?" મારા ચાકરે કહ્યું કે "સાહેબ, બહારવટીઆ આપણને ઘેરી વળ્યા છે. તેઓ બંદુક ફોડવાની તૈયારી કરે છે. તમને તેઓએ જાપાની માની લીધા લાગે છે." મેં પણ નોકરોની સાથે જ શોર કર્યો કે "યોન્ગ ગક!" તૂર્ત જ મેં ડુંગરાઓ ઉપર દોટાદોટ કરતા ધુંધળા આકારો દીઠા. તેઓ અમારી તરફ જ ધસ્યા આવતા હતા. કેટલાકે મારા પર બંદુકો તાકી હતી. પછી નજીકની જ ભોંયમાંથી પચીસેક જુવાનો નીકળી પડ્યા. એને મોખરે એક યુરોપી પોશાકવાળો યુવાન હતો. અમે થંભી ગયા. તેઓ દોડીને અમને આંબ્યા. મને ટીકી ટીકીને જોયો. પછી ક્ષમા માગીને કહ્યું "અમારી ભૂલ થઇ ગઇ. સારૂં થયું કે તમે બૂમ પાડી."

બીજો કહે "હું તો તમને ફુંકી દેવાની અણી પર જ હતો."

મેં તેઓને નિરખીનિરખીને જોયા. એમાંના કેટલાક તો ૧૪થી ૧૬ વરસના કાચા કુમારો જ હતા. મેં તેઓની તસ્વીરો પાડી લીધી.

હું પાછો શીઉલ આવ્યો. હું ધર્મસેનાને જોઇ આવ્યો વાત એ જાપાની અધીકારીઓને ન ગમી. કારણ કે એ લોકોએ વિદેશમાં એવી જ ભ્રાંતિ ફેલાવેલી કે ધર્મસેના તો લૂંટારાઓ ને ઘાતકોની જ ટોળી છે! તે ગામડાં બાળે છે ને લૂંટે છે! જગતભરમાં આ જ માન્યતા પ્રસરી ગએલી. પણ એની સામે મેં સાચી માહેતી ફેલાવી."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ સૈન્યનું પરિબળ જામતું ગયું; પરંતુ બંદુકો ક્યાં! બંદુકો હોત તો? તો જાપાનનો પગ અત્યારે કદાચ કોરીઆમાં ન હોત. ૧૯૧૫ સુધી એ વીરો ઝૂઝયા, એટલે કે અરધોઅરધ દેશ સશસ્ત્ર બળવાની સ્થિતિમાં રહ્યો. ટક્કર ઝીલી, પછી ચગદાઇ ગયા.* પણ કોરીઅનોના નામ પરથી 'ડરપોક' "નિરૂત્સાહી" એવાં કલંકો તેઓ પોતાના રક્ત વડે ધોઇ નાખતા ગયા.

*" ના, ના, ના!" કોરીઆવાસી દેશભક્ત હેનરી ચંગ બોલે છે; "ના, ના, એ યુદ્ધ નથી વિરમ્યું. કોરીઆના દૂરદૂરના પ્રદેશોમાં હજુ પણ આ સ્વયંસેવકોની ધર્મસેના જાપાની લશ્કરની સામે લડી રહી છે. હજુ તો ૧૯૨૦ના ફેબ્રુઆરી માસમાં જ બે હજાર કોરીઆવાસીઓ જાપાની સૈન્ય સાથે ઝઝૂમેલા અને તે પછી તાજેતર મંચુરીઆ પ્રાંતના હંચન ખાતેના જાપાની રસાલા સાથે તેઓએ ઝપ્પાઝપ્પી બોલાવી હતી, જેને પરિણામે પાંચ હજાર જાપાની સોલ્જરોને મંચુરીઆના એ અશાંત પરગણામાં મોકલવા પડયા હતા. ફેર માત્ર એટલો જ પડયો છે કે જાપાની સરકાર હવે એ સ્વયંસેવકોને 'કોરીઅન લુંટારાઓ' કહેવાને બદલે 'બોલ્શેવીકી' કહે છે. આ નવું નામ પાડીને જાપાનીઓ એ સ્વદેશના પુનરુદ્ધાર માટે સંગ્રામ ખેલતા યુવાનો પ્રતિ અમેરિકાની તેમજ પશ્ચિમ યુરોપની સુગ ઉત્પન્ન કરવાની ધારણા રાખે છે. સાચી વાત તો એ છે કે તેઓ નથી 'બોલ્શેવીકી' કે નથી લુંટારા. તેઓ તો જાપાની શાસન તળે રહેવા કરતાં મૃત્યુને વધુ વ્હાલું કરનારા સશસ્ત્ર રાષ્ટ્રવાદીઓ છે. આ શસ્ત્રધારી સ્વાતંત્ર્યવાદીઓની જબ્બર સંખ્યા વિદેશી કબ્જામાંથી કોરીઆને મુક્ત કરાવવા માટે માગો તેટલું આત્મ-સમર્પણ કરવા તત્પર બનીને મંચુરીઆ તથા સાઈબીરીઆમાં વસે છે. સુમારે દસ લાખ કોરીઆવાસીઓ દેશપાર થઇને ત્યાં યુદ્ધનાદની રાહ જોવે છે, કવાયત કરે છે, કોરીઆ-સાઇબીરીઆની સરહદ પરનાં જાપાની થાણાં પર તૂટી પડે છે. કોરીઆની અંદર તેમ જ બહારની પ્રજામાં મરજીઆત ફાળો ઉઘરાવીને તેઓ હથીઆરો ખરીદે છે, નવી નવી ટુકડીઓ તૈયાર કરે છે. એ લોકોને આશા છે કે એક દિવસ-છો ને દૂરદૂરના ભવિષ્યમાં-જાપાનીઓને કોરીઆમાંથી સાફ કરી નાખવા જેટલું સંખ્યાબળ આ ધર્મ-સેનાને મળી રહેશે.

અને હા, રશીઅનો આ કોરીઆવાસીઓને પોતાની પાંખમાં લઇ પૈસા આપે છે એ વાત ખરી. તેઓનો ઇરાદો જાપાનને સાઇબીરીઆમાંથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૮૬ કોરીઆ હજમ

પ્રીન્સ ઇટો (રાજા યીત્હાંગના ગાદી-ત્યાગ પછી એને 'પ્રીન્સ'ની પદવી મળી હતી) નો કારોબાર ઇ. સ. ૧૯૦૮ સુધી ચાલ્યો. આટલા આટલા જુલ્મો છુટી નીકળ્યા છતાં એમ જ મનાયું કે ઇટોની રાજનીતિ સંહારક નહોતી; એણે તો પોતાના શાસનના પાયા મિત્રભાવ ઉપર માંડેલા; પરંતુ એ ઉમદા અધિકારી જાપાનની સર્વભક્ષી રાજનીતિનું એક હથીઆર બની ગયો. એણે પોતાનાં માણુસો પાસે ખૂબ સંયમ પળાવ્યો; પરંતુ જાપાની લશ્કરીમંડળે તો પોતાની સામે એક જ મુદ્રાલેખ રાખેલો : "કોરીઆ હજમ કરવું."

જુલ્મ ન સહેવાય ત્યારે અજ્ઞાન પ્રજાજન શું કરે ? ને શું ન કરે ? એને જીવવું અસહ્ય લાગે. જાલીમોનાં લોહીને માટે એનો પ્રાણ

---

પોટલાં ઉપડાવવાનો છે. અને કોરીઅનો એ નાણાં સ્વીકારે છે તે પણ સાચું છે. પરંતુ તેનું કારણ તેઓનો બોલ્શેવીક સિદ્ધાંતો પરનો પ્રેમ નથી. તેઓની અભિલાષા તો એક-અને એક જ છે: સ્વદેશમાંથી જાપાની સત્તાને સાફ કરવા. એ અભિલાષાની સિદ્ધિ અર્થે તેઓ તો રાતા રશીઆની કે ગોરા અમેરિકાની-ચાહે તેની કનેથી મદદ સ્વીકારવા તૈયાર છે.

પરંતુ કોરીઆવાસીઓનો શાણો સમુદાય, જેણે આ અગાઉ જાપાનની સાથે શસ્ત્રયુદ્ધની વ્યર્થતા નિહાળી છે, તેઓ આ ધર્મસેનાના અભિલાષ સાથે એકમત છે, પણ ઈલાજો સાથે સહમત નથી. તેઓ માને છે કે કાયમી પરિણામ તો ક્રાંતિવાદી મારફાડની રીતિથી નહિ પણ ઉત્ક્રાંતિની રીતિએ જ નીપજી શકશે: માટે પ્રજાને કેળવવી જોઈએ, જાપાનની સમભૂમિકાએ આર્થિક પ્રગતિ પહોંચાડવી જોઈએ અને પશ્ચિમની સુધરેલી દુનિયાને પોતાના અભિલાષોથી એવી રીતે વાકેફ કરી દેવી જોઇએ, કે સ્વાતંત્ર્યપ્રાપ્તિની આખરી રસાકસીની અંદર પશ્ચિમ કાંઇ નહિ તો તેઓ કોરીઆને નૈતિક ટેકો તો આપશે એવી ધારણા રહે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોકારી ઉઠે. એક નાદાન પ્રજાજનના અંતઃકરણમાં પોતાની માતાને માટે વેદનાની જ્વાળા સળગે ત્યારે એ અણસમજુ દેશભક્ત દુશ્મનોનું લોહી લેવા ધસે. એ ન્યાયે ૧૯૦૭ ની સાલમાં પરદેશખાતાના મંત્રીનું એક કોરીઅને ખૂન કર્યું. ૧૯૦૯ની સાલમાં રેસીડેન્ટ–જનરલ ખુદ પ્રીન્સ ઇટોનું જ બીજા એક કોરીઆવાસીએ ખૂન કર્યું. એ બે ખૂન થવાની સાથે જ કોરીઆનો મૃત્યુઘંટ વાગી ચુક્યો. જાપાનનો લશ્કરી સંપ્રદાય તો કૈં વરસો થયાં દમનની રાજનીતિ ધારણ કરવા પોકારી રહ્યો હતો. એને આ સોનેરી તક આવી મળી. કાઉન્ટ ટેરોચી નામનો જાપાની લડાયક વર્ગનો આગેવાન, કૈં કૈં યુદ્ધોની યશ–કીર્તિ પામેલ યોદ્ધો, સંહારનો જ હિમાયતી, નિષ્ઠુર, હૃદયહીન, મિતભાષી ને ભયાનક—રેસીડન્ટ જનરલ નીમાયો. એને એક જ ઝંખના હતી : "જાપાન અને જાપાનની જ સાર્વભૌમ સત્તા." એ આવ્યો. એનો નિશ્ચય હતો કે કાં તો કોરીઆને ખાલસા કરી લેવું, અથવા તો પૃથ્વી પરથી એની હસ્તી જ ઉખેડી નાખવી.

એ આવ્યો કે તત્કાળ, જાપાનના પગાર ખાનારા પ્રત્યેક વર્તમાનપત્રે લખી નાખ્યું કે " અત્યારે કોરીઆનાં સુવહીવટ અને સુવ્યવસ્થાને ખાતર લગાર દયાહીન બનવાની જરૂર છે. પંપાળવાની રાજનીતિ નહિ ચાલે. "

કાઉન્ટ ટેરોચીએ પોતાની આણ પ્રવર્તાવવાનું આદરી દીધું. ચાર સ્વદેશી વર્તમાનપત્રોને રૂંધી નાખ્યાં, વિદ્યાર્થીઓને પકડીપકડી પૂર્યા, લશ્કરી અમલદારોને શાસન સોંપ્યાં, પોલીસખાતાને સતેજ બનાવ્યું. પ્રચંડ જાસુસ–જાળ પાથરી દીધી. લોકોમાં ત્રાસનો પેગામ પહોંચી ગયો.

બીજી બાજુ જાપાની શાસનના શુભચિંતકો માટે નાણાંની થેલીઓ, નોકરીઓ ને પદવીઓ છુટે હાથે વેરાઇ. એ બધા જાપાનના જાસુસો બન્યા. પોતાની કોટડીને બંધ બારણે પણ વિદ્યાર્થી ખુલ્લે દિલે બોલતો બંધ થયો. દિવાલોને પણ કાન આવ્યા હતા,

ટેરેચી બોલતો ન હતો; હસતો પણ ન હતો. એ કોઇને મુલાકાત પણ આપતો નહોતો. એનો મુંગો કોપ પોતાનો માર્ગ કરી રહ્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક દિવસ ઓચીંતા ખબર આવ્યા કે "કોરીઆ ખાલસા !" રાજા નામનું પૂતળું પણ કોરીઆ ઉપર ન જોઇએ; રાજસિંહાસન ઉથલી ગયું. રેસીડેન્ટજનરલ ગવર્નરજનરલ બન્યો. ચાર હજાર વરસનો પુરાતન એક સ્વતંત્ર દેશ જાપાનનો એક પ્રાંત બની ગયો. ચાલીસ સૈકાનો ઇતિહાસ પલવારમાં ભુંસાઇ ગયો. કોઇ જાદુગરની છડી અડકતાં કોરીઆની સુરત જ એવી બની ગઇ કે પોતે પોતાને ન પિછાને.

જાહેરનામું બહાર પડયું: "આ મંગળ પ્રસંગની યાદગીરીમાં કેદીઓને છોડી મૂકવા. કરવેરામાં પાંચ ટકા કમી કરવા. પ્રજાજનો ! આનંદો !"

જાણે કે રાજાએ પોતે રાજી ખુશીથી જ પોતાનો દેશ જાપાનને સુપ્રત ન કર્યો, હોય એવું બતાવવા માટે આ ખાલસાના જાહેરનામાને જાપાન અને કોરીઆના નરેશો વચ્ચે થએલી સંધિનું જ સ્વરૂપ અપાયું.

કદાચ જગત સવાલ કરે કે "શા ઇરાદાથી રાજા પોતે ઉઠીને પોતાનું જ રાજ્ય પરસત્તાને સોંપી આપે?" જાપાને એ પણ અવ્યક્ત નથી રાખ્યું. સંધિની શરૂઆતમાં જ એણે લખ્યું છે કે : "નામદાર જાપાનના શહેનશાહ અને નામદાર કોરીઆના શહેનશાહ, બન્ને મળીને વિચારે છે કે પોતાના બન્ને દેશોની વચ્ચે દિલોજાન દોસ્તી ચાલી આવે છે; વળી પૂર્વના આ વિભાગની શાંતિ જાળવવાનો બન્નેનો અભિલાષ છે. બન્ને નામદારો સમજે છે કે ખરેખરી શાંતિ તો જાપાનની સાથે કોરીઆને જોડી દેવાથી જ સ્થપાય તેવું છે.

તેથી એ જોડાણના કોલકરારો કરવા બન્નેએ પોતપોતાના પ્રતિનિધિઓ નીમ્યા છે. નામદાર જાપાન–શહેનશાહ તરફથી રેસીડન્ટ–જનરલ વાઇકાઉન્ટ ટેરાઉચી, અને નામદાર કોરીઆ–નરેશ તરફથી તેઓશ્રીના મુખ્ય પ્રધાન. બન્નેએ મસલત કરીને નીચેની શરતો ઠરાવી છે :

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧. નામદાર કોરીઆ–નરેશ સમસ્ત કોરીઆ પરની માલીકીના કુલ હક્કો ચુકતે અને કાયમને માટે નામદાર જાપાન–નરેશને સુપ્રત કરે છે.

૨. નામદાર જાપાન–નરેશ એ હક્કો સ્વીકારે છે ને કોરીઆને જોડી દેવા તૈયાર છે.

૩. નામદાર કોરીઆ–નરેશને, નામદાર શહેનશાહબાનુને, નામદાર યુવરાજને તથા તેઓશ્રીનાં રાણીજીને, તેમજ વારસદારોને પોતપોતાની પદવીને છાજતાં તમામ માનઇલ્કાબ આપવા તેમજ એ માનઇલ્કાબ નભાવવાનું ખર્ચ કરવા માટે શ્રી જાપાન–નરેશ જરૂર પૂરતી વાર્ષિક રકમ મંજુર કરશે.

૪. ઉપલી રકમમાં બતાવેલા મનુષ્યો ઉપરાંત કોરીઆના પાદશાહી પરિવારનાં બીજાં જે જે કુટુંબીઓ કે વારસદારો હશે તે તમામને પોતપોતાની પદવીને માટે જરૂરજોગા પૈસા આપવામાં આવશે.

૫. જે જે કોરીઆવાસીઓએ ઉંચી સેવા બજાવી હશે, તેઓને અમીરી તેમજ આર્થિક ઈનામો અવશ્ય એનાયત કરવામાં આવશે.

૬. ઉપર લખ્યા જોડાણને આધારે ના. જાપાન સરકાર કોરીઆનો તમામ રાજવહીવટ સંભાળી લે છે; અને જે જે કોરીઅન પ્રજાજનો અત્યારના કાયદાનું પાલન કરતા હશે તે તમામના જાનમાલનું રક્ષણ કરવાનું સરકાર પોતાને માથે લે છે.

૭. સંજોગો અનુકૂળ હશે તેટલે દરજ્જે તો સરકારી નોકરીમાં એવા કોરીઆવાસીઓને અવશ્ય નીમવામાં આવશે, કે જેઓ નવી સરકાર તરફ વફાદાર હશે અને નોકરીની લાયકાતવાળા હશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૮. આ કોલકરાર નામદાર બન્ને શહેનશાહોએ મંજુર રાખ્યા છે.

પ્રજાજનો કહે " માતા કોરીઆ તો મરી ગઇ. હવે આપણે જીવીને શું કરવું છે ?" વિદ્વાનો, જુના સોલ્જરો, કોરીઆના પ્રેમીઓ એક પછી એક પોતાની વેદનાને વ્યક્ત કરતા કરતા આપઘાત કરી મરવા લાગ્યા. જાપાની દાનવને દેવાલયે માતા કોરીઆએ એકવાર શિલ્પ, સંસ્કૃતિ, સાહિત્ય તેમજ ધર્મનાં પુષ્પો વેર્યાં હતાં. દાનવે ગર્જના કરી કે "હવે હું ફુલોનો ભોગી નથી રહ્યો હે નારી! મારે રક્ત જોઇએ-સંપત્તિ જોઇએ."

દૂર દૂરની ડુંગરમાળ ઉપર ધર્મ-સેના લડી રહી હતી. પરંતુ પાટનગરનાં પ્રજાજનો કોઇ ભાવી સુયોગની વાટ જોતાં બેઠાં રહ્યાં. કોઇએ બળવો ન કર્યો. થયો હોત તો પણ જાપાનીઓ ઝીણામાં ઝીણી તૈયારી કરીને સામનો કરવા જ ખડા હતા.

## ૯ § સંહારનાં શસ્ત્રો

કાઉન્ટ ટેરોચીનું તલવાર-રાજ્ય ૧૯૧૦થી ૧૯૧૯ સુધી ચાલ્યું. એ તલવારનું રાજ્ય કેવું હતું ?

એ ૧૦ વર્ષની અંદર કેટલીક આર્થિક પ્રગતિ કરવામાં આવી ખરી : જરીપુરાણી જંગલી વહીવટ-રીતિ રદ કરી, નાણાંનું સંગીન ચલણ દાખલ કર્યું, રેલ્વેઓ વિસ્તારી, રસ્તા સમરાવ્યા, જંગલો ઉગાડવાનું કામ મોટા પાયા પર ઉપાડયું, ખેતી ખીલાવી, સુધરાઇ સુધાર્યું અને નવા ઉદ્યમો આદર્યા.

આમ છતાં જાપાની શાસનનો આ દાયકો ઇતિહાસની અંદર એક સહુથી મોટી નિષ્ફલતાનું ઉદાહરણ પૂરું પાડી ગયો છે. કયુબાની અંદરનું અમેરિકા-શાસન અને કોરીઆનું જાપાની શાસન, એ બન્ને વીસમી સદીની અંદર તાબેદાર પ્રજા ઉપર રાજ ચલાવવાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીતિનાં અનુક્રમે ઉજ્જવલ અને કલંકિત દષ્ટાંતો છે. કારણ એ છે કે જાપાને શરુઆત જ કરી કોરીઆ પ્રતિની ધિઃકાર–ભાવના વડે. સારો વહીવટ વહીવટકર્તાના અંતરમાં દિલસોજી જનમ્યા વગર અશક્ય છે; અને નાદાનીભર્યાં અંધ તિરસ્કાર–ભાવની જોડે દિલસોજીને સ્થાન મળવું પણ અશકય છે. જાપાને તો આદર કર્યો આવી ભાવનાથી કે કોરીઆના રાષ્ટ્રીય આદર્શોનો નાશ કરવો, એના પ્રાચીન સંસ્કારોની જડ કાઢવી અને પ્રજાજનોને જાપાનીઓ (ઉતરતી પંક્તિના જાપાનીઓ) બનાવી લેવા. એક પુરાતન અને આગ્રહી પ્રજાની આવી વિકૃતિ કરવામાં જાપાનને પ્રથમ તો પશુબળ જ વાપરવાની જરૂર પડી. એ સમજવા માટે આપણે એના નવા રાજવહીવટની વિગતો સમજીએ :

૧. પોલીસને તેઓએ જીવનમૃત્યુની અસીમ સત્તા સોંપી. વિના વારંટે તેઓ હરકોઇ ઘરની જડતી લઇ શકે, ત્યાં ને ત્યાં પોતાને ઠીક લાગે તે ચીજનો નાશ કરી શકે, દાખલા તરીકે કોઇ પણ વિદ્યાર્થીના ઓરડાની જડતી લઇ પોતાને ભયંકર લાગતી ચોપડી ઉઠાવીને ત્યાં ને ત્યાં, અથવા લોકો પર છાકો બેસારવા માટે શેરીમાં મૂકીને સળગાવી નાખે, બીજી સત્તા તે પોલીસને ઘરોની અંદરની સ્વચ્છતા તપાસવાની : એ તપાસ ગામડે ગામડે ને મકાને મકાને કરી શકે. ચોકખાઇ નથી એવા ઓઠા નીચે ચાહે તે પ્રજાજનને ત્યાં ને ત્યાં ફટકા લગાવે. ત્રીજું, વિના વારંટ પોલીસ હરકોઇ પ્રજાજનની જડતી લઇ તથા અટકાયતમાં રાખી શકે. પોલીસથાણા પર લઇ જઇને એને ચાહે તેટલા દિવસ સુધી મુકર્દમો ચલાવ્યા વગર પૂરી રાખે, છોડી મૂકે અથવા સજા પણ કરી શકે.

પોલીસખાતું મુખ્યત્વે ફટકા મારવાની સજા ભોગવે છે. એ સજામાંથી જાપાનીઓ ને પરદેશીઓ મુક્ત છે. માત્ર દેશીને જ એનો લાભ અપાય છે. એ સજા મનુષ્યને આજાર, અપંગ, મરણતોલ અથવા તો પૂરેપૂરો મૃત્યુવશ કરી મૂકવા સુધીની હદે પોલીસ કરી શકે. ઓરતોને, પાંસઠ ઉપરની ઉમ્મરના મર્દને અને પંદર વર્ષની અંદરના બાલકને ફટકા મારવાનો તો જાપાની સરકારે પ્રતિબંધ કરેલો–એવું જાહેરનામું કાઢેલું કે ઉપર લખ્યા ઉપરાંત 'બિમાર કે

દિવાના બની ગએલા ગુન્હેગારોને છ મહિના સુધી ફટકા મારવાનું મુલ્તવી રાખવું; તેમજ બની શકે ત્યાં સુધી અતિશય દેહપીડા ન દેવી'—તે છતાં પોલીસખાતું એવા કશા ભેદભાવ વગર ફટકા લગાવે ગયું. ઇ. સ. ૧૯૧૯ની અંદર સીઉલ જગરની ઇસ્પીતાલોમાં ઘાયલ થઇને સૂતેલાં દર્દીઓને, દાક્તરોના ને પરિચારિકાઓના વિરોધો છતાં, બહાર ઘસડી લાવીને ફટકા લગાવેલા. ઓરતોને અને નાના છોકરાઓને ફટકા મારવાને પરિણામે તેઓનાં થોડા જ દિવસોમાં મરણ નીપજ્યા હોવાના દાખલા મૌજુદ છે. જાપાની કાયદો વધુમાં વધુ ૯૦ ફટકા–રોજના ૩૦ને હિસાબે–મારવાનું મંજુર કરે છે. છતાં એણે કાયદામાં "નિરર્થક દેહપીડા ન દેવી" એવો વિવેક વાપર્યો છે.

ફટકાની સજા પૂરતી જ પોલીસની જુલ્મ–નીતિ નથી અટકી જતી. પકડતાંની વાર જ આરોપીનો એના સ્વજનો સાથેનો વ્યવહાર અટકાવી દેવામાં આવે છે: એને એના આરોપો પણ જણાવવાની જરૂર નથી જોવાતી. એના સ્વજનોને પણ ખબર નથી અપાતા. શરુ શરુમાં તો એને વકીલ પણ રોકવા દેવામાં નથી આવતો. મહિનાઓ સુધી એ કાચા કેદીની હાલત ભોગવે છે. એ દરમ્યાન એની પાસેથી ખોટી કેફીઅતો કઢાવવાની બારીકમાં બારીક રીબામણી ચાલે છે. પછી આરોપીને અદાલતમાં લાવે છે. ત્યાં રાજ–વકીલ પણ પોલીસ જ હોય છે. અદાલત પણ આરોપીને રક્ષણ આપવાને બદલે એની નિર્દોષતા પુરવાર કરવાની ફરજ એના પર જ મૂકે છે. ન્યાયમૂર્તિઓ પોતે પણ ગવર્નર–જનરલના જ નીમાએલા હોવાથી એની જ ઇચ્છાને અનુસરે છે. આ સ્થિતિમાં જાપાની અદાલતોનો ઇન્સાફ એક રાજદ્વારી ચાલબાજી જ બની ગયો. ગુન્હાઓનું પ્રમાણ આવા વહીવટને પ્રતાપે ફાટી નીકળ્યું. એના આંકડા આ રહ્યા :

| | કુલ તહોમતદારો. | વિના કામ ચાલ્યે સજા પામેલા. | છૂટી ગયેલા. |
|---|---|---|---|
| ૧૯૧૩ | ૩૬,૯૫૩ | ૨૧,૪૮૩ | ૮૦૦ |
| ૧૯૧૪ | ૪૮,૭૬૩ | ૩૨,૩૩૩ | ૯૩ |
| ૧૯૧૫ | ૫૯,૪૩૬ | ૪૧,૨૩૬ | ૪૭ |
| ૧૯૧૬ | ૮૧,૧૩૯ | ૫૬,૦૧૩ | ૧૨૬ |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તહોમતદારો પાસેથી બાતમી મેળવવા માટે કેવી કેવી કળાઓ વપરાતી? પુરૂષોનાં અને બચ્ચાંનાં બાવડાં બાંધી ઉંચે ટીંગાડવામાં આવતાં અને તેઓ છેક બેશુદ્ધ બની જાય ત્યાંસુધી, એ બાંધેલી દોરી ખેંચાતી ને ઢીલી થતી. ધગાવેલા સળીઆ ઉપર એની આંગળીઓ ચાંપવામાં આવતી. એના શરીરના માંસમાં ધગધગતા ખીલા ઘોંચાતા. આંગળીના નખને ચીમટાથી ખેંચી કાઢવામાં આવતા. (ઇ. સ. ૧૯૨૨ સુધી તો આ બનતું જ આવ્યું છે.)

ધંધારોજગારથી વંચિત થએલાં, ને સરકારી સતાવણી ન સહી શકનારાં ૭૫ હજાર કોરીઆવાસીઓ વરસે વરસે ઘરબાર છોડીને મંચુરીઆ તરફ ચાલી નીકળવા લાગ્યાં. રસ્તે ભૂખમરો, કડકડતી ઠંડી અને મૃત્યુ રાહ જોઇ રહ્યાં હતાં, પણ જાપાની જુલ્મની અંદર રહેલું અપમાન આ માર્ગના મૃત્યુમાં નહોતું.

દેશ છોડીને ચાલી જનારી નારીઓનાં અંગ ઉપર નગ્નતા ઢાંકવા જેટલાં પણ વસ્ત્રો નહોતાં. પીઠ ઉપર એનાં નાનાં બચ્ચાં બાંધેલાં હતાં. તેથી એકબીજાનાં શરીરની હુંફ મેળવીને તેઓ ચાલતાં. બાળકોનાં નાજુક આંગળાં ઠંડીમાં એક બીજા સાથે ચોંટી જતાં. વૃદ્ધ સ્ત્રીપુરૂષો, વાંકી કેડ કરીને ગાઉના ગાઉ સુધી ચાલ્યાં જતાં. આખરે એ જર્જરિત શરીરો થાકી જાય, આગળ ચાલી ન શકે અને માર્ગમાંજ પ્રાણ છોડે. સગર્ભા સ્ત્રીઓને રસ્તાની ધર્મશાળાઓમાં પ્રસવ આવે. એવાં દુઃખોની બરદાસ કરતાં કરતાં ૭૫ હજાર કોરીઆવાસીઓ દેશવટે ચાલ્યાં ગયાં. આજે તો મંચુરીઆમાં એની સંખ્યા પાંચ લાખની થઇ ગઇ છે.

જાપાન તો તાજુબ બનીને જોતું રહ્યું કે આ બહાદૂર પ્રજાનો પ્રાણ તલવારથી નથી જતો. તલવાર ચલાવીને દુશ્મન ચાહે તેટલું લોહી ચૂસી શકે, વસ્તીની ગણતરીના આંકડા ઓછા કરી શકે, પણ એ લોહીના ઉંડાણમાં ને એ આંકડાઓથી છેક અગમ્ય, એક એવો પ્રાણ પ્રજાને હોય છે કે જેને જાલીમનાં શસ્ત્રો સ્પર્શી જ ન શકે. એ પ્રાણ તે પ્રજાની સંસ્કૃતિ ને પ્રજાનું ચારિત્ર્ય. જાપાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોરીઆની એ સંસ્કૃતિને ભ્રષ્ટ કરવાનું ને એ નીતિનો ધ્વંસ કરવાનું કામ આરંભ્યું. આટલાં આટલાં પગલાં લેવાયાં :

૧. કોરીઆના ઇતિહાસનાં તમામ પુસ્તકો ને જીવન–કથાઓ નિશાળોમાંથી, પુસ્તકાલયોમાંથી અને ખાનગી માણસોને ઘેરથી એકઠાં કરાવી બાળી નખાવ્યાં. મહામૂલું પુરાતન સાહિત્ય બળીને ભસ્મ બન્યું. દેશી વર્તમાનપત્રો, પછી તે રાજ્યદ્રોહી હો કે વિજ્ઞાનને લગતાં, તદ્દન બંધ થયાં. છાપાને લગતા એવા કાયદા ઘડાયા કે વર્તમાનપત્ર કાઢવું જ અશક્ય હતું. નીચેના પ્રસંગોથી એ કડકાઇનો ખ્યાલ આવશેઃ

કોરીઆનાં બાળકો માટે અંગ્રેજી ભાષામાંથી એક હાથીની વાર્તા કોરીઆની ભાષામાં ઉતારવામાં આવી. છાપાની અધિકારીએ એ વાર્તાને જપ્ત કરી. કારણ કે એ વાર્તાની અંદરનો હાથી પોતાના નવા માલીકને કબ્જે થવા નાખુશ હતો, એ વાતને રાજ્યદ્વારી અર્થમાં ઘટાવી બાળકો રખે કદાચ એવું શીખી બેસે કે પોતાના નવા માલીક જાપાનને તાબે ન રહેવું !

એક ધાર્મિક વર્તમાનપત્રે 'વસંત' ઉપર કાવ્ય પ્રસિદ્ધ કર્યું તે સત્તાએ દાબી દીધું. કારણ કે એમાં 'નૂતન વર્ષનો પુનર્જન્મ' એ મિસાલનો ઉલ્લેખ કોરીઆવાસીનાં મનમાં કદાચ "પ્રજાનો પુનર્–ઉદય" એવો અર્થ સૂચવી રખે પ્રજાને સરકાર સામે ઉશ્કેરી મૂકે!

કૉલેજની એક કુમારિકાએ 'સ્વતંત્રતા' ઉપર એક ગીત જોડયું, તે બદલ તેને બે વરસની સજા પડી.

૨. સભાસમિતિઓ ગેરકાયદેસર જાહેર થયાં. લોકોને મ્હોંયે પણ ડુચા દેવાયા. રાજ્યદ્વારી વિષયમાં પડવું એ કોરીઆવાસીઓને માટે ભયંકર ગુન્હો ગણાયો.

૩. કોરીઆ સ્વતંત્ર હતું ત્યારે એને ગામડેગામડે લોકો શાળાઓ ચલાવતાં. વિદ્વતા મેળવી મશહુર થવાનો પ્રત્યેક બાલકનો મહામનોરથ હતો. જાપાને આવીને એવા કાયદા કર્યા કે જેથી ખાનગી નિશાળો મરણને શરણ થઇ. કોરીઆનાં મહાન વિદ્યાલયો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાપાને વીંખી નાખ્યાં. કેળવણી આપવા માટે કોરીઆની ભાષા કાઢી નાખીને જાપાની ભાષા દાખલ કરી. નિશાળોમાં જાપાની શિક્ષકો નીમાયા. જાપાની શિક્ષકને ન સ્વીકારનાર શાળાનાં બારણાં બીજા દિવસથી બંધ થઇ જાય. પાઠય–પુસ્તકો જાપાની સરકારની પસંદગીનાં જ ચલાવાય. યુરોપ કે અમેરિકાનો, બલ્કે ખુદ પોતાની માતૃભુમિ કોરીઆનો ઇતિહાસ પણ બાળકોને કાને નજ પડી શકે. જાપાનનો જ ઇતિહાસ શીખવાય. એ ઇતિહાસમાં એવી વાતો ઘુસાડવામાં આવી છે કે જાણે જાપાને જ કોરીઆને જંગલી હાલતમાંથી છોડાવ્યું, જાણે કોરીઆનો ઇતિહાસ ફક્ત બે હજાર વરસોનો જ જુનો છે અને જાપાનના છત્ર નીચે જ કોરીઆ ફુલ્યું ફાલ્યું છે; અને છેલ્લી વાત–કોરીઆ પોતાની ઇચ્છાએ જ, પોતાની સલામતી ખાતર જ જાપાનને આધીન બન્યું છે. જાપાનનાં પૂજારીઓ પેદા કરવામાં આ કારખાનાંની અંદર એકેય સાધનની ઊણપ ન રહી. ઉપરાંત જાપાની શિક્ષકો કમ્મર પર તલવાર બાંધીને શાળામાં શીખવવા આવે. આઠ નવ વરસની ઉમરનાં બાલકોનાં મન ઉપર એ તલવારોના દમામ વડે તાબેદારી ને ગરીબડાપણાની છાપ પાડવાનો આશય હતો.

આમ છતાં યે કોરીઆનાં સંતાનો છાનાં છાનાં પોતાની માતાને મળે છે. નિશાળમાંથી છુટયા બાદ ચાર બાળકોની મંડળી એકઠી મળીને કોરીઆની ભાષા શીખે છે અને માતૃભૂમિનાં છિન્નભિન્ન સ્મરણોમાંથી ચાર હજાર વરસનો જુનો ઇતિહાસ ઉકેલે છે. ઉચ્ચ શિક્ષણને માટે વિદેશ જવા ઇચ્છનાર વિદ્યાર્થીઓને સરકાર પાસપોર્ટ નથી આપતી. ફક્ત જાપાન જવાની છુટ રાખી છે. પરંતુ ત્યાં જનાર વિદ્યાર્થીને એકડે એકથી તમામ પરીક્ષાઓ ફરીવાર પસાર કરવી પડે છે.

૪. શિક્ષણને પલટી નાખવાથી તો માત્ર મગજ ડોળાય; પણ જાપાનના અભિલાષ તો કોરીઆના આત્માને જ જલ્દી કલુષિત કરી નાખવાના હતા. ચારિત્ર્ય અને પવિત્રતા વિષેના જાપાની વિચારો ઘણા શિથિલ જ છે. જુના કાળમાં, પોતાના માવતરની ગરીબી ટાળવા જુવાન દીકરી પોતાનું શિયળ વેચે, એ તો જાપાનમાં મહા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પવિત્ર કાર્ય ગણાતું. અત્યારે પણ જાપાની અમલદારો, પ્રધાનો ને શિક્ષકો છડેચોક વેશ્યાઓને ઘેર જાય, વ્યભિચાર સેવે, રખાતો રાખે. એક શાળાના અધ્યાપકે તો ખુલ્લેખુલ્લું કહેલું કે "મ્હારા શિક્ષકોને હું વેશ્યાગારોમાં જવા દઉં છું. વેશ્યાનાં બીલો મ્હારી પાસે પરભારાં આવે છે, તે હું શિક્ષકોના પગારમાંથી પરભારાં જ ચુકવું છું.

આમ હોવાથી જાપાને કોરીઆમાં જાપાની વેશ્યાઓને ટોળાબંધ ઉતારી. જાપાનનાં પગલાં થયા પહેલાં કોરીઆમાં વેશ્યાગારો હતાં જ નહિ. માત્ર મોટાં શહેરોમાં, ખાસ કરીને શીઉલમાં ફક્ત પાંચસો કેસાંગો (નાચનારીઓ) હતી; પરંતુ તેઓ ફક્ત નૃત્યસંગીતનું જ કામ કરતી. એ બધીઓનાં ચારિત્ર્ય ભ્રષ્ટ નહોતાં. જાપાનના આગમન પછી એ બાલિકાઓનો ધંધો તૂટી ગયો. એને બદલે દેશના પ્રત્યેક શહેરમાં પરવાનાવાળાં વેશ્યાગારો ખોલાયાં. શહેરના ઉત્તમ લતાઓમાં વેશ્યાઓને મકાનો અપાયાં, એટલે કુલીન પાડોશીઓ પોતાનાં ઘરબાર જાપાનીઓને નામની જ કીમતે વેચી દઇને ચાલી નીકળ્યાં. આ ઉપરાંત વેશ્યાઓની અકેકેક મંડળી લઇને જાપાની સોદાગરો ગામડેગામડે પણ ભટકવા લાગ્યા.

એક બંડખોર કોરીઅન કુમારીએ અદાલતના ઓરડામાં ન્યાયાધિકારીને ખુલ્લેખુલ્લું કહેલું કે "તમે અમારી ખાનગી નિશાળો ઝુંટવી લીધી, અને તેને બદલે જાહેર વેશ્યાવાડા આપ્યા. શિક્ષકને પરવાનો મળતાં મહા મુશીબત પડે, પણ વેશ્યાને સહેલાઇથી પરવાનો મળે છે." આજ કોરીઆની ભૂમિ પર વેશ્યાઓને લીધે ભયંકર ગુપ્ત રોગો ફેલાઇ ગયા છે.

સીઉલ નગરમાં રાત્રિના સમયને દેદીપ્યમાન બનાવતું સર્વોપરિ દશ્ય જો કોઇ હોય તો તે 'યોશીવારા' નામનું, દીપમાલા વડે પ્રજાનાં દિલ હરતું એક વિશાલ વેશ્યાગૃહ છે. સરકારે જ એને ઉભું કર્યું છે અને જાપાનીઓ જ એને ચલાવે છે. અનેક કોરીઅન કુમારિકાઓ એમાં લપટાય છે.

એટલું જ બસ નથી. લગ્ન વિષેનાં કોરીઆએ કરેલાં બંધનોને તોડી નાખીને જાપાનીઓએ પ્રજાની અનીતિને ઉત્તેજન આપ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દાખલા તરીકે લગ્ન માટેની ઉમ્મરનું બંધન રદ કરવાથી અત્યારે બાર બાર વરસની કન્યાને પણ લોકો પરણાવી દે છે. એવી શિથિલતાને પરિણામે દસ વર્ષમાં તો ૮૦ હજાર છુટાછેડાના કિસ્સા બન્યા છે. એમાંથી વેશ્યાઓ વધે છે. આ વેશ્યાઓને ચીનમાં ઉપાડી જઇ વેચાણ કરવાના ધંધાને જાપાની સરકારે ઉત્તેજન આપ્યું છે. કેમકે તેમાંથી સરકારને મ્હેસૂલ મળે છે. આ વિક્રયનો ભોગ થનારી ઘણીખરી વેશ્યાઓ તો ૧૪–૧૫ વર્ષની જ ઉમરની હોય છે.

૫. કોરીઆ જ્યારે સ્વતંત્ર હતું ત્યારે કોરીઆની અંદર અફીણનો પગ નહોતો. અફીણ લઇ આવનારો પકડાય તો તેનું માથું ધડથી જૂદું થતું. પણ જાપાનને હાથ ગયા પછી કોરીઆની અંદર અફીણના વેપારીઓ આવી પહોંચ્યા. ખુદ જાપાનમાં તો અફીણનો ઉપયોગ એક ભારે અપરાધ ગણાય છે, અફીણને કાઢવા ચાંપતા ઇલાજો લેવાય છે. એજ જાપાને ઇરાદાપૂર્વક કોરીઆની અંદર અફીણ પેસાડયું. અફીણના ડોડવાનાં વિશાળ વાવેતર કરાવ્યાં. સુધરેલી પ્રજાની દૃષ્ટિએ હલકા ન પડવા ખાતર, કાયદો તો અફીણનિષેધનો જ રાખવો પડયો છે, પણ બીજી બાજુ ખુદ જાપાની સરકારે જ ખેડુઓને બીયાં પુરાં પાડેલાં છે. એ વિનાશક વાવેતરને ઉત્તેજન આપવા સરકારે વાર્ષિક ૧,૮૨૦૦૦ ડૉલર ખર્ચવાનું ઠરાવ્યું છે. એ અફીણ છુપી રીતે વ્હાણરસ્તે ચીનમાં મોકલે છે.

અફીણનો ધંધો આબાદ કરવામાં જાપાનને બે ફાયદાઃ (૧) રાજ્યને કમાણી. (૨) રીતસરના વિષ–પ્રયોગ વડે એ વીર પ્રજાનો ધીરો ધીરો પણ ખાત્રીબંધ વિનાશ.

૬. કોરીઆમાં શરાબ વપરાતો; પણ બહુ જ સંયમપૂર્વક. દારૂનાં પીઠાં ફક્ત શહેરમાં જ હતાં. તેના ઉપર પણ રાજ્યસત્તાની સખ્ત દેખરેખ રહેતી. ગામડાં એ બદીમાંથી તદ્દન મુક્ત હતાં. જાપાનની સત્તા સ્થપાયા પછી એકેએક શહેર અને ગામડાંની અંદર, પ્રજાજનોની મરજી વિરૂદ્ધ પીઠાં ખોલવાના પરવાના અપાયા. આજ એ વિષ પ્રજામાં ખૂબ પ્રસરી ગયું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૭. કોરીઆમાં કોઇ બાળક પોતાના વડીલોની હાજરીમાં બીડી કે હુક્કો પી શકતો નહિ આજ સુધી કોરીઆને છેક અજાણી એવી સીગારેટો જાપાની સરકારે જ દેશમાં દાખલ કરી. નવ નવ વરસનાં બાળકો છચોક સીગારેટ પીતાં હોય છે. એક પાદરીએ બાળકોને સીગારેટ ન પીવાનો ઉપદેશ કર્યો તેથી સરકારે એને કેદ કર્યો. એના પર તહોમત મૂકાયું કે "તમે બાળકોને સીગારેટ ન પીવાનું શીખાવ્યું. આ સીગારેટ સરકારના પરવાનાથી બનાવાય છે. સીગારેટ વિરૂદ્ધ બોલવું એટલે સરકારી ખાતા વિરૂદ્ધ બોલવું ગણાય; એટલે કે સરકારી ખાતાને નુકશાન પહોંચાડયું ગણાય; એટલે કે સરકારની સામે રાજદ્રોહ કર્યો ગણાય. માટે તમારા પર રાજદ્રોહનું તહોમત !"

૮. સ્ત્રીપુરૂષોને સાથે ન્હાવાનાં જળાશયો બંધાયાં. જાપાનીઓ એ જળાશયમાં નિર્લજ્જ બની પોતાની શિથિલ શરીર–ભાવનાને લીધે સ્નાન–ક્રીડા કરે; પણ શિયળ ને પવિત્રતાનું પુજક કોરીઆ એ ક્રીડાથી અળગું જ રહ્યું હતું.

આવા પદ્ધતિસર અધઃપતનમાંથી એક પરવશ અને પરાજીત પ્રજા લાંબો કાળ ન જ ઉગરી શકે.

આ બધી નીતિ તો બહુ વ્હેલી વ્હેલી નક્કી થઇ ચૂકી હતી. ૧૯૦૬ની અંદર એક જાપાની અમલદારે એક અંગ્રેજ આગળ છુપા ઉદ્ગારો કાઢેલા કે: "રાજના નોકર તરીકે હું તમને ન કહી શકું; પણ મારો ખાનગી મત પૂછતા હો તો સાંભળોઃ અમારી રાજનીતિનું એક જ નિશાન છે, ને એ પાર પડવાનું જ. ભલે જમાના વીતે. કોરીઅન પ્રજા જાપાની પ્રજામાં એકમેક બની જવાની. એ પ્રજા અમારી જબાન બોલશે, અમારા જેવું જ જીવન જીવશે, અમારો જ એક વિભાગ બની જશે. પરદેશીઓ ઉપર રાજ્ય કરવાના બે જ રસ્તા છે. એક તો પરદેશીઓને પરદેશી જ રાખી તલવાર વડે વશ રાખવાનો રસ્તો: એ તો તમે અંગ્રેજોએ હિન્દમાં અજમાવ્યો છે, એટલે જ તમારો અમલ આખરે નષ્ટ થવાનો. બીજો રસ્તો પ્રજાની સંસ્કૃતિને વટલાવી પ્રજાને પી જવાનો છે. તે રસ્તો આજ અમે કોરીઆમાં લીધો છે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧૦૬ સ્વાધીનતાની જાહેરાત

જાપાન ભુલ્યું હતું. દમનના તમામ પ્રયત્નોને પરિણામે કોરીઆઇ પ્રજા દબાવાને બદલે ઉલટી વધુ ને વધુ ઉગ્ર બનતી હતી. જાપાનનું એક એક પગલું પ્રજાના ઉશ્કેરાટમાં ને ધિઃકારમાં ઉમેરો કરે જતું હતું. પ્રજાનો એક બોલ પણ પરદેશને કિનારે ન પહોંચી શકે તે માટે તાર-ટપાલ વ્યવહારનાં સાધનો ભલે જાપાને પોતાની મુઠીમાં ભીડી રાખ્યાં હતાં, તે છતાં કેદમાંથી છુટેલા ને ન્હાસી ગએલા એવા અનેક રાજદ્વારી પુરુષોએ ને વિદ્યાર્થીઓએ વિદેશમાં પહોંચી પહોંચી વિશ્વાસપાત્ર વાતો ફેલાવી ફેલાવી, મંચુરીઆ, મેકસીકો, ચીન, હાવાઇ, વગેરે સ્થળોએ મોટી સંખ્યામાં વસવાટ કરી રહેલાં કોરીઆવાસીઓમાં આગ પેટાવી હતી. ભડકો છેક શ્વેત રંગ પકડી ગયો હતો. અને પરમુલકોના એ કોરીઆવાસીઓએ સાનફ્રાન્સીસ્કો શહેરમાં મથક રાખી એક નેશનલ એસોસીએશન પણ સ્થાપી દીધેલું. (એ જ સંસ્થાનું સંખ્યાબળ ઇ. સ. ૧૯૧૯માં ૧૦ લાખ સભ્યો સુધી પહોંચ્યું હતું.)

એવે એક મહાન સંયોગ ઉભો થયો. અમેરિકાના પ્રેસીડેન્ટ સ્વ. વીલ્સને નાની નબળી પ્રજાઓના હક્કોનું જગવિખ્યાત જાહેરનામું પ્રગટ કર્યું. એ પુરુષના મ્હોંમાથી પડેલો એક બોલ પ્રત્યેક કોરીઆવાસીને કાને ગુંજી ઉઠયો. ને તે આ હતો :

"આ પ્રજાસંઘને કયું કાર્ય કરવાનું છે ?"

"એ કાર્ય છે નાની પ્રજાઓની સ્વતંત્રતા સ્થાપવાનું, મોટી પ્રજાઓને નાની પ્રજાઓ પર દાદાગીરી કરતી અટકાવવાનું."

આ શબ્દોની વીજળી સમી સબસબાટી એકેએક કોરીઆવાસીના અંતર સોંસરવી ચાલી ગઇ. કોરીઆએ જાણે કોઇ ભેરીનાદ સાંભળ્યો. કોરીઆના અંધકારમાં આશાનો ઉદય થયો. પોતે સહુએ જેને પ્રિય માની હતી તે જ પ્રજાના અગ્રેસરે જાણે કે તેઓને સ્વતંત્ર કરવાનો કોલ દીધો. તેઓએ વિચાર્યું કે આંદોલનની ખરેખરી ઘડી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અત્યારે છે. તેઓએ પારીસની 'પ્રજાસંઘ પરિષદ્'માં પ્રતિનિધિઓ મોકલી 'જાપાને રાજાપ્રજાની સંમતિ વગર–ને રાજાની તો સહી જ વગર–કોરીઆ ખાલસા કર્યું છે' એ કથા પેશ કરવાનું ઠરાવ્યું. કોરીઆની અંદરથી તો જાપાન કોઇને જવા જ ન આપે તેથી અમેરિકા ખાતેના દેશવાસીઓમાંથી ત્રણ જણાનાં નામ નક્કી થયાં.

અમેરિકા કહે "પાસપોર્ટ જ નહિ મળે."

પરંતુ આખરે એ ત્રણમાંનો એક તરુણ આગેવાન મી. કિયુસીક કિમ્મ કોઇ અકળ જુક્તિથી ફ્રાંસને કિનારે ચડી ગયો. પારીસ–પરિષદ્નાં દ્વાર ખખડાવ્યાં.

જવાબ મળ્યો "નહિ મળી શકીએ."

આ છેલ્લો આઘાત વાગ્યા પછી તો કોરીઆએ પારકી આશા છોડી. આખા દેશ પર કેસરિયાં કરવાની વાતો ચાલી. ચતુર આગેવાનો ચેતી ગયા. તેઓએ માતૃભૂમિને નામે ઘોષણા કરી કે

"જે કાંઈ કરો તેમાં જાપાનીઓને અપમાન દેશો નહિ,

"પત્થર ફેંકશો નહિ.

"મુક્કાઓ મારશો નહિ.

"કારણ કે એ તો જંગલી પ્રજાનાં કામ છે."

પરંતુ બીજી બાજુ વધુપડતી ચાલાકી વાપરવા જતાં જાપાને પોતાની બાજી ઉથલાવી નાખી તેથી પ્રજાને જાગવાની તક સાંપડી. ૧૯૧૮ માં દુનિયાએ હથિયાર હેઠાં મેલ્યાં, એટલે જાપાને કોરીઆની સમગ્ર પ્રજાની અંદર એક પત્રિકા ફેલાવી અને તલવારની અણી બતાવી એ ઉપર સહી કરાવવા શરુ કર્યું. એ પત્રિકામાં શું હતું ? કોરીઆની પ્રજા તરફથી સુલેહની સભાને મોકલવાની એ એક અરજી હતી. કોરીઆ તરફથી એમાં જણાવવાનું હતું કે "જાપાનની કૃપાળુ રાજસત્તાના અમે અહેશાનમંદ છીએ. અમે બન્ને મહાપ્રજાઓ અમારા નૃપતિ મીકાડોના છત્ર તળે એક બની ઉભાં છીએ. અમારે જુદી સ્વતંત્રતા નથી જોઈતી. એ નાની પ્રજાઓને સ્વાધીનતા આપવાનો સિદ્ધાંત અમને લાગુ પાડશો નહિ !"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સૈનિકોએ ખુલ્લી તલવારે આ અરજીખત ઉપર નામાંકિત પ્રજાજનોની સહી લીધી. પણ પેલા જરાગ્રસ્ત, જર્જરિત અને આશાહીન રાજાએ કહ્યું કે "સુખેથી મારી નાખો, પણ સહી કરીને મ્હારી પ્રજાને હું હવે નહિ વેચી મારૂં." ૧૯૦૫માં કોરીઆને જાપાને રક્ષિત રાજ્ય બનાવી દીધું ત્યારે પોતે પોતાનો પ્રાણ પ્રજાને ખાતર નહોતો આપી શક્યા એ વાત સંભારી સંભારીને રાજા રડતો હતો. એના મનમાં હતું કે "આજ તો એ મહાપાપનું પ્રાયશ્ચિત્ત કરી લઉં." એણે જાપાનને જણાવ્યું કે "તમારું ચાલે તે તમે કરી છુટો. હું તૈયાર છું" ને જાપાનીઓએ એમ જ કર્યું. ૧૯૧૯ના જાનેવારીની ૨૦ મીએ રાજાને ઝેર દઇ તેનો જીવ લીધો. અપમાનથી ખરડાએલો અને ઝીંદગીહારી ગયેલો વૃદ્ધ રાજા મૃત્યુને તો જીતી ગયો.

પ્રથમ તો જાપાનીઓએ આ મોતના સમાચાર દાબી રાખવાની કોશીષ કરી. પણ છેવટે એ અશકય જ લાગ્યું એટલે તા. ૨૨ મીએ તેઓએ માજી–રાજાનું મૃત્યુ અમૂક રોગથી થએલું જાહેર કર્યું.

રાજાના મરણની બીજી એક વાત ચાલી હતી. કોરીઆનું વ્યક્તિત્વ આંચકી લેવા ખાતર જાપાને પોતાની કુમારી કોરીઆના યુવરાજની સાથે પરણાવવાનું કહેણ મોકલ્યું. યુવરાજ તો આનંદથી નાચી ઉઠયો. પણ બુઢ્ઢો રાજા વિચારે છે કે હું હમણાં જ મરી જાઉં તો કોરીઆના રીવાજ પ્રમાણે ત્રણ વરસ સુધી વિવાહ નહિં થાય; અને ત્રણ વરસમાં શું કોઇ નહિ જાગે? એમ સમજીને એણે વિષપાન કરી પ્રાણ કાઢી નાખ્યા. એમાંથી ગમે તે વાત સાચી હોય, પણ રાજાનું મૃત્યુ તો ઉજ્જવળ જ બની ગયું.

રાજાજીના મરણના સમાચાર તો આગના ભડકાની માફક ચોમેર વિસ્તરી ચૂકયા. ઝીંદગાનીની અંદર જે રાજા પોતાની ૧૯૦૫ ની નબળાઇથી પ્રજાની પ્રીતિ ખોઇ બેઠો હતો તેણે આજે દેશજનોનું કરજ મૃત્યુ વડે પૂરેપૂરું ચુકાવી દીધું. એના આવા પ્રાણદાનથી પ્રજાનું અંતર પ્રેમમાં તરબોળ બની ગયું. ઉપરાંત કોરીઆની પ્રજા એને ગઇ કાલના સ્વાધીન અને ગૌરવાન્વિત કોરીઆના સ્થૂલદેહ સમ લેખતી હતી. એના મૃત્યુની અંદર પ્રજાએ અનેકાનેક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મધુર સ્મૃતિઓથી ભરપુર એવા પુરાતન રાષ્ટ્રની સદાની વિદાય નિહાળી બીજી બાજુ જાપાની સરકારે તો રાજાના મૃત્યુની એનાં સરકારી છાપામાં યે નોંધ ન લીધી. શોકનો દિવસ પણ ન પાળ્યો, અને એનું દફન જાપાની રીત પ્રમાણે કરવાનું ઠરાવ્યું.

પ્રજા પૂછે છે: "એનું મુડદું પણ અમને નહિ સોંપો ?"

જાપાની સત્તા કહે છે: "નગરના ગઢની બહાર કાઢ્યા પછી એ મુડદું તમને સોંપાશે."

મૃતદેહની પવિત્રતા સમસ્ત માનવજાતિના પ્રાણમાં વસેલી હોવાથી કોરીઆવાસીઓનાં દિલ પર બહુ અઘાત થયો. પ્રજાએ વિચાર્યું કે દફનને દિવસે કાંઇક નવાજુની તો કરવી જોઇએ. બે જાતના લોકોનો સમૂહ મસ્લત કરવા બેઠો. એમાંનો અહિંસાબળમાં શ્રદ્ધા ધરાવનાર સમુદાય બોલ્યો કે "હવે તો હદ થઇ. આવો, જાપાનના એકેએક આદમીને રેંસી નાખીએ. દેશમાં અકકેક જાપાનીનો જીવ લેવા સાઠ સાઠ દેશજનો જીવતા છે. એકવાર તમામની કતલ કરી નાખીએ; પછી ચાહે તે થાજો !"

પણ બીજો ડાહ્યો ને ધૈર્યશીલ વર્ગ બોલ્યો: "આવી કતલથી તમે જગબત્રીશીએ ચડશો. જાપાન વધુ દારૂગોળો ને વધુ નવા જુલ્મો લાવવાનું વ્યાજબી ઠરાવશે. આપણને જેર કરી નાખશે. આપણી આગળ હથિયાર ક્યાં છે?"

શાણપણની સલાહ સ્વીકારાઇ.

સ્વાધીનતાનું જાહેરનામું તૈયાર થયું. દેશના તેત્રીશ નાયકોએ એના ઉપર સહી કરી. એની નકલો ગામડે ગામડે ચુપચાપ પહોંચી, વંચાઇ, ને મંજુર થઇ. દફનને દિવસે જ એ સંદેશો ગામોગામમાં પ્રગટ થવાનો હતો. ચુપાચુપ બે કરોડ માણસોની અંદર આ તૈયારી થતી હતી. બે કરોડમાંથી એક બાલક પણ આ વાતથી અજાણ્યું નહોતું. છતાં આખા દેશમાં અદ્‌ભૂત શાંતિ હતી. જાપાની કાગડો પણ ન જાણે કે શું થઇ રહ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાપાનીઓને જરાક ગંધ આવી કે દફનને દિવસે કાંઇક થવાનું છે. એટલે દફનને દિવસે સભા ભરવાની જ મનાઇ થઇ. પ્રજાના આગેવાનોએ સોમવારને બદલે આગલો શનિવાર ઠરાવ્યો. જાપાની કુતરૂં પણ આ વાત જાણી ન શકયું. એ યશસ્વી શનિવાર આવી પહોંચ્યો. પેલા તેત્રીશ મરણીઆ સરદારોમાંથી બે તો બહારની દુનિયાને ખબર પહોંચાડવા શાંગાઇ પહોંચેલા. બાકીના ત્રીશ બહાદુરો એક નામાંકિત હોટેલમાં છેલ્લીવારને માટે ભેળા બેસી ખાણું ખાવા મળ્યા, ને મુખ્ય જાપાની અધિકારીઓને પણ ભોજન લેવા નોતર્યા.

જાપાનીઓ એમજ મલકાઇ ગયા કે આખરે કોરીઆવાસીનો ગર્વ ગળ્યો ખરો—આખરે તેઓ ઠેકાણે આવ્યા ખરા! રાત્રિના બારના ટકોરાની તૈયારી હતી. એક સુશોભિત ટેબલ પર પથરાએલ વિપુલ અન્નપાનની સામગ્રીને જાપાની અધિકારીઓ ન્યાય આપી રહ્યા છે. એટલામાં બારનો ટકોરો થયો અને કોરીઅનોનો અગ્રેસર અચળ શાંતિપૂર્વક વદન ઉપર મધુર હાસ્ય ફરકાવતો ઉભો થયો. એક કાગળ કાઢી તેમાંનું લખાણ વાંચવા તૈયારી કરી. આખું મંડળ સ્તબ્ધ થઇ ગયું. સઘળે શાંતિ છવાઇ ગઇ.

અદ્દભૂત ગંભીરતાથી ને સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક, કોરીઅન અગ્રેસરે ગર્જના કરી:

"આજે, આ સ્થળેથી, અમે કોરીઆનિવાસીઓ અમારી પ્રજાની સ્વાધીનતા જગતને જાહેર કરીએ છીએ."

વિદ્યુતનો કોઇ પ્રબળ પ્રહાર થયો હોય તેમ જાપાની અધિકારીઓ સ્તબ્ધ થઇ આગળ શું થાય છે તે જોતા બેસી રહ્યા.

કોરીઅન અગ્રેસરે આગળ ચલાવ્યું:

"છેલ્લાં પાંચ હજાર વર્ષના સ્વાધીનતાના અમારા ઇતિહાસના અનુભવબળે, અને અમારી બે કરોડ પ્રજાના સંપૂર્ણ સમર્થનથી આજે આ જાહેરાત અમે જગત સન્મુખ કરીએ છીએ. નવીન યુગની નવજાગૃતિને અનુરુપ સ્વતંત્રતા અમારી સંતતિને બક્ષવા આ પગલું અમે લઇએ છીએ. સ્વાધીનતા કર્તાની કરણીનો એ ઉદ્દેશ

છે; વર્તમાન યુગના આચાર્યોનો ઉપદેશ છે અને માનવ જાતિનો અધિકાર છે. સ્વાધીનતા એવી વસ્તુ નથી કે જે દાબી દબાવી શકાય, ચગદી ચગદી શકાય કે ઝુંટવી ઝુંટી શકાય.

"હજારો વર્ષ સુધી પ્રજાકીય સ્વાધીનતાનો ઉપભોગ કર્યા બાદ, આજે જ્યારે જગત નવીન યુગમાં પ્રવેશ કરે છે ત્યારેજ, પેલી જરીપૂરાણી જોહુકમીના અને પશુબળ તેમજ લૂંટફાટની જવાળાના અમે શિકાર થઇ પડયા છીએ. છેલ્લા એક દશકાથી અમે પરદેશી જુલમની વેદનાથી પીડાઇએ છીએ. જીવવાનો અમારો અધિકાર જ જાણે ઝુંટવી લેવામાં આવ્યો છે. અમારા વિચારસ્વાતંત્ર્ય ઉપર અંકુશ મૂકવામાં આવેલ છે; અને પ્રજાકીય જીવનની અમારી પ્રતિષ્ઠાને લુંટી લેવામાં આવેલ છે.

"ભૂતકાળની ભૂલો સુધારવી હોય, અમારી વર્તમાન વેદના વિદારવી હોય, અમારા ઉપરના ભાવી જુલમો જો જતા કરવા હોય, અમને વિચારસ્વાતંત્ર્ય બક્ષવું હોય, અમને સહજ પણ પ્રગતિના માર્ગે પ્રયાણ કરવા દેવું હોય, દુઃખ અને નામોશીભર્યા ગુલામીના વારસામાંથી અમારી સંતતિને મુક્ત કરવા દેવી હોય અને તેમને માટે સુખ અને સંતોષ મૂકી જવા દેવાં હોય, તો એ સર્વ માટે એકજ વસ્તુ આવશ્યક છે—અમને સ્વાધીન રહેવા દો.

"જે સમયે સત્ય અને ન્યાય માટે જગતનું જીગર તલપી રહ્યું છે, ત્યારે અમારામાંનો દરેક પ્રજાજન પોતાનું અંતર મજબૂત કરે તો એ કરોડની પ્રજા શું શું ન કરી શકે? શાં શાં બંધનો ન તોડી શકે? શા શા મનોરથો સિદ્ધ ન કરી શકે?

"જાપાને અમારા તરફ અઘટિત વર્તન ચલાવ્યું છે, અમારી સંસ્કૃતિને તેણે ધિક્કારી કાઢી છે, અથવા તો અમારા ઉપર તેણે જુલમ કર્યો છે, તે સંબંધી અમારે કશુંજ કહેવાનું નથી. જ્યાં અમારા પોતાનામાં જ દોષો ભરપુર ભર્યા હોય ત્યાં પારકાના અવગુણ ગાવામાં અમારો કીમતી સમય કાં વ્યર્થ વીતાવવો? જ્યારે ભવિષ્યના કાર્યક્રમમાં અમારે મશગૂલ થવું ઘટે છે, ત્યારે ગઇગૂજરી શા અર્થે સંભારવી? અમારા અંતરાત્માની આજ્ઞાનુસાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભવિષ્યના તમામ અનર્થો દૂર કરી અમારો માર્ગ સાફ કરવો આજે અમને ઘટે છે. ભૂતકાળનાં દુઃખો અથવા તો વૈરવિરોધના પ્રસંગો સ્મરણમાં લાવી અમારા અંતરમાં ક્રોધ કે કડવાશ ઉત્પન્ન કરવા અમે નથી માગતા. અમારૂં ગુરુકાર્ય તો આજે એ જ છે કે "પશુબળની પુરાણી પ્રથાને વશ બનેલ, વિશ્વનિયમ અને ઔચિત્યબુદ્ધિથી વિરૂદ્ધ વર્તેલ જાપાનની સરકારને અમારે સમજાવી દેવું કે તેણે હવે સુધરવું જ જોઇશે—સત્ય અને ન્યાયને માન આપવું જ પડશે. અમારે તો જાપાની સરકારનું હૃદય પીગળાવવું છે. આજ એ હૃદયની અંદર પશુબળની પુરાણી વૃત્તિ વસી રહી છે. અમારાં લોહી આપીને અમે એ રાક્ષસી હૃદયને પલટાવીશું; પછી જાપાન નીતિ, ધર્મ અને સત્યને પંથે પળશે.

"કોરીઆને તમે જાપાન સાથે જોડી દેશો તેનું શું પરિણામ? તમારી અને અમારી પ્રજાનાં હૃદયો વચ્ચે તો ઝેરવેરની ખાઇઓ ખોદાતી જશે, પ્રતિદિવસ ઉંડી ને ઉંડી ખોદાતી જશે. બ્હેતર રસ્તો તો એ છે કે સાચી હીમત વાપરી પાક દાનતથી તમારાં પુરાણાં પાપોનું નિવારણ કરો, મહોબ્બત અને મિત્રતા આદરો, કે જેને પરિણામે નવો યુગ મંડાશે અને બન્ને પ્રજાઓને સરખું સુખ મળશે.

"કોરીઆની સ્વાધીનતા અમને જ માત્ર જીવન આપશે એમ નથી; એ સ્વાધીનતા તમને પણ પાપના માર્ગ પરથી ઉગારી લેવાની; તમને એશિયાના સંરક્ષકની પ્રતાપી પદવીએ સ્થાપવાની. પરિણામે ચીન પણ તમારાથી ત્રાસતું બચશે. તમારા પરના કોઇ દુર્બળ ગુસ્સાની અંદરથી આ વિચારો નથી પ્રગટતા. પણ વિશ્વકલ્યાણ અને વિશ્વપ્રેમની મહાન મુરાદોની અંદરથી એ ઉઠી રહ્યા છે.

અમારી દૃષ્ટિ સન્મુખ આજે નવીન યુગ ઉભો થયો છે. પશુબળનો યુગ તો હવે ભૂતકાળના ઇતિહાસની વાત થઇ ગઇ. જૂના જગતના દુઃખભર્યા અનુભવે આપણને નવું જ્ઞાન અને નવો પ્રકાશ આપ્યાં છે. સર્વને સર્વનું સુપ્રત કરી દેવાનો આ યુગ છે. આવા યુગના મધ્યાહ્નકાળે અમારી સ્વાધીનતા ખરી કરવા આજે અમે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મેદાને પડીએ છીએ. અમે હવે વિશેષ વિલંબ કરતા નથી. કોઇ પણ હવે અમને ડરાવી કે દબડાવી શકશે નહિ.

"જૂની દુનિયાના અંધકારભર્યાં આવાસોમાંથી હવે અમે પ્રકાશને પંથે ચડયા છીએ. સત્યને અમારો સાથી બનાવીને, સ્વાશ્રયનો જ માત્ર આધાર રાખીને, સંપૂર્ણ નિશ્ચયબળથી, એકદિલે અને એકચિત્તે અમારો અર્થ સાધવા આજે અમે બહાર પડીએ છીએ. શિયાળાનાં બરફ અને હિમથી ઠરી ગએલી કુદરત સૂર્યદેવનાં આછાં કિરણોથી અને વસંતઋતુની મધુર લહરીથી આજે જાગૃત થઇ છે. તે સાથે અમે પણ આજે જાગૃત થયા છીએ. અમારા પિતૃદેવો સ્વર્ગમાં રહ્યા રહ્યા અમને સહાય કરો! જગતનાં સર્વ શુભ બળો અમારી કુમકે આવો! અને અમારા નિશ્ચયમાં આ દિવસથી જ સ્વાધીનતાની પ્રાપ્તિ અમોને દઇ જાઓ! એવી જ્વલંત આશા સાથે આજે અમે અમારૂં કાર્ય શરુ કરીએ છીએ."

આ જાહેરનામું માત્ર કોરીઆઇ પ્રજાના જ અભિલાષોની જ ઘોષણા નહોતી. એ તો મધ્યયુગી લશ્કરી દોર અને જુલમાટના કારાવાસમાંથી મુક્તિ અને શાંતિના નિશ્ચલ ધામ પર પહોંચવા તલખતી આખી નૂતન એશિઆનો અવાજ હતો.

જાપાની અધિકારીઓ હજુ તો પોતાની વિસ્મય–નિદ્રામાંથી જાગૃત નહોતા થયા, ત્યાં તો ઢંઢેરો વાંચનાર અગ્રેસરે શહેરના મુખ્ય પોલિસઅધિકારીને ટેલીફોન ઉપર બોલાવી તેમને સર્વને પકડી જવા આમંત્રણ કર્યું. એને કહેવરાવ્યું કે 'તમારા મહેમાન થવા અમે સજ્જ થઇ બેઠા છીએ–કેદીનું પાંજરૂં મોકલાવો!'

પોલીસની મોટર આવી પહોંચી. ત્રીસ શૂરાઓ બંદીખાને ઘસડાયા. માર્ગમાં લોકોની મેદિની માતી નથી. વાવટાનું જાણે કોઇ જંગલ ખડું થયું. ત્રીસ શૂરાઓને કાને ડગલે ડગલે પ્રચંડ ધ્વનિ સંભળાય છે કે "અમર રહો મા કોરીઆ!" ને એકત્રીસમો પૅસ્ટર કીલ નામનો આગેવાન પોતાના પરગણામાંથી આવતાં જરા મોડો પડયો એ પણ આવીને પોલીસ–થાણા પર પહોંચી ગયો અને સ્વેચ્છાથી ગિરફતાર થયો.

ગામડે ગામડે લોકોએ કેસરીઆં કર્યાં છે, સ્વાધીનતાનો સંદેશ વંચાય છે, વાવટા ઉડે છે અને ગર્જના ઉઠે છે કે "અમર રહો માતા કોરીઆ! મેંસેઇ! મેંસેઇ! મેંસેઇ!"

પ્રજા પાગલ નથી બની, ભાન નથી ભૂલી. તે સારી રીતે સમજે છે કે બીજી પ્રભાતે એનાં–અનેકનાં માથાં ઉડવાનાં છે; પણ આજ તો ખોવાએલી માતા મળી છે. પોલીસો કમ્મર પરના પટ્ટા ફેંકી દે છે, બાલકો ને બાલિકાઓ નિશાળો ખાલી કરે છે અને નિર્ભય નાદે ગરજી ઉઠે છે કે અમર રહો મા! અમર રહો મા! અમર રહો માતા કોરીઆ!"

આવા નિર્ભય અને પ્રતાપવંત જાહેરનામાની નીચેજ ત્રણ કલમો ટાંકેલી :

૧. સત્ય, ધર્મ અને જીવનને ખાતર, સમસ્ત પ્રજાના આદેશ અનુસાર પ્રજાની સ્વતંત્રતાની ઇચ્છાને અમે જાહેર કરીએ છીએ. પરંતુ સાવધાન! કોઇને પણ કશું પીડન દેવાનું નથી.

૨. જે અમારો સાચો સાથી હશે તેણે સદાને માટે–પ્રત્યેક કલાકે અને પ્રત્યેક પલે, આનંદની સાથે અહિંસક બની રહેવું.

૩. આપણે કામ લેવાનું છે તે એવી તો સભ્યતાપૂર્વક ને વ્યવસ્થાપૂર્વક, કે આખર સુધી આપણું આચરણ નિર્મળ અને માનવંત બની રહે.

એક જ દિવસે, એક જ વખતે, આખા દેશને ગામડે ગામડે એ જાહેરનામું લોકોની પ્રચંડ મેદિની વચ્ચે વંચાયું. હજારો નકલો વહેંચાઇ ગઇ. એક ખુણો પણ ખાલી ન રહ્યો.

જગત આખું તાજ્જુબ બન્યું. પરદેશીઓને તો લાગ્યું કે ગગનમાંથી જાણે કોઇ વજ્ર પડયું. પરદેશીઓ જાણતા હતા કે જાપાની રાજસત્તાનો જાપ્તો કેવો ભયાનક હતો. કોરીઆના એકેએક આદમીનું નામ સરકારને ચોપડે નોંધાતું, દરેકને એક નંબર મળતો અને પોલીસ આ નંબર જાણતી. પરગામ જતી વેળા પોલીસની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોથીમાં કોરીઆવાસીએ પોતાના કામકાજની વિગત લખાવવી પડે. પોલીસ બીજે ગામ તારથી તપાસ કરાવે કે એ વાત સાચી હતી કે ખોટી. અને જો ત્યાંથી નોંધાવ્યા મુજબ હકીકત ન નીકળે તો એ ખોટા પડેલા કોરીઆવાસીનું આવી બનતું. પ્રત્યેક માણસનું નામ અમુક વિભાગમાં નોંધાતું. કોરીઆવાસી જરા આગળ પડતો થાય કે એનું નામ [અ] વિભાગમાં ચડી ચૂક્યું હોય. પછી એની પછવાડે છુપી પોલીસ ફરે. ન્હાસી જનારા માણસને તો પોલીસ પૂરો જ કરી નાખે. ફરી એ ઘેર આવે નહિ. આવા સખ્ત ચોકીપહેરાની વચ્ચે, આવા કાળા કાયદાની ઉઘાડી આંખ સામે, ને છુપી પોલીસથી ઘેરાએલા આવા દેશની અંદર, આખરની ઘડી સુધી જાપાની કાગડો પણ આ મહાન ઝુમ્બેશને જોઈ ન શકે, એ વાતની અજાયબી તો આખી દુનિયાના મનમાંથી હજુ મટી નથી. ઘણાં વરસોનો અબોલ બની ગએલો પેલો ચોન્ગો ગલ્લીનો પ્રાચીન ઘંટ રણકી ઉઠયો, શીઉલ નગરને પાદરે ઉભેલો "સ્વાધીનતાનો દરવાજો" ફરી શણગારાયો, અને 'નામસાન'ના શિખર પરની જ્વાળા સ્વાધીનતાનો સંદેશો ફેલાવતી ઝળહળી ઉઠી. ગલીએ-ગલીમાં ને ઘેરેઘેરે ગર્જના થાય છે કે "અમર રહો માતા કોરીઆ!" સ્ત્રી, પુરૂષ કે બાલકના હાથમાં એક જ ચીજ છે—કોરીઆનો રાષ્ટ્રધ્વજ.


બંદીખાનાંની અંદર બંદીવાનો બેઠા બેઠા શું કરે છે?—માતા કોરીઆના રાષ્ટ્રધ્વજો તૈયાર કરી રહ્યા છે.

આખી ઝુંબેશને અદ્દભૂત બનાવી દેનાર તો લોકોની શાંતિ હતી. તોફાનનો એક ઇસારો પણ નહિ. મારપીટનો એક કિસ્સો પણ નહિ.


પહેલું જાહેરનામું કાઢનારા એકત્રીસ નેતાઓ ગીરફતાર થવાથી તૂર્ત જ નવાઓએ તેની જગ્યા પૂરી; તેઓએ તત્કાળ જાહેરનામું કાઢયું કે

"બંધુજનો, ધન્ય છે તમારી પ્રતાપભરી શાંતિને! એ શાંતિને બરાબર જાળવજો. મારપીટ કરનારો માણસ માતા કોરીઆનો વેરી બનશે!"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



કોરીઅન હડતાળનો દેખાવઃ
ઉજ્જડ બજારોમાં જાપાની લશ્કર પહેરો ભરે છે.



કોરીઆનો જયઘોષ કરનારને ઠાર કરવા ઉભેલી જાપાની સેના.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧૧૬ અબળાઓ પર અત્યાચાર

પ્રજાએ પ્યાલો પીધો, પણ છકી ન ગઇ. બીજે જ દિવસે રવિવાર હતો. દેવળો ને મંદિરો માણસોથી ઉભરાઇ ગયાં. આખો દિવસ લોકોએ પોતાના માલિકની બંદગી કરવામાં જ ગુજાર્યો.

બીજી તરફથી જાપાની સરકારે બરાબર તક સાધી. સિપાઇ-ઓએ તો પટ્ટા કાઢી કાઢી ફેંકી દીધા ને લોકો પર હાથ ચલાવવા ના પાડી; એટલે સરકારે જાપાની સોલ્જરોને બહાર કાઢ્યા. તેમને આજ્ઞા દીધી કે "ટોળું દેખો ત્યાં છુટથી લાકડી વા તલવાર ચલાવો; સ્વાધીનતાની ઝુંબેશમાં કોઇ પણ આદમી ભળેલો જણાય અથવા 'મેંસેઇ' પુકારે તો તેને પીટી જ નાખો."

સોલ્જરોનાં આ કૃત્યોની છબીઓ જગત ઉપર મૌજુદ છે. અમેરિકાના ત્રણ માણસો સાક્ષી પૂરે છે કે સોલ્જરોએ ચુંથી નાખેલા એક કોરીઆવાસીની છબી જોયા પછી તે રાત્રે અમને નીંદ ન આવી.

સોલ્જરો બસ નહોતા. જાપાની સીવીલીઅનોને પણ લાઠીઓ ને તલવારો આપીને જ્યાં ઠીક પડે ત્યાં બેધડક મારપીટ ચલાવવાનો સદર પરવાનો આપી છોડી મૂક્યા. ને એ બધાએ બરાબર રાજ-સેવા બજાવી. બંબાવાળાઓ મોટાં કાતિલ દાતરડાં (ધારીઆં) લઇને બહાર નીકળ્યા. એનાં દાતરડાંનો જ્યાં જ્યાં આંચકો લાગે ત્યાં ત્યાં કોઇ કોરીઅન જીવતો રહેવા ન પામે.

જેમ જેમ કતલ ચાલતી ગઇ તેમ લોકોનો નિશ્ચય પણ વધતો ગયો. દુકાનો બંધ, નિશાળો બંધ. જ્યાં જુઓ ત્યાં મરદોનાં ઓર-તોનાં ને બાળકોનાં ટોળેટોળાં શાંતિથી ને હસતે મુખે મારપીટ ઝીલતાં હતાં.

બાલકોએ હડતાલ શી રીતે ઉપાડી ને જાપાની અધિકારીઓની ધમકીનો શો ઉત્તર વાળ્યો એ વાત તો શરુમાં જ લખાઇ ગઇ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ ઇતિહાસનાં બધાં પ્રકરણો ભલે ભુંસાઇ જાઓ, પણ કોરીઅન રમણીઓની વીર–કથાનો એક અક્ષરે ઝાંખો નહિ થાય. શરીર ઉપર કસકસીને સીવેલાં વસ્ત્રો સોલ્જરોને હાથે ચીરાઇ રહ્યાં હતાં; જાપાનીઓનાં ટોળાં એ વસ્ત્ર–હરણનો તમાસો થંડે કલેજે જોઇ રહ્યાં હતાં. નગ્ન રમણીઓ કેદખાને ઘસડાતી હતી. એ બધાનો ચિતાર આપવા દ્રૌપદીને સેંકડો વાર જન્મવું પડે.

થોડી વિગતો તપાસીએ : પરંતુ તે પહેલાં એક વાત જાણવી જરૂરની છે. જાપાની લોકોની અંદર સ્ત્રીઓ કે પુરુષોને એક બીજાની ઉઘાડી દૃષ્ટિએ નગ્ન અંગે ઉભા રહેવામાં કશી એબ જ નથી; ત્યારે એથી ઉલટું જ, કોરીઆવાસીઓની લાજમરજાદ અતિશય કડક છે. પોતાનો દેહ પરપુરુષ જોઇ જાય તો એને મરવા જેવું થાય છે. ઉપરાંત નીચે ટાંકેલા પ્રસંગોમાં જાપાની પશુતાનો ભોગ થઇ પડનાર સ્ત્રીઓ મુખ્યત્વે કરીને કોલેજોની વિદ્યાર્થિનીઓ હતી, ઇજ્જતદાર ઉંચાં કુટુંબોની પુત્રીઓ હતી, અને તેઓના ઉપરનો આરોપ કાં તો "સ્ત્રીઓનો સ્વદેશભક્ત–સંઘ"ના સભ્ય હોવાનો અથવા તો 'મેંસેઇ મેંસેઇ' એવો જયઘોષ કરવાનો જ હતો.

†

એક કન્યાશાળાની અમેરિકન ખ્રીસ્તી મહેતીજી એક દિવસ પ્રભાતે આવીને જુએ છે તો નિશાળ ખાલી પડી છે. એના ટેબલ પર એક કાગળ પડયો છે. કાગળમાં શાળાનું રાજીનામું લખ્યું છે. લખાણ નીચે તમામ કન્યાઓની સહી છે. પોતાની વ્હાલી શિક્ષિકાને જાપાની અધિકારીઓ જવાબદાર ગણીને સતાવે નહિ, તે ખાતર કન્યાઓ શાળાનો ત્યાગ કરી ગઇ હતી.

થોડીવારમાં જ પોલીસ–ઉપરીનું તેડું આવ્યું. સંદેશામાં કહેવરાવેલું કે "તમારી શાળાની કન્યાઓએ સ્વાધીનતાની ચળવળ કરીને આખા શહેરને ખળભળાવી મૂકયું છે. તમે આવીને એને વિખેરી નાખો."

ગોરી મહેતીજી દોડી ગઇ. સાચોસાચ એણે પોતાની કન્યાઓને રાષ્ટ્રીય બિલ્લા લગાવેલી, રાષ્ટ્ર–ધ્વજો ફરફરાવતી, અને 'અમને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુખેથી કેદ કરો' એવી પોલીસને હાકલ પાડતી દીઠી. મર્દો પણ ટોળે વળીને 'મેંસેઇ! મેંસેઇ! પુકારી રહ્યા હતા.

પોલીસ ઉપરીએ મહેતીજીને કહ્યું "હું આ તમામને ગિરફતાર કરી શકું તેમ નથી. મારી પાસે એ બધી સમાય તેવડી તુરંગ નથી. માટે એને મનાવીને વિખેરી નાખો."

મહેતીજી કન્યાઓ પાસે ચાલ્યાં; પણ તેઓ તો એની વાત સુદ્ધાં સાંભળવા માગતી નહોતી. તેઓએ એના માનમાં હર્ષનાદ કરી એને વિનવી કે "બ્હેન! તમે ચાલ્યાં જાઓ!" પછી વધુ જોરથી પુકાર્યું "મેંસેઇ!"

મહેતીજી પોલીસ-ઉપરી પાસે પાછાં ગયાં, કહ્યું કે "બીજું કાંઇ જ નહિ બને. મને કેદ કરવી હોય તો ખુશીથી કરો!" પોલીસ-ઉપરી આ વાતથી ધ્રુજી ઉઠયો. મહેતીજી ફરીને બહાર ગયાં. કન્યાઓને કહ્યું "છોકરીઓ, તમે નહિ વિખરાઓ તો પોલીસ ઉપરી મને કેદ કરશે. હું તમારી શિક્ષિકા છું. એટલે જો તમે મારૂં નહિ માનો તો મારૂં શિક્ષણ વગોવાશે."

"ના બ્હેન ના!" છોકરીઓ પુકારી ઉઠી; "તમારો કશો વાંક નથી. તમારે આ લડતની સાથે કશું લાગે વળગે નહિ. અમે અમારી મુન્સફીથી જ આ ઝુમ્બેશ કરીએ છીએ." એમ કહીને થોડીક કન્યાઓ જાણે કે બળજબરીથી એનું રક્ષણ કરવા દોડી ગઈ.

પરંતુ આખરે પોતાના બચાવના ઓઠા તળે મહેતીજીએ કન્યાઓને ઘેર ચાલ્યાં જવા મનાવી લીધી. કન્યાઓની અગ્રેસરોએ ઉચ્ચાર્યું કે "ખેર, હવે કશી હાનિ નથી. આપણે મર્દોને ખળભળાવ્યા છે. એ એ બાપડા મેંઢાં હતાં અને આપણે સ્ત્રીઓ ઉઠીને પહેલ કરીએ એમ ઇચ્છતા હતા. એટલે હવે એ મૂછાળા આ ચળવળ ચાલુ રાખશે. ચાલો આપણે."

†

અમૂક શહેરોમાં તો શાળાઓની કન્યાઓએ સ્વાધીનતાનાં સરઘસો કાઢવા માટે દિવસેદિવસની ટુકડીઓ પાડી નાખી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવતી કાલે જનારી ટુકડી જાણી ચુકી હતી કે પોતાની અગાઉ જનાર ટુકડીવાળી બ્હેનોનાં વસ્ત્રો ચીરવામાં આવ્યાં અને તેઓને માર મારવામાં આવ્યો છે. પોતાની પણ એ જ વલે થવાની સંભાવના સમજીને તેઓએ આગલી રાતે સવારોસવાર જાગીને પોતાનાં શરીર પર એવી તરેહનાં નવાં વસ્ત્રો સીવીને કસકસી લીધાં હતાં, કે જે સામાન્ય કપડાંની માફક જલ્દી ચીરી ન શકાય અને પરિણામે પોતે તદ્દન નગ્નાવસ્થામાંથી બચી જઇ શકે.

†

આવા ગુન્હાસર ગિરફતાર થએલી રમણીઓને બંદીખાનાની અંદરજ દારોગાઓની દૃષ્ટિ સમક્ષ તદન નગ્ન કરવામાં આવે; ત્યાર પછી એ નગ્ન શરીરે આખી અદાલત વીંધીને એને આરોપીના પાંજરામાં આવવું પડે. કુલિન ઘરની કુમારિકાની આ દશા થાય. જાપાની સિપાહીઓ એ જોતા જોતા એની હાંસી કરે.

કોઇ રમણીએ અતિ શરમને લીધે પોતાના બે હાથ વડે અંગની એબ ઢાંકી દીધી. સિપાહીએ આવીને એના હાથ પીઠ ઉપર બાંધી લીધા.

તેઓને બંદીખાનામાં જ્યારે જ્યારે હાથ પગ ધોવાનું કે દિશાએ જઇને પાણી લેવાનું હોય ત્યારે ફરજીઆત બીજા લોકોની હાજરીમાં જ તેઓને અંગ પરનું આછું જાપાની વસ્ત્ર ( કીમોનો ) ઉતારીને નગ્ન હાલતમાં જ એ ક્રિયા કરવી પડે. બીજું વસ્ત્ર ન મળે.

†

એક કુમારિકાએ કરેલી પોતાની વીતક–વાર્તા છે : " માર્ચ મહિનાની પાંચમી તારીખે અમે થોડીએક બ્હેનપણીઓએ અમારી માતૃભૂમિની સ્વતંત્રતાને ખાતર દક્ષિણ દરવાજે સરઘસ કાઢ્યું. અમે મહેલની પાસે પહોંચ્યા. ત્યાં તો એક જાપાની સિપાહીએ મારો ચોટલો પકડી, મને જમીન પર પટકી એવો તો માર માર્યો કે હું બેહોશ બની ગઇ. મારો ચોટલો ઝાલીને મને એ ચાવડી ઉપર ખેંચી ગયો. ચાવડીને દરવાજે વીશ જાપાની સિપાહીઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉભેલા તે બધાએ મને લાતો લગાવી ને તલવારના ઘોદા માર્યા. મને એક ઓરડામાં ઘસડવામાં આવી. મારા મ્હોંપર માર પડયો; હું બેહોશ બની ગઇ. પછી શું બન્યું તેની મને ખબર નથી.

"મને શુદ્ધિ આવી ત્યારે મેં જોયું તો મારી ચોપાસ ખીચોખીચ માણસો પુરાએલાં. કેટલાએકની હાલત જોઇને મારૂં હૈયું ફાટી ગયું. પછી અમારી તપાસણી ચાલી. અમલદારો મારા મ્હોં પર થુંકતા જાય, મને મારતા જાય અને ગાળો દેતા દેતા સવાલો પૂછતા જાય.

"મને હુકમ મળ્યો કે 'છાતી ખુલ્લી કર.' મેં ના પાડી. એટલે સોલ્જરોએ મારૂં વસ્ત્ર ચીરી નાખ્યું. આંખો મીંચીને હું ભોંય પર ઢળી પડી. અમલદારોએ ગર્જના કરીને મને ઘુંટણ પર બેસવા કહ્યું, મારાં સ્તન પકડીને મને ધણધણાવી.

"મને કહેવામાં આવ્યું કે 'સ્વતંત્રતા જોઇએ છે? તલવારને એક ઝટકે તારો જાન લેશું ત્યારે તને સ્વતંત્રતા મળશે.'

"પાછી મને ચોટલો ખેંચીને હલમલાવી, મારા માથાપર લાકડી મારી—પછી મને નીચે જવા કહ્યું. પણ ઉઠીને ચાલવાની મ્હારામાં તાકાત નહોતી. હું ભાંખોડીઆંભર ચાલી, મારાથી ચલાયું નહિ. સીડીના પગથીઆં પરથી હું ગબડી પડી. ફરીને હું બેહોશ બની.

"હું જાગી ત્યારે મને બીજી ચોકી પર લઇ જવામાં આવી. ત્યાં મારાં લુગડાં કઢાવી મને નગ્ન કરી. પછી લુગડાં પહેરીને હું ઓરડામાં ગઇ."

"બીજે દિવસે દાક્તરે આવી મને નગ્ન બનાવી. મારું વજન કર્યું. દારોગાએ મને કહ્યું કે 'તારા ઉપર કામ ચાલશે.' હું રાજી થઇ. મેં માન્યું કે ભર અદાલતમાં મારી વાત કહી નાખવાની મને તક મળશે; પણ એક દિવસ મને છોડી મુકી. મારૂં કામ ચાલ્યું નહિ. મારો શો ગુન્હો હતો તે પણ મને કહેવામાં આવ્યું નહિ."

†

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચાલીસ મરદો અને પાંત્રીશ કુમારિકાઓને એક નાના ખંડમાં પૂર્યાં; દરવાજો બંધ કર્યો; અંદર બંદીવાનો ગુંગળાવા લાગ્યા; બારણું ખોલવા આજીજી કરવા લાગ્યા. અધરાત થઇ ત્યારે ભુખ્યા તરસ્યા એ હતભાગીઓ છુટયા.

†

જુલ્માટથી બેહોશ બનેલી એક બાલિકાને જુબાની લેવા અમલદાર પાસે ઘસડી ગયા. એ બાલિકા આત્મ-વૃત્તાંત કહે છે કેઃ

"ત્રણ વાર મારી ઉલટતપાસ કરી. જ્યારે મારી જડતી લેવા લઇ ગયા ત્યારે મને ઘાસના જોડા પહેરવા બદલ માથા પરે દંડ-પ્રહાર કર્યો. હું બેશુદ્ધ બની ગઇ. મને પૂછ્યું:

"ઘાસના જોડા કેમ પહેર્યા છે?"

"અમારા રાજાજી મરી ગયા છે, તેના શોકમાં; અમારો એ રિવાજ છે."

"જુઠું બોલે છે?" એમ કહીને એ અમલદાર ઉઠયો. પોતાના બે હાથ વચ્ચે મારૂં મ્હોં પકડયું, આમતેમ જોશથી ખેંચ્યું; મને લોહી નીકળ્યું. પછી તેણે મારૂં બદન ચીરી નાખ્યું. મ્હારાં સ્તન ખુલ્લાં કર્યાં ને હસ્યો કે "વાહ વાહ!" ફરી મને લાકડી મારી. ફરી પૂછ્યું કે "બોલ, આ કૃત્ય કરવાનું તને કોણે શીખવ્યું? પેલા પરદેશીઓએ કે?" મેં ઉત્તર આપ્યો "મારી શિક્ષિકા સિવાય બીજા કોઇ પરદેશીને હું નથી પિછાનતી; અને મારી શિક્ષિકા તો અમારી આ યોજના વિષે લગારે નથી જાણતી."

"મારી બીજી બ્હેનોને પણ વસ્ત્રો ઉતારવાનું કહેવામાં આવ્યું. એક બ્હેન બોલી; "મેં કશો ગુન્હો નથી કર્યો, છતાં શા માટે મારાં વસ્ત્રો ઉતરાવો છો?"

"તું ખ્રીસ્તી છે ને? તારી બાઇબલમાં તો લખ્યું છે કે જો તમે કાંઇ અપરાધ ન કર્યો હોય તો કપડાં કાઢીને સુખેથી જગતમાં નગ્ન હરો ફરો. નિષ્પાપ લોકો તો નગ્ન જ હોય. ખરૂં ને છોકરી? માટે કપડાં ઉતાર."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"અમલદાર પોતે આવીને મારાં કપડાં ઉતારવા લાગ્યો. સામે બેઠેલો કોરીઅન દુભાષીઓ મારી આ દશા જોઇને દુઃખ પામતો જણાયો. એ મારા દેશબંધુને હુકમ થયો. એણે ઉત્તર આપ્યો કે "મારા પોતાનાં આંગળાં કરડી જવા તૈયાર છું; પણ આ દેશી અબળાના અંગ પર હાથ નહિ ઉપાડું." એટલે એ જાપાની અમલદારે મને પેટ ભરીને મારી."

"અમારાં પેટમાં સોટી ઘોંચીને અમને કહેવામાં આવે કે: 'કુલટાઓ, તમારાં પેટમાં છોકરાં રહ્યાં છે.'

"અમે કહીએ કે અમે કુમારિકાઓ છીએ, શંકા હોય તો અમારાં પેટ ચીરીને અંદર જોઇ લો."

†

બંદીખાનામાં એ બંદીવાન બાલિકાઓને આખો દિવસ હલ્યા ચલ્યા વિના અંગુઠા પકડીને વાંકા ઉભા રહેવું પડે, જરાપણ અંગ હલે તો મારપીટ કરવા દરોગા તૈયારજ ઉભા હોય. એક બાલિકાએ બંદગી કરવા આંખો બીડી. દારોગાનું કામ કરનારી જાપાની બાઇ ત્રાડ પાડી બોલી ઉઠી કે "રાંડ, ઝોલાં ખાય છે કે?" બાલિકાએ કહ્યું કે "હું તો બંદગી કરૂં છું." પણ એ ખુલાસો વ્યર્થ હતો. એને ખૂબ માર પડયો.

†

શહેરોમાં તો પરદેશીઓના ધાકથી આવા આવા જ જુલ્મો થતા. પણ ગામડાંની અંદર તો જાપાની સેનાએ દારૂણ કૃત્યો આદર્યાં હતાં. ટોનચન ગામડામાં એક ખ્રીસ્તી શિક્ષકની પત્નીને ત્રણ માસનો ગર્ભ હતો. એ રમણીને સરઘસમાં ભાગ લેવા બદલ અને 'મેંસેઇ' પુકારવા બદલ પકડી. એની કેડમાં બેઠેલા નાના બાળકથી વિછોડી એને ચાવડી પર લઇ ગયા. પીઠ પર લાતો મારીને એને પછાડી; ફરી ઉઠાડી, ફરી મારી; એટલો એના પર માર વરસ્યો. પોલીસે ગર્જના કરી કે "રંડા શિક્ષિકા! તેં આ દેશનાં છોકરાંને અમારી સરકાર સામે ઉશ્કેર્યાં છે; હું તને મારીમારીને તારો પ્રાણુ કાઢી નાંખીશ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી એનાં કપડા ચીરી નાખ્યાં તો યે એ લીરા દબાવીને પોતાની નગ્નતા ઢાંકવા મથતી હતી. લીરા પણ ઝુંટાયા. એ બાઇ નીચે બેસી ગઇ. એને બળાત્કારે ઉભી કરી; બાઇ દિવાલ તરફ ફરી ગઇ. જબરદસ્તીથી એને બધા પ્રેક્ષકોની સન્મુખ ફેરવી. પછી બાઇએ પોતાના હાથ વતી એબ ઢાંકી. એટલે એ બન્ને હાથને એની પીઠ પર બાંધી લેવામાં આવ્યા. તેને ખુબ માર માર્યો ને પૂછયું કે: "હવે બોલીશ કદિ 'અમર રહો માતા કોરીઆ'?"

†

'પ્યેંગ યાંગ? શહેરની એક એકવીસ વર્ષની વિદ્યાર્થિની લખાવે છે:

મને પકડીને પોલીસથાણા પર લઇ ગયા. ત્યાં બીજાં પણ ઘણાં સ્ત્રીપુરૂષો હતાં. અમને પોલીસો પૂછવા મંડયા "કેમ, બીડી પીઓ છો ને? શરાબ ઉડાવો છો ને! ખ્રીસ્તી છો ને?" પછી તૂર્ત જ અમારામાંથી ૧૫ સ્ત્રીઓને બેસાડી રાખી બીજાંને રજા આપી. પુરુષોની હાજરીમાં જ એ તમામ સ્ત્રીઓને નગ્ન કરી. મારી સામે તો મેં 'મેંસેઇ' પુકાર્યા ઉપરાંતનો કશો વિશેષ આરોપ તેઓને જડયો નહિ. છતાં મને એટલી મારી કે આખે શરીરે પસીનો રેબઝેબ થઇ ગયો. તૂર્ત જ તેઓએ કહ્યું "ઓહો! તને ગરમી લાગે છે કે?" એમ કહીને મારા શરીર પર ઠંડું પાણી રેડયું. પછી બળતી સીગારેટો વતી મને ડામ દીધા..................ચાર દિવસે અમને કેદખાને લઇ ગયા આંહી બીજાં સ્ત્રી–પુરૂષોની સાથે અમને એક જ ઓરડામાં ઠાંસોઠાંસ ગોંધ્યાં. એક દિવસ એક વૃદ્ધને એવો માર્યો કે એ મૃત્યુ પામ્યો. એ મરનારની બાજુમાં જ એક બાઇને જડેલી હતી. એણે કહ્યું કે મને આંહીથી ખસેડો. પણ ના, આખી રાત એને એ મુડદું જોતાં બેઠા રહેવું પડયું.

†

અઢાર વર્ષની એક કન્યા લખાવી ગઇ છે:

"મારા પિતાનો તાર મળવાથી હું મારે ઘેર પ્યેંગ–યાંગ આવતી હતી. સ્ટેશન પર ઉતરતાં જ એક પોલીસ મને પકડીને ચાવડી પર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લઇ ગયો. મને કહેવામાં આવ્યું કે "તું 'મેંસેઇ' પુકારતી હતી! તું બદચાલ ચાલે છે! તું જાપાની સરકાર સામે ઉશ્કેરાટ કરે છે!" મેં કહ્યું "ખોટી વાત. હું નિર્દોષ છું." એટલે મને પોલીસે માથાપર માર માર્યો. એમાં ન ફાવવાથી તેઓએ મારી આંગળીઓ વચ્ચે લાકડીના ટુકડા મૂકયા. આંગળીઓ સીધી પકડી રાખી ને પછી એ લાકડીઓને વળ ચડાવ્યો. હું બેહોશ બની ગઇ. ફરીવાર હું શુદ્ધિમાં આવી ત્યારે તેઓએ મને ગુન્હો કબુલ કરવા કહ્યું. પણ મારે તો કશું જ કબુલ કરવા જેવું નહોતું! તેઓએ મને નગ્ન બનાવી નિર્દય માર માર્યો. મારા માથા પર અસહ્ય બોજો મૂકી મને ત્રણ કલાક સુધી નગ્નાવસ્થામાં ઉભી રાખી. મને ફરીવાર મર્છા આવી. લોહીની ઉલ્ટીઓ થઈ. જાપાની દાક્તર આવ્યો. એણે કહ્યું કે આ છોકરીની સ્થિતિ ગંભીર છે. એટલે પોલીસે મને મુક્ત કરી. ત્યારથી મારૂં શરીર ભાંગી પડયું છે."

†

કાળાં ઓછાં નેણવાળી આ એશિયાની રમણીઓ: જેની આંખોમાં સ્વપ્ન છવાયાં છે: જેનાં અંગેઅંગમાં સૌંદર્ય ઉભરાય છે: જેના તરુણ હૈયાની અંદર જુવાનીના મીઠા મનોરથો હીંચે છે: લીલી કુંજોમાં કે સાગરને કિનારે બેસીને પ્રીતિ કરવાની ઉમ્મર આવે, ત્યાં તો એને બંદીખાનાનાં બારણાં દેખાય છે, સોલ્જરોનાં સંગીનો ઝબુકે છે, દારોગાઓના ક્રૂર હાથ એ રમ્ય શરીરને નગ્ન કરવા ધસી આવે છે. પુરૂષ જાતને શું ખબર પડશે, કે આ રમણીઓનાં બલિદાનનાં મૂલ કેટલાં અમાપ છે!

છુટેલી સ્ત્રીઓએ બહાર આવીને કહ્યું કે "આવા અત્યાચારો ગુજરતી વેળા અમારા હૃદયમાં શું શું થઇ રહ્યું હતું તે તો અત્યારે સંભારતાં પણ અમે રડીએ છીએ. પણ એ બધું સ્વદેશને ખાતર સહેવાનું હતું તેથી અમે સહી લીધું છે. અન્ય કોઇ સંજોગ હોત તો અમે એવું સહેવાને સાટે મૃત્યુ જ પસંદ કર્યું હોત.

પોતાની માબ્હેનોની આ ઇજ્જતહાનિએ પ્રજાજનોના રોમાંચ ખડાં કર્યાં. વળતે પ્રભાતે પાંચસો પુરુષો ટોળે વળ્યા. ચાવડી પર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હુમલો કરી પોલીસને ચુંથી નાખવાનો નિશ્ચય કર્યો. પણ ડાહ્યા આદમીઓએ એ બધાને વાર્યા. બે જણાએ પોલીસ અમલદાર પાસે જઈ આ ગેરકાયદેસર અત્યાચારનો ખુલાસો માગ્યો.

પોલીસે કહ્યું "તમે ભૂલો છો. સ્ત્રીઓએ પોતાનાં કપડાંમાં રાજદ્રોહી કાગળીઆં છુપાવી રાખ્યાં હોય, તે કબ્જે કરવા ખાતર જડતી લેવાનું જાપાનના કાયદામાં મંજૂર છે."

"તો પછી શા માટે એકલી સ્ત્રીઓને જ નગ્ન કરો છો? અને પુરૂષોને કાં નગ્ન નથી કરતા? અને નગ્ન કરીને માર મારવાનું શું કારણ?"

પોલીસ–અમલદાર ચુપ રહ્યો. એની પાસે કશો જવાબ નહોતો.

લોકો કહેઃ "કાં તો અમારી બ્હેનોને બહાર કાઢો; અથવા તો પછી અમને સુદ્ધાં બેડીઓ પહેરાવો."

આખરે એ રમણીઓને છોડવામાં આવી. એને બહાર નીકળતી નિહાળીને આખું ટોળું ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યું. રમણીઓના દિદાર અત્યંત દયાજનક હતા. લોકો બોલ્યા કે "આ કરતાં તો મરી જવું બ્હેતર છે." બીજા કહે "ચાલો પોલીસ અમલદારને પકડીએ, નગ્ન કરીએ. ટીપી નાખીએ." પણ વૃદ્ધ ખ્રીસ્તીઓ વચ્ચે પડયા, શાંતિથી સમજાવીને ટોળાને વિખેર્યું.

†

અદાલતમાં મુકર્દમો ચાલે છે. અપરાધીના પાંજરામાં ઉભેલી એક કોરીઅન કુમારિકાને જાપાની ન્યાયાધીશ સવાલ પૂછે છે કે "સ્વતંત્રતા શું છે એ તું જાણે છે, તોફાની છોકરી?"

"સ્વતંત્રતા!" એટલો જ ઉદ્‌ગાર કાઢતી એ યુવતીની આંખો ઝળહળી ઉઠી; એની નજર એ અદાલતની બારીમાં થઇને દૂર ક્ષિતિજ પર પહોંચી, જ્યાં આકાશ કોરીઆ–માતાને આલીંગન દેતું હતું ને શ્યામવર્ણા પહાડો અબોલ ઉભા હતા.

"સ્વતંત્રતા શું છે એમ તમે પૂછ્યું સાહેબ? આહા! સ્વતંત્રતા એ એક કેવો સુખમય ભાવ છે!"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ કુમારિકા બીજું કશું યે ન સમજાવી શકી. નિર્જીવ કાયદાઓની વ્યાખ્યાઓ કરતો જાપાની ન્યાયધીશ ઘેલી છોકરીની તરફડતી જીભ તરફ ને ચમકતી ગગનસ્પર્શી આંખો તરફ નિહાળી રહ્યો. આજ જાણે આખી કોરીઆની સ્ત્રીજાતિ એક ન્હાની કુમારિકાનું રૂપ ધરી સામે આવીને એ ન્યાયાધીશને, એના ન્યાયસનને, જાપાની લશ્કરને કે જાપાની સરકારને પડકારતી હતી કે "મ્હારા શરીરને ભલે કાપી નાખો; પણ તમારી એ તલવાર કે બંદુકની ગોળી ત્યાં નહિ પહોંચે—ત્યાં, મ્હારા અંતરતમ પ્રાણમાં, જે પ્રાણ પળેપળે પોકારી ઉઠે છે કે "અમર રહો માતા કોરીઆ!"

†

એક દયાળુ પરદેશીએ એક કોરીઅન કુમારિકાને રસ્તામાં ચેતાવી "સાવધાન, ઝુમ્બેશમાં ભળીશ ના! જો લશ્કર ચાલ્યું આવે છે." બાલિકાનું મ્હોં મલકયું. પરદેશી સજ્જનનો આભાર માન્યો અને "મેંસેઇ! અમર રહો મા!" એમ પોકારતી ચાલી નીકળી. થોડી વારમાં જ એ જાપાનીઓના હાથમાં જઇ પડી.

†

સરકારી અત્યાચારના આ આખા રાજ્ય દરમ્યાન કોઇ પણ કોરીઆવાસીએ મારપીટ કરી નથી. માત્ર એક જ અપવાદરૂપ બનાવ બની ગયો:

જાહેરનામાને ચોથે દિવસે શીઉલનગરની એક કોલેજમાંથી એક તરુણ ચાલ્યો આવતો હતો. એણે શું જોયું? શેરીની અંદર એક કોરીઅન કુમારિકાનો ચોટલો ઝાલીને એક જાપાની–સોલ્જર નહિ પણ સીવીલીઅન જાપાની ઘસડતો ઘસડતો મારતો હતો. એ બાલિકાનો ઘોર અપરાધ એટલો જ હતો કે એણે "અમર રહો મા!" ની બૂમ પાડેલી. જુવાન કોલેજીઅનને આ અત્યાચારે ઉશ્કેરી મૂક્યો. એને પેલા ત્રીશ નાયકોનાં ત્રણ ફરમાનો યાદ આવ્યાં, પણ એનાથી ન રહેવાયું. એણે જોયું કે સામે ઉભેલો અત્યાચારી કોઇ અણ-સમજુ જંગલી લશ્કરી આદમી નહોતો, પણ ભણેલો ગણેલો, સજ્જનો

સીવીલીઅન હતો. કોરીઅન જુવાન દોડયો, અત્યાચારીને એણે પકડયો, પટકયો, ને પેટ ભરીને પીટ્યો. તેટલામાં તો સૈનિકો આવી પહોંચ્યા, એ વીર યુવકના બન્ને હાથ તેઓએ કાપી લીધા ને એને બંદીખાને ઉપાડી ગયા. બીજે દિવસે એક પાદરી આ યુવકના પિતા પાસે આવી આશ્વાસન આપવા લાગ્યો. આંસુભરી આંખે વૃદ્ધે જવાબ વાળ્યો કે " મારા દીકરાના હાથ ગયા; પણ આવા કાર્યમાં કદાચ એના પ્રાણ જાય, તોયે મને જરા પણ દુઃખ ન થાય."

આખી લડતની અંદર મારપીટનો આ એકજ અપવાદ હતો.

દેશના એ ત્રીશ દેશનાયકોએ એક હાકલ કરી હોત તો ઘરેઘર-માંથી આવા પાંચ દસ લાખ બહાદૂરો ડાંગો અને પત્થરો લઇને બહાર આવત; એકેએક જાપાનીને છુંદી નાખત; શીઉલ શહેરનું એકેએક જાપાની ઘર સળગાવી મૂકત; પછીથી થનારી સજાનો વિચાર એને ડરાવત નહિ, કારણ કે 'મેંસેઇ !' શબ્દોચ્ચાર કર્યાની જે સજા જાપાની કાયદા પાસે હતી, તેનાથી તો બીજી એક પણ વધુ ભયંકર સજાનો સંભવ નહોતો.

પરંતુ, આગેવાનોનો આદેશ હતો કે "કોઇને ન મારતા; કશી ભાંગફોડ ન કરતા; આપણા સિદ્ધાંત નિર્મળ રાખજો; આપણા પક્ષમાં ધર્મ છે."

એ ધર્મને ખાતર—નહિ કે હાથમાં શસ્ત્રો નહોતાં તે ખાતર—લોકોની મોખરે ઉભેલી મેદની જ્યાં જાપાની ઘોડેસ્વારોનાં સંગીનોથી વીંધાઇ જાય, ત્યાં પાછળ બીજું ટોળું 'મેંસેઇ !' 'મેંસેઇ !' એવા વિજયઘોષ કરતું છાતી ધરી ઉભું રહે. બીજું ટોળું કપાઇ જાય એટલે ત્રીજું તૈયાર જ ખડું હોય.

એક વિદેશી લખે છે કેઃ

"આપણે બધા પાશ્ચાત્ય લોકોએ વારંવાર સાંભળ્યું છે કે પૂર્વનાં મનુષ્યોમાં શારીરિક હીમત નથી. પરંતુ આ લોકોની હીમત કરતાં—આ સામો ઘા ન કરનાર, સામા ઘા કરવાનાં સાધનોથી વંચિત, પોતાને માર્ગે ઉભેલી ભયંકર વલેને પૂરેપૂરી પિછાનનાર,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને એ બધું છતાં યે વિના થડકારે, વિના ભયે ને વિના અફસોસે આગેકદમ ભરનાર આ કોરીઆઇ પ્રજાજનોની હીમત અને વીરતા કરતાં વધુ મોટી વીરતાને હું કલ્પી જ શકતો નથી.”

આ બધા જુલ્મો કોઇ પુરાણા જંગલી જમાનામાં નહિ પણ ૧૯૧૯ ના નવયુગમાં ગુજરેલા છે. કોઇ છુપા, નિર્જન જંગલમાં નહિ પણ જગતના ચોકમાં–સ્વતંત્રતાની સહાયે દોડતા અમેરિકાની આંખો સામે ગુજરેલા છે. કોઇ મનુષ્યાહારી, અજ્ઞાન, પશુવત ટોળાને હાથે નહિ પણ વિદ્યાવિશારદ, કળાકુશલ અને સુધરેલી દુનિયાની અંદર ઉંચે આસને બેસનાર બાૈદ્ધધર્મી જાપાનને હાથે ગુજરેલા છે. કેમકે એ જાપાન અમેરિકા તેમજ બ્રીટનની સાથે પશુબળની બાબતમાં ટક્કર લઇ શકે છે અને તમામ મહાપ્રજાઓને જાપાન સાથે મહત્ત્વના હિત–સંબંધો છે.

## ૧૨૬ પ્રજાનો પ્રત્યુત્તર

આ બધા જુલ્મોની કોરીઆવાસીઓ પર શી અસર થઇ છે? જેલમાં ગએલા માણસો મૃત્યુ સુધી લડત ચલાવવાનો ભીષણ નિશ્ચય કરીને બહાર આવ્યા. માત્ર ગમ્મતને ખાતર સરઘસોમાં ગએલાં ને જેલમાં પડેલાં બાલકો જાપાનનાં કટ્ટાં શત્રુઓ બનીને બહાર નીકળ્યાં.

એ બાલકોનાં મનમાં શું શું થતું હતું? છ વરસના એક બાલકે પોતાના બાપને કહ્યું: “બાપુ, તમને જેલમાં ઉપાડી જશે?”

“ઉપાડી યે જાય.” બાપે જવાબ દીધો.

“જો ઉપાડી જાયને, તો તમે સહી કરશો મા, હો બાપુ!”

બાલક જાણતો હતો કે કોઇ નિર્દોષ દેશબંધુની સામે કાવતરાં જગાવવા માટે જેલવાળા આવી કંઇક કબુલાતો લખાવી લે છે.

થોડા રોજમાં જ એ બાપ બંદીખાને ઘસડાયો, પણ આખરે એ છુટીને જ્યારે ઘેર આવ્યો ત્યારે બાલકે પહેલવહેલું જ બાપુને પૂછ્યું:

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"બાપુ, તમે સહી નથી કરીને ?"

"ના બેટા. મેં કયાંય સહી નથી કરી."

બાલક રાજી થયો.

†

આ લડતમાં ખેડુવર્ગ ક્યાં ઉભો હતો ? એની લાગણી બતાવનાર એક જ દષ્ટાંત લઇએ: "એક નિર્દોષ જુવાન ખેડુને જાપાની સૈનિકે બંદુકથી વીંધી નાખ્યો. ગામના લોકોએ મારનાર સૈનિકને પકડયો. એના પ્રાણ લેવાની તૈયારી હતી, ત્યાં તો એ જુવાનનો વૃદ્ધ કાકો દોડતો આવ્યો, આડા હાથ દીધા ને બોલ્યો: "છોડી મેલો એને. એના પ્રાણ લઇને જગતમાં એક ગુન્હો કાં વધારો ?" ઘવાએલા ખેડુને લઇ બધા ઇસ્પીતાલે આવ્યા. એ બધાને જાપાની સોલ્જરે ગોળીઓથી ને સંગીનથી વીંધી નાખ્યા.

શહેરથી દૂર દૂર રહેનારો કોરીઅન ખેડુ રાજ્યખટપટમાં ઉંડું કંઇ યે ન જાણે. એના માથામાં બીજી કશીએ વિદ્યા નથી પ્રવેશતી. સ્વતંત્રતાનાં સૂક્ષ્મ રહસ્યો એણે નથી સાંભળ્યા. પ્રભુબુદ્ધે શીખવેલાં પાંચ જ જીવનસૂત્રો એ જાણે છે. પણ એના અંતરમાં ઝીણો ઝીણો એક અવાજ ઉઠેલો છે કે "મને વિચાર કરવાનો હક્ક છે, બોલવાનો હક્ક છે; ને મને બંદગી કરવાનો હક્ક છે." આજ એણે જોયું કે એની બંદગીને જાપાની બંદુક અધવચ્ચેથી ઝડપી જાય છે. એ જાગ્યો. એણે જોયું કે "માતાનું નામ લઇશ, તો નેવું ફટકા પામીશ, પાછો વળીને હળ પણ નહિ ઝાલી શકું." છતાં એ તો ઉપડે છે ને ગોળીની વૃષ્ટિમાં મલકાતે મુખે ન્હાઇને લોહીથી તરબોળ થાય છે.

†

અને કયાં ઉભો છે પેલો અમીરવર્ગ ? માતૃભૂમિના માનીતા એ ધનુર્ધારી સંતાનોના લોહીમાં આજ કાંઇયે આતશ શું નથી ઉઠયો ? એ વિચાર કરતાં તો એક યશસ્વી નામ યાદ આવે છે: ચી-સેંગ-જય. લોર્ડકીચનરની સાથે જ એ જન્મેલો, પણ એની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કમરે કદિ તલવાર નહોતી લટકી. લાખો કોરીઆવાસીઓ એની હાકલ સાંભળીને હાજર થાય છે. જાપાન સરકારના કાળજાં એ વીરનું નામ સાંભળીને થરથરી ઊઠે છે.

જાપાની પોલીસે એક દિવસે એને ઘેર આવી પૂછયું:

"આ તોફાનની પાછળ કોણ ઉભું છે તે કહેશો?"

"મને એ પૂછવાનું શું પ્રયોજન?"

"અમને લાગે છે કે તમને માલુમ હશે."

"હા, મને માલુમ છે. આ ઝુમ્બેશ ઉઠાવનાર મંડળીના પ્રમુખનું નામ પુછોછો ને?"

"હા."

"વારૂ! એનું નામ તો હું ખુશીથી કહીશ. એનું નામ સર્વશક્તિમાન પ્રભુ! આ ઝુમ્બેશની પાછળ એ પોતે છે."

"સીધો જવાબ આપોને? કયા મનુષ્યોએ આ હોળી જગાવી છે, તમે જાણો છો?"

"હા હા, જાણું છું."

"બોલો ત્યારે" એમ પોલીસે ગજવામાંથી ડાયરી કાઢી.

"લખો ત્યારે, ફુસન શહેરથી માંડીને સદા-શ્વેત પ્હાડો પર્યંતનો, બલ્કે એની યે પેલી મેર સુધીનો પ્રત્યેક કોરીઆવાસી આ યુદ્ધની પાછળ ખડો છે."

જાપાની પોલીસના હાથમાં ડાયરી ને પેન્સીલ થંભી રહ્યાં. ચીના મુખ ઉપર ભયાનક કોપ છવાયો. જાપાનીઓથી એ પ્રતાપ ન સ્હેવાયો. ડાયરી ખીસ્સામાં મેલીને અમલદારો ચાલ્યા ગયા.

એક અંગ્રેજ મુસાફર લખે છે: "વીશ વરસની અમારી બન્નેની પિછાન દરમ્યાન મેં ચીના મુખ ઉપર મધુર હાસ્ય સિવાય બીજું કશું નહોતું જોયું. ચાહે તેવી આફતમાં પણ એના મ્હોંમાંથી તો આનંદમય સખૂનો જ ઝરે. પણ છેલ્લો હું એને મળ્યો ત્યારે એ સીતેર વરસના વૃદ્ધની આંખોમાં આંસુ ઉભરાયાં. ગિરફતાર થવાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડરથી એ રડતો હતો ? ના, ના. એ આંસુ તો ન્યારાં હતાં. યી તો રડતો રડતો બોલતો હતો કે આફતને સમયે શું મ્હોં લઇને હું બુઢ્ઢો બંદીખાનાની બહાર મ્હાલુ છું ? અમારી કુમારિકાઓ ને યુવતીઓ તો આજ અમાનુષી જંગલીઓના પંજામાં પડી રહી છે."

ચોથે દિવસે જ એ વૃદ્ધના પગમાં જંજીરો પડી.

સીત્તેર વરસનો બુઢ્ઢો એ યી નહોતો રડતો, પણ એ તો ચાર હજાર વરસનો વૃદ્ધ એક દેશ રડતો હતો. કેમ ન રડે ? જાપાની સોલ્જરો રસ્તે ચુપચાપ ચાલી જતી રમણીઓના સ્તન ઉપર મુક્કા મારે : ગમ્મતને ખાતર બંદુકના કુંદા લગાવે; બંદીખાનાની કડકડતી ઠંડીમાં સ્ત્રી–પુરૂષોને નગ્ન બનાવી દોડાવે; કોઇ શરમાળ નારી વસ્ત્રો ઉતારવાની ના પાડે તો ઝોંટીને એ વસ્ત્રોને ચીરી નાખે; આવાં વીતકો ઉપર ન રડે એવો કોઇ દેશ નથી.

સરકારે પોતાની દમનનીતિમાં વૃદ્ધ જુવાન વચ્ચેનો ભેદ રાખ્યો જ નહિ. તેવીશ વિદ્વાન પ્રજાજનો ગવર્નર જનરલ પાસે અરજી લઇને ગયા. જવાબ મળ્યો કે : "જાઓ પોલિસના વડા પાસે." પોલીસના વડાએ એ મહેમાનોના મંડળનું યોગ્ય સન્માન કર્યું : બધાને ગિરફતાર બનાવ્યા. વાઇકાઉન્ટ કીમ નામનો ૮૫ વરસનો એક વૃદ્ધ અમીર : દુર્બળ અને બિછાનાવશ: જાપાનીઓનો મિત્રજન: આ અમીર એક વદ્યાલયનો આચાર્ય હતો. એણે અને બીજા એક યી નામના નામાંકિત બુઝર્ગે ગવર્નર જનરલ હાઝેગાજને એક પત્ર લખ્યો:

" × × × × અમે, આપના ચાકરો, આજે આ ભયાનક અને મુશ્કેલ સમયની અંદર આવી પહોંચ્યા છીએ. અમે બુઢ્ઢાઓ બેશરમ બન્યા કે જે સમયે અમારો દેશ ખાલસા થતો હતો તેજ સમયે અમે આપનાં અમીરપદ સ્વીકાર્યાં; નોકરી ચાલુ રાખી; ફિટકારનો વરસાદ ઝીલીને પણ ચોંટી રહ્યા. અંતે આજ અમારાં નિર્દોષ બંધુજનોની કતલ ચાલી રહેલી અમે અમારી સગી આંખે જોઇએ છીએ, અને અમારાથી સહેવાતું નથી. અમે પણ બીજાઓની જ માફક અમારા મકાનમાં લપાઇને સ્વાધીનતાનો નાદ કરી રહ્યા છીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



૧. ૮૦ વર્ષનો વૃદ્ધ અમીર વાઇકાઉન્ટ કીન. જાપાની અત્યાચારો સામે અરજી કરવા બદલ અઢી વર્ષની કેદ પામ્યો.

૨. યી-સેંગ-જય : સીતેર વર્ષનો વૃદ્ધ અમીર : બંદીખાને નથી પડાતું તે માટે રડનાર.

૩. કોરીઅન કુમારિકા. સ્વાધીનતાની ઝુમ્બેશમાં જોડાવાને કારણે જાપાની સૈનિકોને હાથે વસ્ત્રહીન બનનારી ને છાતીપર મુક્કા ખાનારી હજારોમાંની એક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"અમે આજ આ ધૃષ્ટતા નથી કરતા, પણ દિલ ખોલીએ છીએ. આપ એવાં પગલાં લો કે જાપાન–નરેશ હવે વિચાર કરે, ને માત્ર મીઠા શબ્દોથી નહિ, માત્ર પશુબળથી નહિ, પણ પ્રજાજનોની ઇચ્છાઓને માન આપી પ્રભુની દીધેલી આ તકનો ઉપયોગ કરે. કોરીઆને સ્વાતંત્ર્ય બક્ષીને જગતને તમારી ન્યાયનિષ્ઠા બતાવી આપો. પછી તમારા એ સુકૃત્ય પર કોણ ધન્યવાદ નહિ વરસાવે?

"અમે બન્ને સેવકો આજાર અને બિછાનાવશ છીએ. જગતની મનોદશા જાણ્યા વિના, અમારા અંધારા ઓરડાની અંદરથી આ દીન સલાહ મોકલીએ છીએ. જો સ્વીકારશો તો બેસુમાર માનવ-સંતાનો સુખી થશે; જો નકારશો તો પણ ફક્ત અમારે બે જણાને જ સહવાનું છે ને! અમે તો હવે મોતને કિનારે આવી ઉભા છીએ, એટલે અમારા બંધુજનોને ભલે ખાતર અમારું બલિદાન દેવાતું. કદાચ અમારો જાન જાય તો યે અમે ચીસ નહિ પાડીએ. અમારી આ બિમાર હાલતમાં, આ વૃદ્ધાવસ્થામાં, હવે ફોસલાવીને કહેતાં અમને નથી આવડતું. હૃદયમાં જે ઉગે છે તે કહી નાખીએ છીએ."

આ બન્ને બુઝર્ગો માનવંત અમીરો હતા. સદા જાપાની સરકારના મિત્રો હતા. એની આખી અરજીમાં કટુતાનો કે અવિનયનો એક શબ્દ પણ નહોતો. એ બન્નેને એમના તમામ પરિવાર સાથે કેદ કર્યાં. એમને માથે સુલેહ–રક્ષાનો કાયદો તોડવાનો આરોપ મૂકાયો. એકને અઢી વરસની અને બીજાને દોઢ વરસની સખ્ત મજુરી સાથની કેદ મળી. એના કુટુંબીજનોને પણ સજા પડી.

આ ઝુમ્બેશને કારણે ચાલેલી કતલના ને ગિરફતારીના આંકડા નીચે મુજબ ૧૯૧૯ના માર્ચથી જુન સુધીમાં કુલ ૧,૬૬,૧૩૮ જણાં જેલમાં ગયા. એ માસમાં ૨૦૦૦ સ્ત્રીઓ, પુરૂષો ને બાળકોની હત્યા કરવામાં આવી.

છતાં કોરીઆની ખામોશ અડગ હતી.

રોજ સવાર પડે છે, ને ગવર્નર જનરલ પોતાના ટેબલ ઉપર નજર નાખતાંજ ચમકી ઊઠે છે. ટેબલ ઉપર શું હતું? બોમ્બ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહોતો, બંદુક નહોતી, કોઇ ખુનીની જાસાચિઠ્ઠી નહોતી, પણ એ છાપેલી નકલો–જેના ઉપર લખેલું: " સ્વાધીનતા–પત્ર !"

લશ્કરી પહેરેગીરોના બાંકડા ઉપર પ્રભાતે પ્રભાતે આ "સ્વાધીનતા–પત્ર " પડયું હોય, ને કેદખાનાની કોટડીએ કોટડીએ 'સ્વાધીનતા–પત્ર' પહોંચી ગયું હોય !

આ વર્તમાનપત્ર કયાં છપાયું, કોણે મોકલ્યું, કોણ મેલી ગયું, એ કોઇ ન જાણે. સેંકડો માણસોને પકડી પકડીને બેસાડવામાં આવ્યા, પણ બીજે દિવસ થાય ત્યાં એનું એ 'સ્વાધીનતા–પત્ર' આવી પહોંચે છે.


ક્યાં છપાતું આ છાપું ? છુપી કોઇ ગુફાઓમાં, મચ્છીમારોની નૌકાઓમાં અને કબરસ્તાનની અંદર ખડી કરેલી કૃત્રિમ કબરોની અંદર. ગામડે ગામડે એ ' સ્વાધીનતા ' ગુપ્તપણે પહોંચી જતું. જાપાનનું મશહુર પોલીસખાતું કે જાસુસખાતું કદિએ એનો પત્તો ન મેળવી શક્યું. જે મીમીઓગ્રાફ યંત્રથી એ છાપું છપાતું, તેવાં તમામ યંત્રો જ્યાં હતાં ત્યાંથી સરકારે જપ્ત કર્યાં. ' સ્વાધીનતા ' વેચનારાઓને, એની પ્રસિદ્ધિને લગતા શકદારોને, સેંકડો એવા લોકોને પકડયા. સાંજરે સરકાર ખબર ફેલાવે કે ગુન્હેગારો તો પકડાઇ ગયા; ત્યાં બીજીજ પ્રભાતે " સ્વાધીનતા " તો આવી પહોંચ્યું હોય.

બધો કોલાહલ જાપાનમાં સંભળાયો. જાપાની સરકાર પૂછે છે કે: " મામલો શો છે ?" ગવર્નર સાહેબ કહે છે: " વધુ સૈન્ય ને વધુ કડક કાયદા આપો. " નવુ સૈન્ય આવ્યું; વધુ કડક કાયદા આવ્યા.

## ૧૩૬ પ્રજાસત્તાકની સ્થાપના

**કોરીઆ** એ નવી લ્હાણનો શો સત્કાર કરે છે ? ૧૯૧૯ના એપ્રીલની ૧૩મી તારીખે, જાપાની તલવારોના વરસતા વરસાદની અંદર કોરીઆવાસીઓ નીકળી પડયા. કોરીઆના તેરે તેર પ્રાંતોમાંથી પ્રજા–શાસન માટે એક બંધારણ ઘડવા પ્રતિનિધિઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



ફાંસીની સજામાંથી બચી આવેલા ડૉ. સીંગમાન રી. કોરીઅન
પ્રજાસત્તાકનો, સર્વાનુમતે ચુંટાએલો પ્રમુખ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચુંટાયા. પેલો સંત વીર સીંગમાન રી : સરકારની ન્હાની સરખી ભૂલથી બચેલો કેદી : જે હૅાનોલૂલૂમાં શાળાા ચલાવતો : તે પ્રમુખ ચુંટાયો. બાર પ્રધાનો ચુંટાયા.

લોક–શાસનાના નવા બંધારણમાં નીચેની કલમો મંજુર થઇ.

૧. સ્ત્રીપુરૂષના, ગરીબના કે અમીરના–તમામના સમાન હક્ક.

૨. સર્વને ધર્મસ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય, લેખનપ્રકાશનનું સ્વાતંત્ર્ય, સભાસમિતિનું સ્વાતંત્ર્ય, ઘરખોરડાંનું સ્વાતંત્ર્ય.

૩. દેહાંત દંડની શિક્ષા, શારીરિક શિક્ષા અને જાહેર વેશ્યાગારોનો પ્રતિબંધ.

૪. રાષ્ટ્રસંઘે (League of Nations) કોરીઆને અપમાન દીધેલું છતાં પણ એના સભાસદ થવાની કોરીઆની ઇચ્છા.

૫. ફરજીઆત લશ્કરી નોકરી, ફરજીઆત કેળવણી અને ફરજીઆત કરવેરા.

૬. સાર્વજનિક મતાધિકાર, તમામને રાજ્યવહિવટમાં ચુંટાવાનો હક્ક.

૭. રાજપરિવાર પ્રત્યે માયાળુ વર્તાવ.

૮. દેશ કબજે કર્યા પછી એક વરસની અંદર રાષ્ટ્રીય મહાસભા બોલાવવાની.

એ જાહેરનામાની અંદરના ઉદ્ગારોમાં ડોકીયું કરીએ:

"અમે કોરીઆની પ્રજા : અમારો ચાર હજાર વરસોનો ઇતિહાસ બોલી રહ્યો છે કે અમારે સ્વરાજ્ય હતું, સ્વતંત્ર એક રાજ્ય હતું, ને સહુથી નિરાળી, પ્રગતિશીલ એક સંસ્કૃતિ હતી. અમે શાંતિપ્રિય પ્રજા છીએ. દુનિયાની નુતન જાગૃતિમાં અમારો હિસ્સો છે. માનવ જાતિના વિકાસમાં અમારો ફાળો દેવાનો છે એવો તો જગવિખ્યાત યશસ્વી અમારો ભૂતકાળ છે, અને એવી નિર્મળ અમારી રાષ્ટ્રીય ભાવના છે કે કોઇ પણ પિશાચી જુલ્મ અમને જેર નહિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરી શકે; કોઇ પરદેશી પ્રજા અમને પી નહિ જાઇ શકે; અને જડ-વાદી જાપાન, કે જેની સંસ્કૃતિ અમારાથી બે હજાર વર્ષો પછાત છે, તેને આધીન તો અમે શી રીતે થઇશું ?

"જગત જાણે છે કે જાપાને ભૂતકાળમાં દીધેલા કોલ તોડયા છે, ને જગત પર જીવવાનો અમારો હક્ક પણ ઝુંટાવી રહેલ છે. પરંતુ અમે જાપાનના એ વીતી ગએલા અન્યાયોની કે ભેળા થએલા એના પાપના પુંજોની વાત નથી ઉચ્ચારવા માગતા. અમે તો માત્ર કોરીઆની સ્વાધીનતાનો દાવો કરીએ છીએ. જગત પર જીવવા માટે, સ્વતંત્રતા ને સમાનતા વિસ્તારવા માટે, અમારી નીતિરીતિને આબાદ રાખવા માટે, પૂર્વમાં શાંતિ સાચવવા માટે, અને આખી દુનિયાનું કલ્યાણ સાધવા માટે અમારી સંસ્કૃતિને અમે રક્ષી રહ્યા હતા એ અમારો અપરાધ. એ અપરાધને કારણે જાપાન પોતાની લશ્કરી સત્તાનું પશુબળ અજમાવીને અમારા ઉપર દારુણ અત્યાચાર વરસાવે છે. માનવજાતિનો જાગૃત પ્રાણ શું આ બધું ઠંડે કલેજે જોયા જ કરશે કે ? આ ન્યાયહીન અત્યાચારની નીચે ચગદાતાં ચગદાતાં પણ બે કરોડ મનુષ્યોની પ્રભુભક્તિ નથી અટકવાની. જો જાપાન તોબાહ નહિ પોકારે, પોતાની નીતિ નહિ સુધારે, તો પછી માતૃભૂમિની સ્વાધીનતા માટે અમે શસ્ત્રો ધરશું; દેશમાં એક જીવ પણ રહેશે ત્યાં સુધી, ને સમયદેવની પાસે એક છેલ્લી ઘડી હશે ત્યાં સુધી ન્યાયને પંથે અમે કુચ કરશું. ત્યારે કયા દુશ્મનની મગદૂર છે કે અમોને રોકી શકશે ? સારા ય જગતની સાક્ષીએ અમે રાષ્ટ્રીય સ્વાધીનતા પાછી માગીએ છીએ : જગતની સેવાને ખાતર અને પ્રભુભક્તિને ખાતર."

પ્રજાસત્તાક સ્થપાયા બાદ ચોથે મહિને એ કામચલાઉ સરકારે છ સિદ્ધાંતો જાહેર કર્યા:

(૧) લોકોની સમાનતા અમે જાહેર કરીએ છીએ.

(૨) વિદેશીઓનાં જાનમાલ સહીસલામત રહેવાનાં.

(૩) તમામ રાજ્યદ્વારી અપરાધીઓને માફી મળશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૪) પરદેશ સાથે જે જે કોલકરારો થશે, તે બરાબર પળાશે.

(૫) કોરીઆની સ્વતંત્રતા માટે મરી ફીટવા અમે શપથ લઇએ છીએ.

(૬) આ કામચલાઉ સરકારના હુકમો જે તોડશે તે રાજ્યનો શત્રુ ગણાશે.

બીજા ઠરાવો પસાર થયા કેઃ

(૧) જાપાનને કહેવું, પોતાનું શાસન ઉઠાવી લે.

(૨) પારીસ કોન્ફરન્સમાં પ્રતિનિધિ મોકલવા.

(૩) જાપાની સરકારની નોકરી કરનારા કોરીઅનોએ નોકરી છોડવી.

(૪) જાપાની સરકારને લોકોએ કર ન આપવા.

(૫) પોતાના કજીઆ ટંટા લોકોએ જાપાની સરકારની અદાલતમાં ન લઇ જવા.

એ રાજ્યબંધારણમાં નીમાએલા પ્રધાનો બધા કોરીઆની જાહેર સેવા કરનારા જ શુરવીરો હતા, પણ એ બધાને કોરીઆની ભૂમિ પરથી જાકારો મળેલો હતો. જાપાનીઓ અટ્ટહાસ કરીને કહેવા લાગ્યા કેઃ "વાહરે, કાગળના ટુકડાનું રાજબંધારણ!"

હેન્રી ચંગ પૂછે છે કે "હાંસી કરનારા જાપાનીઓ વિસરી ગયા હતા કે, મહાયુદ્ધ વખતે બેલ્જીઅમની સરકાર બેલ્જીઅમમાં નહોતી, પણ નિરાધાર બનીને દેશની બહાર ઉભી હતી. જાપાનીઓ વિસરી ગયા હતા કે ઝેકોસ્લોવેકીઆની રાષ્ટ્રીય મંડળીને ૧૯૧૮ માં તો પોતાના દેશમાં પગ મૂકવા જેટલી યે જમીન નહોતી, ને એમાં ચુંટાયેલા સભાસદો પરદેશમાં રઝળતા હતા, છતાં લોકોએ તો એ રઝળતા શૂરાઓને રાજપદે સ્થાપેલા. આખરે એજ રઝળનારાઓએ આવીને રાજ્ય કબજે કર્યું, ને એ જ રાજબંધારણ કાગળ ઉપરથી ઉતરીને દેશની ભૂમિ ઉપર ગોઠવાયું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧૪૬ અમેરિકાની દિલસોજી

સુવોન નગરને સ્ટેશને ઉતરીને એક અમેરિકાવાસી પ્રવાસી બાઇસીકલ ઉપર ચાલ્યો જતો હતો. થોડે દૂરના એક ગામડામાં જ એને જવું હતું, છતાં એ પ્રવાસી છુપાતો છુપાતો પહાડોની પ્રદક્ષિણા ફરીને જતો હતો. એને ખબર હતી કે સીધે રસ્તે જતાં આડે જાપાની પહેરગીરોનું થાણું આવે છે, સિપાહીઓ એને આગળ વધવા નહિ આપે.

ઘણા ગાઉનો ઘેરાવો ખાઇને એ મુસાફર એક ગામડામાં દાખલ થયો. લોકોને એ પૂછવા લાગ્યો કે "આંહી આગ લાગી હતી ને?" થરથરતા ગામલોકોએ એક ઉદ્ગાર સરખો યે ન કાઢ્યો. પ્રવાસી સમજી ગયો. ગામમાં સરકારી અમલદારો હાજર હતા.

સરકારી અમલદારો સીધાવ્યા પછી લોકોએ આવીને મુસાફરને વાતો કરીઃ

"૧૫ મી તારીખે બપોરે સોલ્જરો આ ગામમાં આવેલા. હુકમ કર્યો કે 'દેવાલયમાં હાજર જાઓ, ભાષણ દેવું છે." ઓગણત્રીસ ખ્રીસ્તીઓ દેવાલયમાં ગયા ને દિગ્મૂઢ બની બેઠા. પલવારમાં તો સોલ્જરો દેવાલયને વીંટળાઇ વળ્યા. બારીઓમાંથી બંદુકો છોડી, શ્રોતાજનો ઘવાયા, મરાયા, એટલામાં સોલ્જરોએ દેવળને આગ લગાડી. બહાર નીકળવા દોડનારને સંગીનથી વીંધ્યા. ગોળીબારના અવાજ સાંભળીને બે શ્રોતાઓની સ્ત્રીઓ તપાસ કરવા આવી. ગોળીઓના વરસાદમાં થઇને દેવાલયમાં પેસવા લાગી, ત્યાં તો એ બન્નેને સોલ્જરોએ કાપી નાખી. પછી સોલ્જરો ગામને આગ લગાડી ચાલી નીકળ્યા."

"બીજા એક ગામડામાં લોકોએ 'મેંસેઇ'ની ચીસ પાડી; છપ્પન લોકોને પોલીસથાણામાં બોલાવવામાં આવ્યા. દરવાજા બંધ કરીને દિવાલ ઉપરથી સિપાહીઓએ ગોળીઓ છોડી. તમામ લોકોના પ્રાણ નીકળી ગયા."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"ત્રીજા એક ગામડાને આગ લગાડી; સોલ્જરો ઉભાઉભા એની જ્વાળાઓ જોઇ રહ્યા હતા. લોકો પોતાનાં ઘરબારની આગ બુઝાવવા દોડયાં. પણ સોલ્જરોની ગોળી છુટી, સંગીનો ઘોંચાયાં, મારપીટ પડી. એથી ગામવાસીઓ પોતાના સુંદર ગામને સળગતું જોતાં જોતાં ઉભા રહ્યાં."

ગામડે ગામડે આગ લાગે, માતાઓ સ્તનપર વળગેલાં બાળકોને લઇ ભાગે, પિતાઓ મોટાં છોકરાંને ઉપાડી ન્હાસે, પાછળ સોલ્જરોની ગોળીઓ છુટતી આવે: આવાં તો કેટલાંયે ગામડાં ભસ્મીભૂત બની ગયાં.

અને આ બધો વિનાશ કોઇ બે ચાર પાગલ બની ગએલા સોલ્જરોએ પોતાની મોજને ખાતર કરેલો નથી. જાપાની લશ્કરની સખ્ત દેખરેખમાં મગદૂર નહોતી કે એક પણ સૈનિક પોતાની જવાબદારી ઉપર એક ગોળીબાર પણ કરી શકે. આ તો ખુદ સેનાપતિઓના હુકમો હતા. સોલ્જરોની આખી ને આખી ટુકડીઓ એ કાર્ય માટે હુકમ બજાવવા ફરતી હતી.

પરદેશીઓએ એ ધ્વંસ નજરે નિહાળ્યો, ગવર્નરની પાસે પોકાર પહોંચાડયો, એ પાયમાલીની છબીઓ બતાવી, ગવર્નરે દિલગીરી દર્શાવી ગુન્હેગારોને નશીઅતે પહોંચાડવાનું વચન આપ્યું. છતાં એક પણ અપરાધીને સજા તો નથી થઇ. જરા સરખી યે રૂખ્સદ નથી મળી, એટલું જ નહિ પણ પગારમાં કશો ઘટાડો સુદ્ધાં નથી થયો.

ત્યારે શું આ કૃત્યો કેવળ કોરીઆની સરકારનાં જ હતાં? જાપાની પ્રજાનો જરાયે અપરાધ નહોતો? એણે શું આ નિર્દોષ આશ્રિત પ્રજાના ધ્વંસ ઉપર કદિ એક પણ આંસુ વહાવ્યું છે? ઇતિહાસ ના પાડે છે. જાપાનની પ્રજા આ બધી વિગતો જાણતી હતી. કોઇ પણ જાપાની પ્રજાજને આ જુલ્મ સામે આંગળી ઉંચી નથી કરી, તિરસ્કાર નથી પ્રગટ કર્યો. જાપાનની પ્રજા તો 'મહા-જાપાન'ના મનોરથ ઘડતી હતી.

પરંતુ ટોળાબંધ યુરોપી પરદેશીઓ કોરીઆમાં વસતા હતા. છતાં કેમ અમેરિકાવાસીઓનો હાહાકાર સામે કિનારે પોતાની ભૂમિમાં ન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહોંચ્યો ? આવા દારુણ ધ્વંસની એક પણ કથની કાં કોઇએ પોતાને ઘેર ન લખી મોકલી ?

કારણ એટલું જ હતું કે ટપાલખાતું ને તારખાતું સરકારના હાથમાં હતું. પત્રવ્યવહાર ઉપર સજ્જડ ચોકી ગોઠવાઇ ગઇ હતી. એક પણ સમાચાર એ ચોકીદારોની નજર ચુકાવી કોરીઆના સીમાડા ન વટાવી શકે. અમેરિકામાં બેઠેલો કોરીઆવાસી પોતાને ઘેર કાગળો લખે એ સરકારી ચોકીદારો ફોડે; એ કાગળમાં સરકારના કારભારને લગતી લગારે હકીકત હોય તો એ કાગળના ધણીને સજા થાય. આની બેવડી અસર થાય. કોરીઆવાસી રાજ્યદ્વારી ખબરો લખતો અટકે ને પરદેશથી એવા ખબર મેળવતો બંધ થાય. કોરીઆમાં વસનારો અમેરિકાવાસી પોતાને દેશ જઇ જાપાની સરકારના સંબંધમાં કશું ભાષણ કરે કે લેખ લખે, તો કોરીઅન કોન્સલ એ ભાષણ કે લેખ કોરીઆની સરકારને મોકલે. પેલો અમેરિકાવાસી પાછો કોરીઆમાં આવે એટલે એને કોરીઆ છોડી જવાનો આદેશ મળે.

ત્યારે અમેરિકાવાસીઓ કોરીઆની હાલત સંબંધે કેવી માહેતી ધરાવતા ? એ માહેતી આપનાર કોણ ? એ માહેતી આપનાર જાપાની સરકાર પોતે હતી. શી રીતે ? પોતાનાં પક્ષનાં વર્તમાનપત્રો મારફત. આંકડાશાસ્ત્રમાં કાબેલ બનેલી કોરીઅન સરકાર, હકીકતો અને વિગતોને શણગારવામાં પ્રવીણ હતી. પરદેશીઓ અંજાઇ જાય એવી એ ઇંદ્રજાળ હતી.

એટલું જ બસ નહોતું. જાપાન મનુષ્યસ્વભાવ જાણતું હતું. મનુષ્યોના અંતરાત્માને–આખી ને આખી પ્રજાના અંતરાત્માને ખરીદી લેવાની કળા જાપાને યુરોપને ચરણે બેસીને કેળવી લીધી હતી. સુલેહની પરિષદ્‌ને સમયે જાપાને યુરોપી રાજ્યની અંદર એક કરોડ ડૉલર (ચાર કરોડ રૂપીઆ) છુટે હાથે વેરી દીધા હતા. અત્યારે પણ અમેરિકાનું હૃદય હાથ રાખવા માટે જાપાન દર વરસે લાખો ડૉલરો એટલે કરોડો રૂપીઆ ખરચી રહ્યું છે. છાપાંઓ જાપાનની વાહવા પોકારે તેનો મર્મ આ છે. વક્તાઓ ઠેરઠેર જાપાની રાજનીતિનાં યશોગાન ગાય તેનો મર્મ આ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજી બાજુ જાપાનીઓ અમેરિકાની અંદર મોટાંમોટાં મંડળો ખોલે છે ને વરસે વરસે મિજબાનીઓ ને મ્હેફિલો આપે છે. બબ્બે હજાર ઇજ્જતદાર અમેરિકાવાસીઓ એ મંડળના સભાસદો છે. મ્હેફિલનાં મેજ ઉપર અમેરિકાવાસીઓ ફિદા થઇને જાપાનથી સ્તુતિ કરે છે. એ વિદેશ ખાતામાં ચાલી રહેલા જાપાની પ્રચારકાર્યનો એક નમુનો લઇએ : ૧૯૧૯ની ઝુમ્બેશ સંબંધે એક અમેરિકા-વાસી લેખક અમેરિકામાં લખે છે કે બદમાશોને 'અમર રહો મા !" એવો ધ્વનિ કરવાના ત્રીશ પૈસા મળે છે. ત્રીશ પૈસાને ખાતર આ બદમાશો ટોળે વળે, બૂમો પાડે, પોલીસ થાણાં ઉપર હલ્લો કરે, પત્થર ફેંકે, પછી તો જાપાની સૈનિકો સરખાં શાંત માણસોને પણ ખીજ તો ચડે જ ને!"

દેશભક્ત હેન્રી ચંગ લખે છે કે "બરાબર ! કોરીઆની બઝા-રમાં મનુષ્યનો જાન સસ્તે ભાવે મળી શકે છે, પણ એટલો તો સસ્તો નહિ જ, કે ત્રીશ પૈસાને ખાતર કોરીઆવાસી વીંધાઇ જવા કે કપાઇ જવા તૈયાર થઇ જાય."

આખરે ઇંદ્રજાળ ભેદાઇ. કેટલાએક મીશનરીઓ રેલ્વેમાં બેસી ચીનમાં પહોંચ્યા, ને ત્યાંથી તેઓએ પોતાને દેશ કાગળો રવાના કર્યા. અમેરિકાનાં વર્તમાનપત્રોમાં કોલાહલ ચાલ્યો. જાપાની અધિકારી-ઓએ ઘણા ખુલાસા ચોમેરથી બહાર પાડ્યા. પણ અમેરિકા-વાસીઓને મન સંદેહ રહી ગયો. એક મંડળી કોરીઆમાં આવવા તૈયાર થઇ. એ ઇસારો થતાં તો જાપાની સરકારનાં ભાડુતી વર્ત-માનપત્રોએ બૂમરાણ મચાવ્યું કે "જાશો ના, જાશો ના, કોરીઆમાં કોલેરા ચાલે છે." પણ પેલી મંડળીએ માન્યું નહિ. એટલે બીજી બૂમ પડી કે "ખબરદાર, તમારી જીંદગી જોખમમાં છે. કોરીઆમાં તમારા પ્રાણ લેવા એક કાવતરૂં રચાય છે." પણ પેલા મહેમાનોના હૈયાં થડકયાં નહિં. જાપાની સરકારે જણાવ્યું કે "તમે તો નહિ સમજો, પણ અમારા માનવંત મહેમાનો તરીકે તમારૂં રક્ષણ કરવાની અમારી ફરજ છે. ફિકર નહિ; તમારી સાથે અમારી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોલીસ હાજર રહેશે. પરંતુ સાવધાન, પોલીસની સૂચનાને અનુસરજો, નહિ તો તમારી જીંદગીને જોખમ છે."

મહેમાનોનું મંડળ આવી પહોંચવાનું હતું તે દિવસે સ્ટેશનથી ઉતારાના મુકામ સુધી રસ્તાપર સિપાહીઓ ઉભેલા. કોરીઆ-વાસીઓ પણ અમેરિકાના મહેમાનોને આવકાર દેવા હોંશભર્યાં દોડ્યા આવ્યાં.

પોલીસે તલવારો કાઢીને એ નાદાનોને નસાડ્યાં. મહેમાનોની ગાડી ગામમાં નીકળી ત્યારે બન્ને બાજુ પોલીસ ઉભેલી; અને રસ્તો સ્મશાન સમો નિર્જન પડેલો. મહેમાનો ચકિત થયા. ક્યાં હતો કોલેરા? ક્યાં ગયું પેલું કાવતરૂં?

મહેમાનોએ હઠ પકડી કે અમારે તો દેશ જોવો છે. સરકાર કહે છે કે "તમને લૂંટવા ને મારી નાખવા એક મોટી ટોળી ખડી થઇ છે." મહેમાનો કહેઃ "ફિકર નહિ." સરકાર સમજી કે ચોકખી ના નહિ પડાય; પણ એક ઇલાજ હતો. કોરીઆવાસીઓને જ મહેમાનો પાસે આવવા ન દેવા.

મહેમાનોને મ્હેફિલો પર મ્હેફિલો અપાવા લાગી. સરકારી નિશાળો, કચેરીઓ, અદાલતો, આદિ બતાવવામાં આવ્યાં. મહેમાનો મહેમાનીમાં જ તલ્લીન બન્યા.

આખી મંડળીમાં એક માણસ મક્કમ રહ્યો. એણે તો હઠ પકડી કે મ્હારે આ દેશવાસીઓને જોવાં છે. એણે જણાવ્યું કે "હું એકલો જ આથડીશ. મારી સાથે પોલીસ નહિ." એણે એક સભા ભરી. મંડપમાં મેદિની માતી નથી, મહેમાનનું ભાષણ બધા તલ્લીન બનીને સાંભળે છે. એકાએક સોલ્જરોનાં સંગીનો ઝળુક્યાં. શ્રોતાજનોની ધરપકડ ચાલી. મહેમાનોને કહેવામાં આવ્યું કે "કૃપા કરી ચાલ્યા જાઓ." મહેમાને આંખો ફાડી જણાવ્યું કે "પહેલી બેડી મને પહેરાવો, પછી જ આ નિર્દોષ મંડળીને તમે આંહીથી લઇ જઇ શકશો." એક જ આદમીની મક્કમતા સફળ થઇ. સેના શરમાઇને ચાલી ગઇ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ એક મહેમાનના મનમાં એવો તિરસ્કાર, એવો કોપ વ્યાપી ગયો કે એણે પોતાની મંડળીનો સંગાથ છોડયો, એકાકી એ આખા કોરીઆમાં રખડયો. અમેરિકામાં જઇને એણે આખું ભોપાળું એના નગ્ન સ્વરૂપમાં રજુ કર્યું.

એ મંડળીના નિવાસ દરમ્યાન સરકાર શું કર્યા કરતી હતી? તારો પર તારો છૂટતા હતા કે "મહેમાનો વિરૂદ્ધ કાવતરૂં ચાલે છે, મહેમાનોની ગાડીને પટકવા માટે પાટા ઉખેડી નાખેલા છે, બોમ્બ છૂટવાની તૈયારી છે."

અમેરિકામાં પાછા આવતાં એક પણ મુસાફરે આ રેલગાડીના અકસ્માત, કાવતરાં કે બોમ્બ વિષે એક ઉચ્ચાર સરખો યે નથી કર્યો. ઉલટું મહેમાનોએ ઠેર ઠેર જણાવ્યું કેઃ "એ રમણીય ભૂમિનાં લોકો–પુરૂષો, સ્ત્રીઓ ને બચ્ચાંઓ–સ્ટેશને સ્ટેશને આઘે ઉભાં ઉભાં અમારી સામે દયામણી આંખે નિહાળી રહ્યાં હતાં. કવચિત કવચિત એ હર્ષનાદ કરતાં હતાં; પણ ઘણુંખરું તો એ ચુપચાપ ઉભાં રહેતાં. એની ચુપકીદીમાં અમે એનાં હૈયાં વાંચી શકતા. એના પ્રાણ પરદેશી સત્તાની સામે પોકારતા હતા.

આ રીતે દરિયાપારના પ્રવાસીઓ કેમેરા લઇ લઇને આવ્યા, ભાષણો દઇ ગયા, વિનાશની છબીઓ પાડી ગયા, ઘેર જઇને વર્તમાનપત્રોમાં કોરીઆની દુઃખમય કથની ઉપર કરુણાના થોડાએક શબ્દો પણ તેઓએ લખી કાઢ્યા. પરંતુ અમેરિકાવાસીઓ આવ્યા તે તો પોતાનાં દેવાલયોની ને પોતાના ધર્મબંધુઓની પાયમાલી સાંભળીને; અમેરિકાના વેપારીઓએ બૂમરાણ કર્યું તે તો પેલી પોતાની રેલ્વે કંપનીઓના પાટા કોરીઆની ભૂમિ પરથી જાપાને ઉખેડી નાખ્યા એ બળતરાએ. પચીસ વરસ થયાં એનાં વીજળીનાં કારખાનાં કોરીઆની અંદર ચાલતાં; એની તમાકુની પેઢીઓ જામી પડેલી; એના નાખેલા નળોમાંથી કોરીઆવાસીઓને પાણી પહોંચતું; એને હાથે કોરીઆનાં જંગી વ્હાણો બંધાતાં; એના સંચાઓ વડે કોરીઆની ખાણોમાંથી સોનું ખેંચાતું; કોરીઆનો દારૂગોળો એનાં કારખાનામાં તૈયાર થતો. જાપાને આવીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ બધું અમેરિકાની પાસેથી ઝુંટવી લીધું. પોતાના વેપારીઓને બેસુમાર હક્કો આપ્યા, એની હરીફાઇ સામે અમેરિકાવાસીઓ હાથ ખંખેરી ચાલતા થયા. પોતાના હિતને જફા પહોંચી હોવાથી જ પ્રથમ દરજ્જે અમેરિકનોની આંખો ઝબકી હતી. ખાસ કોરીઆની વિપત્તિ ફેડવાની કર્તવ્યભાવના તેઓના અંતરમાં જાગી નહોતી.

વિદેશી મુસાફરો તો મુગ્ધ હતા પેલી ભવ્ય સરકારી મ્હેલમોલાતો ઉપર, સરકારે બંધાવેલા બાગબગીચાઓ ઉપર અને આખા દેશમાં ઠેર ઠેર બંધાવેલી સુંદર સફાઇદાર સડકો ઉપર. પરંતુ તેઓ ન જોઇ શકયા કે એ સુશોભિત સડકો કયાં બંધાવેલી હતી? વસ્તીવાળા પ્રદેશોમાં નહિ, દૂરદૂરનાં વેરાનમાં. ગામડાનાં ગરીબ કોરીઅનો પોતાનાં ગાડાં ખેતરાઉ અને પહાડી રસ્તાઓ ઉપર સુખેથી ચલાવતાં. જરૂરજોગો વેપાર કરી આવતાં. એને આવા મનોહર રાજમાર્ગોની જરૂર નહોતી. લોકો તો એ સડકોથી ભય પામતાં. પ્રજા પળેપળે કાન માંડીને ચમકી ઉઠતી કે જાણે એ સડકના પત્થરોમાં દૂરદૂરથી ચાલ્યા આવતા જાપાની સૈન્યના તાલબંધ કદમના ધબકારા સંભળાય છે; તોપખાનું લઇને સેના ચાલી આવે છે: રસ્તાના મુલકને આગ લગાડતી આવે છે; દેવળો તોડતી અને લોકો ઉપર ગોળીઓ છોડતી આવે છે; કેમકે એ સડકો તો આ રમ્ય ભૂમિ ઉપર જાપાની સેનાને છોડી મૂકવા માટે બાંધવામાં આવેલી. એ મહેલમોલાતો અને રાજમાર્ગો બાંધવામાં હજારો લોકોને તલવારની અણીએ વેઠ વળગાડેલાં હતાં. એ જમીનો લોકો પાસેથી જબરદસ્તી કરી ઝૂંટવી લેવામાં આવી હતી.

આ બધી કવિતા નથી, ધગેલા મસ્તકની મિથ્યા કલ્પના નથી, કઠોર સત્ય છે. કોરીઆની શોભા વિસ્તારવા જતાં જાપાની સરકારે, એ દેશનું રાષ્ટ્રીય કરજ ૩૭૮,૨૫૬ ડૉલર હતું, તે વધારીને ૫૨,૪૬૧,૮૨૭ ડૉલર જેટલે પહોંચાડી દીધું છે; અને વાર્ષિક કરવેરો સને ૧૯૦૫માં ૩,૫૬૧,૯૦૭ ડૉલર હતો. તે વધારીને ૧૯,૮૪૯,૧૨૮ ડૉલર સુધી પહોંચાડયો છે. બદસુરત દેશને રમણીય બનાવવા જતાં, દેશનું કરજ એકસો તેતાલીસગણું વધારી દેવાય ને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રજા ઉપર સાડાપાંચગણો કર ચાંપી બેસાડાય, એ સારા કારોબારની એંધાણી નથી. લોકોની ખાનગી મિલકતો, બલ્કે ખુદ બૌદ્ધ દેવાલ-યોની જમીનો પણ ઝુંટવી લેવાઇ હતી. ત્રણ લાખ જાપાનીઓને વેપારવાણિજ્ય તેમજ સરકારી નોકરીઓ સોંપી દેવામાં આવ્યાં હતાં. જાપાનીઓને માટે જગ્યા કરી દેવા કોરીઆવાસીઓ દેશ છોડી ચાલી નાકળીને મંચૂરીયા અને સાઇબીરીયાના બરફની બખોલોમાં ભરાઇ બેઠાં, તો ત્યાં પણ જાપાની લશ્કર તત્કાળ પહોંચી ગયું. એનું કારણ બતાવવામાં આવ્યું કે "અમારી પ્રજા જ્યાં જાય ત્યાં એનું રક્ષણ કરવાનો અમારો ધર્મ છે!"

આજ કોરીઆની પ્રત્યેક બેન્ક ઉપર જાપાની "સલાહકાર" ચડી બેઠો છે. એની સીલક સરકારી બેંકોમાં જ રાખવી પડે છે; ને એ સરકારી બેંકની મુન્સફી સિવાય કોઇ બેંક એ સીલકનાં નાણાં પાછાં મેળવી શકે નહિ. બેંકો ઉપર તો શું, પણ પ્રત્યેક કોરીઅન શ્રીમંતના અંગત વહીવટ પર પણ અકકેક જાપાની Steward (ચોકીદાર) ચાંપી દેવામાં આવ્યો છે, કે જે ઘરનો હિસાબ રાખે, તેમજ નાણાં-પ્રકરણી સલાહ સૂચના કરે. સરકારના નીમેલા આ સલાહકારની પરવાનગી વિના કોરીઆનો શ્રીમંત કશું ખર્ચ કરી શકે નહિ. એ કાયદો તોડનારની મિલ્કત તત્કાળ જપ્ત થાય. એક શ્રીમંતે ચીનની અંદર કોરીઆના તરુણોને શિક્ષણ દેવાની અભિલાષાથી પેકીંગની અંદર એક શાળા ઉઘાડી. સરકારી અમલદારે એના ઉપર કાવતરાંનો આરોપ મૂકી, એની મિલ્કત જપ્ત કરી. ચીનાઇ સરકાર એક સખૂન પણ ન ઉચ્ચારી શકી. બીજા એક ગૃહસ્થે સરકારી બેંકમાં મૂકેલાં પોતાનાં નાણાંમાંથી એક લાખ સિક્કા ઉપાડવાની પરવાનગી માગી. સરકારે ના પાડી. એણે જીદ કરી. સરકારે એની આખી ઇસ્કામત જપ્ત કરી. કારણ એવું બતાવવામાં આવ્યું કે એ બદમાસ સરકારની સામે કાવતરૂં રચતો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧૫૬ સુધારાની માયા : નવી તૈયારી

સુલેહની સભામાં બેસીને જ્યારે જાપાન દુર્બળ પ્રજાઓના બચાવમાં ગર્જના કરતું હતું, ત્યારે એની પોતાની છાતી થડક થડક થતી હતી. એણે જોયું કે "કોરીઆના નિર્દોષ શોણિતનો આર્તનાદ દિગ્દિગન્તરો વીંધીને ચોમેર પહોંચ્યો છે." એના અંતરમાં અવાજ ઉઠયો કે "શો જવાબ આપવો ?"

અંતરનો સેતાન બોલી ઉઠયો કે "સુધારા, સુધારા."

ટોકયોની સરકારે ઢંઢેરો લખીને અમેરિકા મોકલ્યો. વર્તમાનપત્રોએ આ ઢંઢેરો છાપી નાખ્યો. ઢંઢેરામાં જાપાનને કોલ દીધેલો હતો કે 'કોરીઆની અમારી વ્હાલી પ્રજાને અમે સમાનભાવે સુખી અને સલામત રાખીશું, ક્રમે ક્રમે સંપૂર્ણ સ્વરાજ્ય બક્ષીશું, લશ્કરી રાજ્યતંત્રને બદલે સીવીલ રાજ્યવ્યવસ્થા સ્થાપીશું, ગ્રામ્ય સ્વરાજ્ય અને શહેર સુધરાઇખાતું પ્રજાની ચુંટણીના ધોરણ પર ચલાવીશું, ઇન્સાફના તખ્ત સામે જાપાની ને કોરીઅન ઉભયનો એક કાયદે ન્યાય કરીશું."

આ સિવાય જગત પર પૂરી ભ્રમણા પાથરવા માટે બે જુના જુલ્મી હાકેમોનાં—ગવર્નર જનરલ હાસેગોવા અને ડાયરેકટર ઓફ એડમીનીસ્ટ્રેશન મી૦ યમાગાટાનાં રાજીનામાં મંજુર થયાં. પરંતુ મંજુરીના કાગળમાં જાપાની સચીવે લખ્યું કે "વર્ષો સુધી ઉજ્જવળ સેવા બજાવનાર આ બે લાયક અધિકારીઓનું રાજીનામું સ્વીકારતાં મને દુઃખ થાય છે."

આમ લશ્કરી રાજ્યનો પલટો આરંભાય છે. એક હાથે જાપાની સચીવ અમેરિકાને કોરીઆ પરત્વેની પોતાની મમતાનાં ખાત્રીપત્રો મોકલે છે; અને બીજે હાથે કતલ ચલાવવા કોરીઆને કિનારે છ હજાર સૈનિકોનો કાફલો પહોંચાડે છે. 'સુધારા'નો સંદેશો સંભળાવીને તત્કાળ કોરીઆની છાતી ઉપર ત્રણ હજાર વધુ પોલીસો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને બસો વધુ અમલદારો બંદુકો લઇને ચડી બેસે છે. અત્યાચારો કરનારો જુનો એક પણ અમલદાર કશી શિક્ષા નથી પામતો.

અત્યાર સુધી માત્ર ઇસારે કામ ચાલતું. હવે 'સુધારા' જાહેર થયા, એટલે લેખી હુકમોથી પોલીસને ગોળી ચલાવવાની છૂટ મળી. ઉત્સવોની અંદર પ્રજાને સંગીતજલસા કરવાનો પ્રતિબંધ, પાંચ પાંચ કુટુંબોનાં મસ્તક પર એકેક જાપાની અમલદારની નીમણુક, મલ્લકુસ્તીની મનાઇ, ઉજાણીની મનાઇ, પુર્ણિમાના ઉત્સવોની મનાઇ : અને એ મનાઇના ઉલ્લંઘનની પાધરી શિક્ષા, આંખો મીંચીને ગોળીઓ છોડવાની.

ઇન્સાફની પ્રથામાં પણ એજ તરેહના સુધારા થયા. બંદીવાનને કેવળ એક જ પ્રશ્ન પૂછાય: "ફરીવાર કદિ 'મેંસેઇ' પોકારીશ !" જો હકારમાં ઉત્તર હોય તો કારાગૃહની અંધારી યાતનાઓ એની બરદાસ્ત કરવા તૈયાર હતી. છતાં અદાલતમાં આ સવાલનો એક કુમારિકાએ ઉત્તર દીધેલો કે "છુટીશ તો પહેલી જ તકે હું મારી માતાનું નામ પોકારવાની." એટલે તૂર્તજ કારાગૃહનો અંધકાર એ બાળાના સંસાર ઉપર ફરી વળ્યો.

વધુ કર્પીણ રીબામણી, વધુ રક્તપાત, વધુ ને વધુ દમન આરંભાયાં—અને તે બધું સુલેહશાંતિને નામે, નિર્દોષ અને શાંત પ્રજાજનોની સહીસલામતીને નામે ચાલ્યું.

સુધારાની આ ઇંદ્રજાળથી બહારની દુનિયા ઠગાઇ છે, પણ કોરીઆ નથી ઠગાયું. જાપાન કોરીઆના અંતરને નથી ઓળખી શકયું. પ્રત્યેક કોરીઆવાસીના પ્રાણમાં આજે ઉંડામાં ઉંડી કટુતા વ્યાપી રહી છે, અને એ ઝેર જમાનાઓ જતાં યે નથી નીકળવાનું. હવે કોરીઆ વિચાર નથી કરતું, બુદ્ધિપૂર્વક સમજીને ધિક્કાર નથી દેતું, ધિક્કાર તો એના લોહીના પ્રત્યેક બિન્દુમાં પ્રવેશી ચૂકયો છે. સુધારાનાં છળ કોરીઆના ઝખ્મો નહિ રુઝાવી શકે. એનું ખૂન પોકારી ઉઠે છે કે "ચાલ્યા જાઓ અમારી ભૂમિ પરથી." બસ ! એથી કમતી કે વિશેષ કશું યે સમજવા એ માગતું નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોરીઆ અત્યારે સ્વાતંત્ર્યને લાયક છે કે નહિ, આંતર-રાષ્ટ્રીય સબંધોની દૃષ્ટિએ જોતાં જાપાન અત્યારે કોરીઆને મુક્ત કરી શકે કે નહિ, એ સવાલો વિચારવાની કોરીઆ ના પાડે છે. હવે તો એ સવાલ સમજણનો નથી, દારૂણ દર્દનો છે, ઉંડા ધિક્કારનો છે, સેંકડો વર્ષોના કારી ઝખ્મોનો છે. કોરીઆનું સંતાન ખીજ નથી બતાવતું, આંખો રાતી નથી કરતું, બહુ ઓછું બોલે છે, પણ એના હૈયાની જ્વાળા ચુપચાપ ભડભડી રહી છે.

છતાં કોરીઆ ક્રોધાંધ બનીને ભાન ભૂલ્યું નથી. દુનિયાની નજરે કોરીઆ પાગલ બનીને ચુપચાપ પડેલું દેખાય છે; પણ એ દેશના ઉંડાણમાં વ્યવસ્થિતપણે વિધવિધ ચળવળો ચાલી રહી છે. શાંગાઇ શહેરની અંદર કોરીઆની **કામચલાઉ રાષ્ટ્રીય-સરકાર** (Provisional Government) ની હમણાં જ બેઠક મળેલી એ કેવળ નાટકીય તમાસો નહોતો. જાપાનને માલુમ છે કે દેશભરની અંદર એ રાષ્ટ્રીય રાજ્યતંત્ર ચુપચાપ ગોઠવાઇ ગયું છે ને રાજ્ય ચલાવી રહ્યું છે. પણ એની કચેરીઓ ક્યાં ક્યાં છે, એના અધિકારીઓ કોણ કોણ છે, એનાં સાધનો ક્યાંથી ચાલ્યાં આવે છે, તેનું જરાયે ભાન જાપાની જાસુસને નથી. બીજી ભયાનક બીના પણ જાપાની સરકાર જાણે છે કે પોતાના જ જાસુસો એ ગુપ્ત રાજ્યતંત્રને મદદ કરી રહ્યા છે. પણ જાપાની સરકાર કોઇ સાચા અપરાધીને નથી શોધી શકી. સેંકડો શકદારો પકડાય છે, ઉગ્ર સજા પામે છે; પણ પેલું ગુપ્ત રાજ્યતંત્ર પ્રતિદિન પ્રબલ બનતું જાય છે. એ ગુપ્ત કોરીઅન સરકાર શાંગાઇ, ઈંગ્લાંડ અને અમેરિકા સાથે પત્રવ્યવહાર ચલાવે છે, નાણાં મેળવે છે, ને મોકલે છે. "સ્વાધીનતાનું પત્ર"ની હજારો નકલો છુપી છુપી છપાઇને ઘેરઘેર પહોંચે છે, હજારો કાસદો પકડાય છે, તો યે એ ગુપ્ત-સેનાનું દળ ખૂટતું નથી. બાલકો શાળાની અંદર શિક્ષકોની સામે ને સામે સર્ટીફીકેટો ચીરી નાખે છે; પુરુષો 'અમર રહો મા!' પોકારે છે. સોલ્જરો મુંઝાઇને સ્તબ્ધ બને છે; કારણ, કતલની કે મારપીટની કશી અસર રહી નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




શાંગાઇ નગરમાં સ્થપાએલું કામચલાઉ કોરીઅન પ્રજાસત્તાક રાજ્યમંડળ એ કાંઇ નાટકીય તમાસો નહોતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાપાને જગતના કાનમાં એવું ઝેર રેડ્યું છે કે કોરીઅનો સ્વરાજ્યને માટે નાલાયક અને ભ્રષ્ટ લોકો છે. એ માન્યતા ફેલાવવા માટે જાપાને ઘણી દોલત ખરચી છે. પણ એ વાત જૂઠી છે. અલબત એ દેશનું પુરાણું રાજશાસન સડેલુ હતું ને એનો વિનાશ લખાઇ ચુકયો હતો. એ ગયું. ત્યાર પછી તો એ પ્રજા જ્યાં જ્યાં ગઇ ત્યાં ત્યાં એણે પોતાની શક્તિ બતાવી દીધી છે. જાપાનના જુલ્મથી નાસીને મંચુરીઆમાં જઇ વસેલા એ પ્રજાજનો અતિ ઉદ્યમી ખેડુતો બન્યા છે, ને આબાદ થયા છે. હાવાઇ ટાપુઓમાં પાંચ હજાર કોરીઅનો છે, એ બધા શેરડીનાં વાવેતર ઉપર મજુરી કરે છે. છતાં તે મજુરોએ પોતાનાં સંતાનો માટે અઠ્ઠાવીસ નિશાળો ખોલી છે. બાલકોની કેલવણી માટે દર વરસે માથા દીઠ વીસ વીસ ડૉલરોનો એ લોકો ફાળો કરે છે. બંદગી માટે સોળ તો દેવાલયો બંધાવ્યાં છે. હાવાઇમાંથી બસો દસ કોરીઅનો તો યુદ્ધમાં પણ જોડાએલા. વળી મંચુરીયામાં વસતા વીસ હજાર કોરીઅનોમાંથી ઘણા મરદો રશિયાનાં સૈન્યમાં જોડાઇને લડાઇ પણ ખેલી આવ્યા છે. નાસીને જે જે કોરીઅનો અમેરિકા પહોંચી શકયા, તેઓએ કેલીફોર્નીઆમાં ડાંગરની ખેતી જમાવી છે ને તેઓ અત્યારે આબાદ બન્યા છે. તરુણ કોરીઅનોએ અમેરિકાનાં વિદ્યાલયોમાં ને વેપારમાં ઉંચી પ્રતિષ્ઠા સ્થાપી છે. એ કહે છે કે એક વાર અમને આત્મશાસનની તક આપો, ને પછી જુઓ, અમે કેવું કરી બતાવીએ છીએ.

ત્યારે હવે ?

જાપાન મુંઝાયું છે. માર્ગ સૂઝતો નથી, પિસ્તોલ લાઇલાજ બની છે. એની સન્મુખ બેજ રસ્તા ખુલ્લા છે. કાં તો દેશ છોડી ચાલ્યા જવું; નહિ તો બે કરોડ કોરીઆવાસીઓને ચુકતે હિસાબે રેંસી નાખવા, એ પ્રજાનું અસ્તિત્વ આ ખલ્કની અંદરથી ઉખેડી નાખવું. બીજો માર્ગ નથી. કારણ, કોરીઆએ આખરની તૈયારી કરી મેલી છે. મોતની પથારી બિછાવી રાખી છે, એકેએક પ્રજાજન–એકેએક–પોતાના પ્રાણ બે હાથમાં ધરીને ઉભો છે. એ બીજું કાંઇ સમજતો નથી. પિતૃભૂમિનો પ્રાણ એ પ્રત્યેકને સ્મશાનમાંથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાદ કરી રહ્યો છે. પ્રકાશની એને પરવા નથી. અંધકારના—મૃત્યુના અમરભુવનમાં દાખલ થવા એ તલસે છે. હવે તો બીજા કોઇ દયાળુને વ્હારે ધાવા કાલાવાલા કરતો નથી. સાગરને સામે પારથી આશાના સંદેશા નહિ, પણ મૃત્યુના ઘુઘવાટા એ કિનારે બેઠો બેઠો સાંભળે છે. હજારો વીરવીરાંગનાનાં વૃંદ આકાશની અંદર ચાલ્યા જતાં એ નિહાળે છે. એ હસે છે—પ્રેતની પેઠે હસે છે, અમર દુનિયાનાં એ દર્શન કરે છે અને પળે પળે પોકારે છે કે "અમર રહો મા કોરીઆ !"

ત્યારે હવે જાપાને શું ધાર્યું ?

નકશા પર નજર કરો. નકશો એનો ઉત્તર દેશે. કોરીઆને કિનારેથી જાપાની તોપો ખસે કે વળતે જ પ્રભાતે જાપાનનો બીજો કોઇ દુશ્મન ત્યાં તોપો માંડશે ને જાપાન ઉપર ગોળા છોડશે એવી જાપાનને ધાસ્તી છે. પરંતુ એથી યે ઉંડાણમાં પેલી 'મહા જાપાન' બનવાની મુરાદ કોરીઆની ગુલામીનું સબળ કારણ છે. કોરીઆની અંદર દારૂગોળો અને સેના જમાવી એક દિવસ ચીનનો કબ્જો લેવો છે. પછી એશિયાના બીજા પ્રદેશો પર પાંખો પસારવી છે. સામ્રાજ્ય સ્થાપવું છે અને પાસીફીક મહાસાગરની માલીકી માટે મથવું છે. એટલે કોરીઆને જાપાન રાજીખુશીથી કદી નહિ છોડે.

કોરીઆની પ્રજા ઉપર ખ્રીસ્તી ધર્મની પ્રચંડ અસર લાંબા સમયથી થવા પામી છે. અને એ પંથને પ્રતાપે જ કોરીઆ જાપાનના કારમા સિતમો સહેતાં શીખ્યું છે. ૧૫૯૨માં જ્યારે જાપાની હાકેમ હીડેજોશીની તલવાર કોરીઆની કતલ કરતી હતી, ત્યારે બૌદ્ધપંથના અમુક જાપાની સાધુઓની દગાબાજી પકડાએલી. તે દિવસથી બૌદ્ધ સાધુને શીઉલનગરમાં પગ મૂકવાની મના થઇ, ક્રમે ક્રમે બૌદ્ધ ધર્મનો પ્રકાશ પ્રજાના હૃદયમાંથી બુઝાવા લાગ્યો, લોકો મેલાં દેવદેવીઓની ભયાનક પૂજામાં પડયાં, પ્રજાના આત્મા ઉપર દેવદેવીઓનો ડર તોળાઇ રહ્યો, ત્રાસનું ઘોર વાદળ છવાયું. એ હાલતમાં કોરીઆના કિનારા પર પરદેશી ખ્રીસ્તી પાદરીઓએ પગ મૂકયો. ઇ. સ. ૧૮૦૦ની આસપાસ જ્યારે બહારની પ્રજાઓને માટે હજુ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોરીઆના દ્વાર નહોતાં ખુલ્યાં, ત્યારે પાદરીઓ મોટી આફત વેઠીને દેશમાં ચાહે તે ઇલાજે દાખલ થયા. ધીરે ધીરે ઇસુનો આશા-સંદેશ એ નિરાશ અને ત્રાસિત કોરીઅનોને કાને મીઠો લાગ્યો. પાદરીઓએ એ અજાણી જબાન જલ્દી શીખી લીધી. લોકોને નિત્ય-જીવનના સરળ–સુંદર, સુખકર નિયમો બતાવ્યા; સ્વચ્છતા ને પવિત્રતા શીખવી; સ્ત્રીઓનાં અકારાં અમાનુષી બંધનો ઢીલાં કરાવ્યાં; બચ્ચાં-ઓને માટે નિશાળો ખોલી ને ઇસ્પીતાલો આપી. સુકોમળ હૃદયનાં કોરીઅન નરનારીઓ અજબ ઝડપથી આ નવી દિક્ષામાં દાખલ થવા લાગ્યાં.

એ અસર કેટલી ઉંડી ગઇ? બંદીખાનાંની અંદર ડોકીયું કરીને જોઇ શકાય કે એ પ્રાર્થના, એ પાપની ક્ષમાપના, અને મૃત્યુ પછીના મનોહર જીવનની એ આશાનાં મૂળ કેટલાં ઉંડાં બાઝેલાં હતાં.. સીંગમાનના જેલ–જીવનનું ઇશ્વરી માધુર્ય આપણે જાણ્યું છે.

જાપાની રાજસત્તાએ આવીને ખ્રીસ્તી ધર્મ ઉપર દાંત કચક-ચાવ્યા. એણે જોયું કે પ્રજા બધું જોર એ ઇસુના જીવનઝરણમાંથી મેળવી રહી છે. પોતાની સંસ્કૃતિમાં આ ખ્રીસ્તી પ્રજાને મિલાવી દેતા પહેલાં એ ઝરણ કલુષિત કરવું જ જોઇએ.

પછી તો જે જે જુલમો ખેલાયા છે તે તમામનાં સહેનારાં મોટે ભાગે ખ્રીસ્તી કોરીઅનો જ હતાં. ગોરા ધર્મગુરુઓ પર અન-હદ અત્યાચારો થયા છે. દેવાલયોને આગ લગાડવામાં આવી છે. અપમાનની સીમા નથી રહી.

આ અહિંસકતા, અડગ સહનશીલતા અને સ્વાતંત્ર્યની ઝંખના: એ તમામ શીખવનાર ખ્રીસ્તી ધર્મ છે. એને પ્રતાપે જ આજ કોરી-આની પ્રજા જંપીને બેસી નથી જતી, તેમ શસ્ત્રો ઉઠાવી યે શકતી નથી. મૌન મુખે સહે છે, તે ખ્રીસ્તી હોવાને કારણે સહે છે.

"શું જાપાન આ કોયડાનો ઉકેલ આણી શકશે?" એ સારી દુનિયાનો પ્રશ્ન છે. પ્રશ્નનો પ્રત્યુત્તર એક જ છે કે દિવસોદિવસ ઉકેલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અધરો બની રહ્યો છે. તાત્કાલિક સુધારાની નવાજેશનું નાટક ભજવીને અથવા અર્ધ–સ્વાધીનતાની ઉદાર બક્ષીસ કરીને જાપાન કદાચ કોરીઆના ક્રાંતિ–યુદ્ધને ચીલા પરથી ઉતારી નાખી શકશે, પરં આવો વિચાર કરવામાં જ વ્યર્થ સમય–વ્યય છે, કારણ કે વર્તમાન જાપાન એ લોકશાસન, આંતર્–રાષ્ટ્રીય ઇન્સાફ અને સમાનતાની વાણીમાં વાત જ કરતું નથી. જાપાને આપવા કહેલા સુધારાઓ પણ વિપ્લવની હીલચાલ સાથે નહિ ચાલી શકે.

કદાચ આ બધા સુધારા કોરીઆને બક્ષવામાં આવે, કાનડા ઉપ ઇંગ્લાંડ ધરાવે છે તેથી વિશેષ કશોએ અંકુશ જાપાન કોરીઆ પર ન રાખ, તો પણ કોરીઅનો નહિ સંતોષાય. સંપૂર્ણ છુટાછેડાની સિદ્ધિ સુધી સ્વાતંત્ર્ય–સંગ્રામ વિરમશે નહિ. એનાં બે કારણો છે. એક તો આ નવા યુગની જ ભેટ રૂપે આત્મ–નિર્ણયની ભાવના એનામાં આવી છે, ને બીજું જાપાનના શાસને એ ભાવનાને પોતાના સિતમોની સરાણ પર સજીને કાતિલ બનાવી આપી છે. કારીગીરીમાં પ્રવીણ જાપાન પણ પોતાની તલવારો આટલા દિવસ સુધી રુધિરમાં ખરડ્યા પછી એ તલવારોને ટીપી ટીપી સુંદર ઓજારનું રૂપ આપીને એનો સ્વીકાર થોડો જ કરાવી શકવાનું છે? કોરીઆમાં એના પ્રયત્નો મૃગજળ સમ મિથ્યા છે. બે કરોડ લોકોની એક મહાજાતિનો ધ્વંસ શું જાપાન કરી શકશે? કદાપિ નહિ.

**અમર રહો માતા કોરીઆ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com